
Rs. 5/-

શ્રી સ્વામિનારાયણ

June' 2008



પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો દિવ્ય અલૌકિક સંકલ્પ દ્વારા નિર્માણાધિન
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના સંકુલની તસવીર.

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧. ● Publisher : Shree Swaminarayan Temple, Ahmedabad-1.

૧-૨. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ કાલુપુરમાં સર્વોપરિ શ્રીનરનારાયણદેવ અને બાલસ્વરૂપ ઘનશ્યામમહારાજના ચંદનના વાઘાના અલૌકિક દર્શન.

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ (કાલુપુર) પ્રસાદીના સભા મંડપમાં શ્રીમદ્ સત્સંગિ ભૂષણની કથાનું શ્રવણ કરતા ભક્તગણ.



સંસ્થાપક

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭

ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન

૨૨૧૩૩૮૩૫ (મંદિર)

૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

સ્વામી નારાયણસ્વરૂપદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.

ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.

www.swaminarayan.info

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂ. ૫૦-૦૦

વંશ પરંપરાગત

દેશમાં રૂ. ૫૦૧-૦૦

વિદેશમાં :રૂ. ૫૦૦૦-૦૦

છુટક નકલ રૂ. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - 2 અંક : 14 જૂન -2008

અનુક્રમણિકા

૧	અસ્મદીયમ્	૦૨
૨	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૦૩
૩	હે યુવાનો !!	૦૪
૪	આનંદની હેલી :- મૂર્તિ દેખાય છે ?	૦૫
૫	શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દિવ્ય પરિસરમાં યોજાયેલ શ્રી મહાવિષ્ણુયાગ	૦૬
૬	મોહ ની માયાજાળ	૦૮
૭	સરળ વર્તે ઘણું સારું	૦૯
૮	વચનામૃતમાં ભક્ત અને શ્રેષ્ઠતમ ભક્તિ	૧૧
૯	સત્સંગમાં સમજણ	૧૩
૧૦	શ્રીજી મહારાજની સર્વોપરિ ઉપાસનાના બળે પરમ પદને પમાય છે	૧૫
૧૧	શ્રીહરિના ૬ઠ્ઠા, ૭માં અને ૮માં વંશજના મુખેથી	૧૬
૧૨	યજ્ઞની અકળામણ	૧૭
૧૩	સત્સંગ બાલવાટિકા	૧૮
૧૪	ભક્તિ સુધા	૨૧
૧૫	પ્રશ્નપેટી	૨૩
૧૬	સત્સંગ સમાચાર	૨૪


: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :

મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે

શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

અસ્મદીયમ્



તંત્રીશ્રીની કલમે....

ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે આ લોકને વિષે મનુષ્યાવતાર ધારણ કરીને પધારે છે ત્યારે ભગવાન તો મનુષ્ય જે પોતાના ભક્ત હોય તેની જ સેવાને અંગીકાર કરે છે. અને તે પોતાના ભક્તના ગાર, માટી કે પાણાના જે ઘર તેને વિષે બિરાજમાન રહે છે. અને તે ભક્ત ધૂપ, દીપ, અન્ન, વસ્ત્રાદિક જે જે અર્પણ કરે છે તેને ભગવાન પ્રીતિએ કરીને અંગીકાર કરે છે તે એ મનુષ્ય સેવક છે તેને દિવ્યરુપ પાર્ષદ ભેળા ભેળવવા વાસ્તે કરે છે. અને જે ભક્તજન જે જે વસ્તુ ભગવાનને અર્પણ કરે છે તે તે વસ્તુ ભગવાનના ધામને વિષે દિવ્યરૂપ થાય છે. અને એ ભક્ત દિવ્યરૂપ થઈને તેને પામે છે.

ભગવાને મનુષ્ય દેહ ધારણ કરીને દેશોદેશ, ગામોગામ વિચરણ કરતા ત્યારે ભક્તોએ જે જે વસ્તુઓ ભેટ આપી અથવા પ્રીતિએ કરીને શ્રીહરિએ માગીને લીધી અને રહેવા જમવા વિચરણમાં ધારણ કરવામાં જે જે વસ્તુ મહારાજના ઉપયોગમાં આવીને સંબંધ થયો તે તે પદારથ, વસ્ત્ર, પથ્થર, કાષ્ટ, ધાતુઓ, ઘરેણા, વાસણો અને પુસ્તકોના રૂપમાં આવ્યા તે દિવ્ય બની ગયા. તથા પરમાત્માએ પ્રસન્ન થઈને ચરણારવિંદ, મૂર્તિઓ આપી તે તે અતિ દિવ્યરૂપ બની. જેવું ભગવાનના સ્વરૂપનું ઐશ્વર્ય તેવું જ સંબંધમાં આવેલ પ્રસાદીની વસ્તુઓનું સામર્થ્ય આપ્યું. જે જે સંતો મહારાજથી અળગા થઈ ગામડે સત્સંગ કરવા તૈયાર ન થતા તેવા સંતોને મહારાજ પોતાની પ્રસાદીની વસ્તુ આપીને સત્સંગ કરવા મોકલતા ત્યારે તે વસ્તુનાં દર્શન-સ્પર્શ કરીને મહારાજના પ્રગટનો આનંદ મેળવતા.

શ્રીહરિના ૨૮ વર્ષના વિચરણમાં અસંખ્ય વસ્તુઓ સંબંધમાં આવી. તે પૈકીની કેટલીક ધર્મકુળની પરંપરામાં પૂજામાં રહી. કેટલીક મહા મંદિરોમાં રાખવામાં આવી. કેટલીક સંતોને વારસામાં પૂજામાં આવી અને કેટલીક હરિભક્તોના ઘેર રહી.

સમય જતાં ભૌતિકવાદના અતિક્રમણથી દિવ્ય વસ્તુઓની મર્યાદાનો લોપ થતો જોવા મળ્યો ત્યારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવ ગાદીના છઠ્ઠા આચાર્ય પદે ૩૫ વર્ષના સત્સંગના વિચરણમાં સંપ્રદાયમાં પ્રસાદીની વસ્તુઓની વર્તમાન પરિસ્થિતિના પ્રત્યક્ષ સાક્ષી તરીકે ૨૦૦૪ માં ગાદીપતિ પદે નિવૃતિ લઈને સંપ્રદાયનું અણમોલ, અજોડ, અદ્વિતીય મહારાજની પ્રસાદીની વસ્તુઓ પદારથની જાળવણી-સાચવણી સુરક્ષા પવિત્રતા માટે અમદાવાદના નારણપુરા વિસ્તારમાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણનો સ્વહસ્તે પ્રારંભ કર્યો છે. સુંદર રમણીય અને વિશાળ ૬ એકર જમીનમાં દોઢ લાખ ચોરસ ફૂટ જગ્યામાં સંપ્રદાયની અમૂલ્ય પ્રસાદીની વસ્તુઓને પધરાવવામાં આવશે. જેમાં ધર્મકુળની પરંપરામાં સચવાયેલી અમૂલ્ય પ્રસાદીની વસ્તુઓ, મહામંદિરોની તથા સંતો પાસેથી અને સ્વેચ્છિક રીતે આપેલી હરિભક્તો પાસેથી આવેલ પ્રસાદીના દર્શન કરાવવામાં આવશે. જેમાં આધુનિક રીતે જે તે વસ્તુઓની જાળવણી કરવામાં આવશે. આ ભગીરથ કાર્ય બિલ્ડીંગનું કામહાલમાં પૂર્ણ થવા આવ્યું છે. આ મહાન ભગીરથ કાર્યમાં સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાનની પ્રસાદીની વસ્તુની જાળવણીની સેવા કરીએ એટલે સ્વામિનારાયણ ભગવાન મનુષ્યરૂપે હતા ત્યારે જે સેવાનો લ્હાવો મળ્યો તેવી સેવાનો લ્હાવો સેવા આપનાર દાતાઓને મળ્યો છે એમમાનવું. તો અપેક્ષા સહિત પ્રતિક્ષા કરીએ. આપ સૌના તન, મન, ધનના સહયોગથી દિવ્ય પ્રસાદીની સેવા કરીને દિવ્ય થઈએ.

તંત્રી શ્રી (મહંત સ્વામી)

સાધુ નારાયણસ્વરૂપદાસના જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે - ૨૦૦૮)

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર અરોડા (ઘનશ્યામપુરા) (ઈડરદેશ) રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.
૨. શ્રી સ્વામિનારાયણ મંદિર મેઘાણીનગર પારાયણ પ્રસંગે પધરામણી.
૩. શ્રી સ્વામિનારાયણ મંદિર બાલવા પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
૪-૫-૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ગોડપર (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૭. શ્રી સ્વામિનારાયણ મંદિર વજાપર (જી. મહેસાણા) પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૯. પ.ભ. અશોકભાઈ બાબુભાઈ પંચાલને ત્યાં પધરામણી બાપુનગર-એપ્રોચ.
૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. ભરતભાઈ કાનજીભાઈ મુલાણીને ત્યાં પધરામણી, જીવરાજપાર્ક..
૧૧. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આયોજીત શ્રી મહાવિષ્ણુયાગની પૂર્ણાહુતિ પ્રસંગે પધાર્યા નારણપુરા.
શ્રી સ્વામિનારાયણ મંદિર બીલીયા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. મુકુંદભાઈ શંભુભાઈ પટેલ આયોજીત સપ્તાહ પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી, એપ્રોચ-બાપુનગર.
૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ (કાલુપુર)માં પારાયણની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે કરી.
૧૩-૧૪-૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર નેત્રા (કચ્છ) કથા પારાયણ પ્રસંગે પધરામણી.
૧૫-૧૬. જીરાગઢ (હાલાર-મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે અને જોડીયા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી.
૧૭. મોટી માલવણ (તા. ધ્રાંગધ્રા મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
પ.ભ. ભીખુભાઈ શકરચંદ પ્રજાપતિને ત્યાં ભજન સંધ્યા પ્રસંગે પધરામણી, સાબરમતી.
૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ઊંઝા પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.
૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી પારાયણ પ્રસંગે પધરામણી.
૨૧. પ.ભ. અશોકભાઈ છોટાલાલ ભાવસારને ત્યાં પધરામણી.
૨૨-૨૩. નારાયણપર (કચ્છ) પારાયણ પ્રસંગે પધરામણી.
૨૪. પ.ભ. સોમાભાઈ મગનદાસ પટેલને ત્યાં સત્સંગ સભા પ્રસંગે પધરામણી શાહીબાગ.
૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૬. ધૂળકોટ (હાલાર-મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૨૭. વિરાટનગર શ્રી સ્વામિનારાયણ મંદિર પધરામણી.
પ.ભ. પ્રકાશકુમાર બાબુલાલ સુખડીયાને ત્યાં પધરામણી, નિકોલ-નરોડા રોડ.
પ.ભ. ધીરૂભાઈ વલ્લભભાઈ સુખડીયાને ત્યાં પધરામણી, નિકોલ-નરોડા રોડ.
પ.ભ. વિનુભાઈ બાલચંદભાઈ ડોલરીયાને ત્યાં પધરામણી.
૨૮. વરસાણી ગામે (મૂળીદેશ) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.



પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(મે - ૨૦૦૮)

૪-૫. શ્રી સ્વામિનારાયણ મંદિર ગોડપર (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
સાંજે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નારણપુરા શ્રી મહાવિષ્ણુયાગની પૂર્ણાહુતિ પ્રસંગે પધાર્યા.
૧૩-૧૪. નેત્રા (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર કથા-પારાયણ પ્રસંગે પધરામણી.



હે યુવાનો !!

(ગતાંકથી ચાલું) - કોઠારી સ્વામી રામાનુજ્દાસજી

આપણે આગળના અંકમાં વાંચ્યા પ્રમાણે નદીના વહેણમાં જો પુર આવે તો ગામડા-નગરો તણાઈ જાય. પરંતુ તે પુરના પાણીને બંધ બાંધી યોગ્ય દિશામાં વાળીએ તો જગતમાં પ્રકાશના પૂંજ ફેલાય, હરિયાળી ક્રાંતિ થાય. તેજ રીતે યુવા શક્તિને પણ સત્યમાર્ગે વાળીએ તો લક્ષાધિ મનુષ્યોને મોક્ષના માર્ગે વાળી શકાય. તે માટે યુવાનોએ નિરાશ-નિષ્ક્રિયતા અને આળસ પ્રમાદને જીવનમાંથી ખંખેરી નાખીને સત્સંગની સેવા માટે કટિબદ્ધ બનવાની ખાસ જરૂર છે.

વર્તમાન સમયમાં કપરા દેશકાળને કારણે સત્સંગમાંથી યુવાનોના સંસ્કારોનું ખૂબ ધોવાણ થઈ રહ્યું છે. આજનો યુવાન વ્યક્તિ સ્વાતંત્ર્યના નામે આજે શિક્ષિત અને સંસ્કારી તરીકે પોતાને ઓળખાવતા વર્ગમાં કેફી એટલે કે માદક પીણાનું વ્યસન ખૂબજ ચિંતાજનક પ્રમાણમાં વધી રહ્યું છે. અફીણ, ગાંજો, ચરસ, કોકેન, મોરફિયા, એલ.એસ.જી પેથેડ્રીન, તમાકું, ગુટખા, દારૂ, ધુમ્રપાન જેવા વ્યસનોના વમળમા અટવાઈને વ્યસની બન્યા છે. અરે ! આજના સમાજમાં નવી નવી વ્યસનની રીત જેવી કે હુક્કા પીવાની અંદર ફસાઈ પોતાની યુવા શક્તિને બરબાદ કરી રહ્યાં છે. જેના કારણે તેમના જીવનમાંથી તન, મન, ધન, ચૂસાઈ રહ્યાં છે. આમાંથી છુટીને જીવનમાં આલોક અને પરલોકમાં સુખી થવા માટે યુવાનોએ ભગવાન સ્વામિનારાયણના મૂળ સિદ્ધાંતને સમર્પિત થઈ એકાંતિક સંતો, ભક્તો પાસેથી વ્યવસાય નીતિ, વ્યવહાર શુદ્ધિ, ભગવાનની ભક્તિ અને વ્યસનમાંથી મુક્તિ મેળવવી પડશે અને તોજ આપણા સમાજમાં અને સત્સંગમાં વિકાસ સાધી શકાશે. યુવા મિત્રો હંમેશા જીવનમાં અનુકુળતા અને પ્રતિકુળતા આવે જ છે. અને જેનાથી જ જીવન બને છે. યુવાની જીવનનો પાયો છે. જેટલો પાયો મજબુત હોય એટલી જ જીવન રૂપી શુભ હવેલી મજબુત બનશે. સાથે સાથે વ્યવહાર શુદ્ધિનું પણ એટલું જ મહત્વ છે.

સત્સંગમાં આવતા યુવાનોએ જગત સંબંધી વિષયમાં ગુમરાહ થયેલા યુવાનોને જાગૃત કરવા, સત્સંગ શિબિરો, મંડળો બનાવી ક્રાંતિકારી પગલું ઉઠાવવું પડશે. જેના માટે આપણે વિવેકાનંદ સ્વામી જેવા સત્તપુરુષોના જીવનને લક્ષમાં રાખી આગળ વધી સમાજ, રાષ્ટ્ર અને સત્સંગની સેવા કરવાનીછે.

સત્સંગમાં ભવિષ્ય માટે લેવાનારા નિર્ણયોની સૌથી વધુ અસર પછી જે સારી અસર પણ હોય અને ખરાબ પણ હોય તે આજે સત્સંગમાં આવતા યુવાનોએજ ભોગવવી પડશે. તો યુવાનોએ શા માટે કાર્યશીલ ન બનવું ? યુવા મિત્રો આજનો આપણો સત્સંગ સમાજ પ્રગતિ માટે થનગની રહ્યો છે. પરંતુ તે સત્સંગમાં વિકાશશીલતા ત્યારે જ આવે જ્યારે યુવક મંડળો અને મંદિરમાં આવીને દર્શનાર્થે આવતા તમામ યુવાનો જ્યારે તમામ ક્ષેત્રે એટલે કે ધર્મ, નિયમ, આજ્ઞા, ઉપાસના, જ્ઞાન વૈરાગ્ય, ભક્તિ, સંત મહિમા, આચાર્ય, દેવ વગેરે છ અંગનો મહિમા વિગેરે માર્ગમાં આગળ આવશે. આજે ઘણા યુવાનોએ આ રીતે આગળ વધીને સત્સંગ વિકાસમાં ખૂબજ સફળતા મેળવી છે. જેમ આપણો ભારત દેશ આજે દુનિયાના અર્થકારણમાં મહત્વનું સ્થાન ધરાવે છે તે સ્થાન અપાવનારા આઈ.ટી. ક્ષેત્રે જો યુવાનોનો ફાળો ન હોત તો મહાસત્તાનો દરજ્જો મેળવી શક્યુ ન હોત. માટે દરેક યુવાનો પોતાની જાતને જરૂરથી પૂછે કે સત્સંગમાં બસો વર્ષમાં આચાર્ય મહારાજશ્રી અને સંતોએ, સત્સંગી વડીલોએ તમારા માટે શું કર્યું છે. પણ સાથે સાથે એટલું પણ પૂછજો કે તમે તમારા સત્સંગ સંપ્રદાય વિકાસ માટે મોક્ષ મેળવવા માટે શું પ્રયત્ન કર્યા, શું શું કર્યુછે ?

તો સત્સંગમાં પ્રગતિ કરવી હોય તો જીવનમાં પરિવર્તન અને પરિવર્તન માટે વિકાસ અને વિકાસ માટે પ્રયત્ન અને પ્રયત્ન સત્સંગમાં આવતા શિક્ષિત અને નિયમધારી યુવાનો જ કરી શકે. માટે બધાએ સહકારની ભાવનાથી ભેગા મળી વિચારોની આપલે કરવી જોઈએ.

આપણને સર્વોપરિ ભગવાને સ્થાપેલ દેવ, મંદિર, આચાર્ય, શાસ્ત્ર, સંત, સત્સંગી મળ્યા છે છતાં પણ બીજા માણસો આપણા ભોળપણાનો લાભ લઈ આપણો ઉપયોગ કરનારા થયા છે. માટે જ મંથનની ખાસ જરૂર છે. તેના માટે યુવા શક્તિ જરૂરથી શાસ્ત્ર વાંચન, સંત સમાગમમાં ભાગ લઈ કાર્યશીલ બની સત્સંગના હિત માટે પ્રયત્નો કરી યુવક મંડળોની મહિને-મહિને ત્રણ ત્રણ મહિને તાલુકાવાર જીલ્લાવાર કે દેશવાર મિટિંગો કરી મંડળોની રચના કરી, સંતોનું યોગ્ય માર્ગદર્શન મેળવી જાહેર આમંત્રણ આપીને સત્સંગ સભા ગોઠવવી પડશે. આવા મંડળોના પ્રયત્નો ખાલી કાગળ ઉપર જ ન રહેતા અમલમાં આવવાજ જોઈશે.

(ક્રમશઃ)



આનંદની હેલી

મૂર્તિ દેખાય છે ?

- શાસ્ત્રી હરિજીવનદાસ

એક દિવસ પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણ ભગવાન મસ્તક ઉપર વસ્ત્રા ઓઢીને માનસીપૂજા કરતાહતા. શાંત સુંદર વાતાવરણ હતું. આજુબાજુમાં કોઈ હતું નહિ. ત્યાં બ્રહ્માનંદ સ્વામી આવી ચડ્યા. સ્વામી બોલ્યા, "મહારાજ ! આપ ધ્યાન કરો છો ત્યારે તમને ભગવાનની મૂર્તિ દેખાય છે ? અમને તો ધ્યાનમાં મૂર્તિ નથી દેખાતી. તમને દેખાય છે મૂર્તિ, બોલોને પ્રભુ!"

શ્રીહરિએ વિચાર કર્યો કે આ બ્રહ્માનંદ અમને ધ્યાન ધરવા નહિ દે. એટલે મસ્તકે ઓઢેલું વસ્ત્ર દૂર કર્યું. જાણે પૂજારી પડદો ખસેડે ને રમણીય સ્વરૂપના દર્શન થાય. વાહ, પ્રભુ વાહ ! બ્રહ્માનંદ સ્વામી બોલી ઉઠ્યા. હવે અમને તો ભગવાનની મૂર્તિ દેખાઈ ! પડદા દૂર થયા. ચાલો, આ દર્શનીય મૂર્તિના દર્શન કરવા પધારો. આ અમૂલ્ય લાભ પછી નહિ મળે. આ રીતે રમૂજ કરતા શ્રીહરિને હસાવતા સ્વયં હસતા હતા.

પ્રેત કોણ ?

"અરેરે તમે તો સાવ નિર્બળ છો ! આટલું અમને ઉપાડી શકતા નથી ! એક તો અમે તેર દિવસથી અનાજ ખાધું નથી. એટલે અમારામાં વજન કેટલું હોય !"

વરજાંગ જાળિયામાં શ્રીહરિએ મંદવાડ ગ્રહણ કર્યો. એ પછી સાજા થઈને પ્રભુ ગઢડા પધારતા હતા. ભક્તજનો પ્રભુને ડોળીમાં ઉપાડીને ચાલ્યા. અને મહારાજે પોતાના શરીરમાં ખૂબ ભાર જણાવ્યો. ભક્તજનોએ ડોળી નીચે મૂકી એટલે મહારાજે ઉપરના શબ્દો કહ્યા. પછી ડોળી ઉપાડનારાઓને થાક ઉતારવા ગોળ ખવડાવ્યો.

શ્રીહરિએ ભગુજીને કહ્યું જા, ગઢડાથી ગાડી લઈ આવ. સાઈઠ ગાઉ ચાલતા ભગુજી ગઢડાથી ગાડી લાવ્યા. સાથે સોમલાખાચર વગેરે પાર્ષદો આવેલા. ગાડીમાં બેસીને શ્રીજી મહારાજ કારીયાણી ગામે પધાર્યા. દરબારગઢમાં થાળ જમ્યા. સૌને જમવાની આજ્ઞા આપી, સૌ જમી રહ્યા.

"બધા બરાબર જમ્યાને ?" મહારાજે પૂછ્યું. ભક્તો બોલ્યા, બીજા બધા તો જમ્યા, પણ આ ભગુજીને જેહાજી બે જણ જમવામાં હજુ બાકી છે. જવાબ સાંભળીને મહારાજે થોડી રમૂજ કરી. આ બે જણ જમવામાં બાકી છે તો જમ્યું છે જ કોણ ? એ બે જણ તો પ્રેત છે. એમના માટે ઘંટીઓ મંડાવો. અર્થાત્ હજુ બીજો લોટ દળાવો. હજુ બીજા રોટલા ઘડાવો. દાળના કૂંડા ભરાવો ત્યારે એ બે જણને પુરું થશે. એમને થોડું તો પુરું નહિ થાય. એમ કહીને મહારાજે બે જણ સામે જોઈને કહ્યું, "હે પ્રેતો થોડું, જમજો." એ રીતે રમૂજ કરતા શ્રીજી મહારાજ હસતા હતા.

નિશ્ચય વિનાનો ભક્ત હોય તો પ્રભુની આવી વાણી સાંભળી કંઠી તૂટી જાય !

અલભ્ય સેવાનો અવસર

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની પૂર્ણ કૃપાથી તથા પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ, આચાર્ય મહારાજશ્રી તથા પૂજ્ય પાદ મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

સર્વ સત્સંગ સમાજને જણાવવાનું કે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે પસંદ કરેલ ભૂમિઉપર જ નિર્માણ થયેલ મંદિરમાં સૌ પ્રથમ બાથમાં લઈને પધરાવેલ પરમકૃપાળુ ભગવાન શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ સ્થાપન કરી ને પોતાના હાથે મોક્ષનું પ્રથમ પ્રધાન કેન્દ્ર સ્થાપ્યું.

ભગવાન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે સ.ગુ. આનંદાનંદ સ્વામીએ ત્રણ શિખરનું બેઠા ઘાટનું ભવ્ય સુંદર મંદિર નિર્માણ કરેલ છે. આ મંદિરને આજે ૧૮૫ વર્ષ પુરા થયા જેથી તેમાં સમય સંજોગો અનુસાર જીર્ણોધ્ધાર કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે. જેમાં સંપૂર્ણ મંદિરના ફલોરીંગમાં મારબલ લગાવવાની યોજના છે તથા મંદિરની આગળના ભાગમાં ઘુંમટીઓના ગાળા તથા મંદિર ફરતી પ્લીંથને પણ બંસી પહાડપુર પથ્થરમાં નવીનતાથી મજબુત અને શિલ્પ-શાસ્ત્ર પ્રમાણે સોમપુરાના માર્ગદર્શન મુજબ જીર્ણોધ્ધાર કામશરૂ કરેલ છે. તો આ મહાન પ્રસાદીભુત મંદિરના જીર્ણોધ્ધાર કામમાં આ અલભ્ય સેવાનો લાભ જીવનમાં એકવારજ મળશે. રખે સેવા ના ચૂકાય, તો દરેક હરિભક્તોને અવશ્ય આ કાર્યમાં સહકાર આપવા નમ્ર અપીલ છે.

જેની રકમશ્રી નરનારાયણદેવ કોઠાર, કાલુપુર મંદિરમાં જમા કરાવીને પાકી પાવતી મેળવી લેવી. વિશેષ માહિતી માટે રૂબરૂ મળવું. અથવા ફોનથી સંપર્ક કરવો.

લી. મહંત સ્વામીના જયશ્રી સ્વામિનારાયણ....



શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દિવ્ય પરિસરમાં યોજાયેલ શ્રી મહાવિષ્ણુયાગ

સમગ્ર વિશ્વમાં તો શું પણ સમગ્ર બ્રહ્માંડમાં પણ જે દુર્લભ છે તે સર્વોપરિ ઈષ્ટદેવ પરમકૃપાળુ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી પર જ્યાં જ્યાં વિચરણ કર્યું. અદ્‌ભુત લીલા કરી ત્યારે સ્વયં જે ઉપયોગમાં લીધેલા વસ્ત્રો, રજાઈઓ, વાસણો, અતિ રાજી થઈને પાડી આપેલા અલૌકિક ચરણારવિંદ, મૂર્તિઓ, દાતણની ચીરો, વન વિચરણમાં ઉપયોગ કરેલ અદ્‌ભુત અનેક વસ્તુઓ અને સ્વયં પોતાના શુભ હસ્તાક્ષરનો એકમાત્ર સંપ્રદાયમાં પત્ર હોય તો તે પૂ. મોટા મહારાજશ્રીના સંગ્રહાલયમાં છે. આ તમામ દિવ્ય વસ્તુઓનું એક મહાન-અદ્‌ભુત અલૌકિક અને દુનિયાની દ્રષ્ટિએ એક અજાયબી સમાન, આપણા સૌનું પણ સંકલ્પ અને નિર્માણ શ્રીહરિના ફક્કા વંશજ અને સાક્ષાત્ અપર સ્વરૂપ પ.પૂ. મોટા મહારાજશ્રી કરી રહ્યાં છે. આવા મહા અલૌકિક નિર્માણાધિન શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં તા. ૯, ૧૦ અને ૧૧ મે ૨૦૦૮ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ ભગવાન જેમ યજ્ઞ ખૂબ કરાવતા અને બ્રાહ્મણોને દાન-પુણ્ય કરી અતિ રાજી કરતા. તેજ રીતે આપણા પ.પૂ. મોટા મહારાજશ્રીને પણ એવો સંકલ્પ થયો. સર્વાવતારી શ્રીહરિના સ્વયં હસ્તાક્ષરનો સંપ્રદાયમાં એકમાત્ર પત્ર જે બ્રિટિશ ગર્વનરે નોટરાઈઝ કરેલ છે તે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં જે જગ્યાએ પધરાવવાનો છે તેની દિવ્યતા-પવિત્રતા જાળવવા આ મહાવિષ્ણુયાગનું સુંદર આયોજન શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ભવ્ય પરિસરમાં સંપન્ન થયું.

તા. ૯-૫-૦૮ના શુભ મંગળ દિને શ્રી મહાવિષ્ણુયાગનો શુભારંભ થયો. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને અનેક સંતો-મહંતો અને હજારો હરિભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં. ૩૧ જેટલા પ્રકાંડ પંડિતોના વેદના મહામંત્રોના મંગલ ધ્વનિ સાથે પ.પૂ. મોટા મહારાજશ્રી સ્વયં સૌ પ્રથમવાર એકલા જ યજ્ઞમાં બિરાજ્યાં. (પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અમેરિકા પધાર્યા હોવાથી) ખરેખર આવા મહાયજ્ઞ અને એમાંય શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ભવ્ય પરિસરમાં આવો મહા અલૌકિક લાભ કોણ જતો કરે. પ.પૂ. મોટા મહારાજશ્રીએ આ પ્રસંગ બહુ જાહેર ન કરવા ખાસ આજ્ઞા કરી હતી. પણ સંતો હરિભક્તોને જેમ જેમ સમાચાર મળતા ગયા તેમ તેમ દર્શનાર્થીઓની ભીડ કલ્પી ન શકાય તેટલી થવા લાગી. સતત ત્રણ દિવસ સુધી અવિરત ચાલેલા આ મહાવિષ્ણુયાગમાં હજારોની સંખ્યામાં હરિભક્તોએ પ્રદિક્ષણા ફરીને મહા અલૌકિક લાભ લીધો. અહીં ફક્ત મહાવિષ્ણુયાગના દર્શન સિવાય બીજું કોઈ આયોજન ન હતું. છતાંય દરેક ભક્તોને આશ્રિતોને પોતાના જીવનમાં આવો લાભ જતો કરવો પોષાય તેમન હતો. સવારે ૯-૦૦ થી ૧-૦૦ અને સાંજે ૩-૦૦ થી ૬-૦૦ સુધી અવિરત ચાલતા મહાયજ્ઞનો જયઘોષ ચારે દિશામાં પ્રસરી ગયો. આવી અસહ્ય ગરમીમાં પ.પૂ. મોટા મહારાજશ્રી યજ્ઞમાં બિરાજીને રાત્રીના કીર્તન ભક્તિ કાર્યક્રમમાં સમયસર પધારતા ત્યારે ઉપસ્થિત હરિભક્તો અને ધર્મપ્રેમી જનોને ખરેખર આપણા પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શન કરતા સાક્ષાત્ શ્રીજી મહારાજના જ દર્શન કરતા હોય તેવી પ્રતિતી થતી હતી. ખૂબજ પ્રસન્ન મુદ્રામાં હિંચકા ઉપર બિરાજમાન આવા આપણા મહારાજશ્રીનો જોટો દુનિયામાં તો શું પણ કોઈ બ્રહ્માંડમાં કે કોઈ લોકમાં નહીં મળે. કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સતત પોતાને પ્રિય એવા નંદ સંતોના ક્લાસિકલ રાગમાં ગવાતા કીર્તનોનો આસ્વાદ માણતા અને કલાકારોને પોરસ ચડે તે માટે પોતાના પ્રિય કીર્તનો ગાવા માટે આજ્ઞા કરતા. રાત્રીના કાર્યક્રમમાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું ગ્રાઉન્ડ નાનું પડતું હતું. તેટલા ભાવિકો સતત બન્ને દિવસ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં. તા. ૧૦-૫-૦૮ ના રાત્રીના કીર્તન ભક્તિ કાર્યક્રમમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી બહાર ગામના કાર્યક્રમોમાં ખૂબજ વ્યસ્થ અને થાકેલા હોવા છતાં સુંદર શ્વેત વસ્ત્રો ધારણ કરીને પધાર્યા ત્યારે સંત-હરિભક્તોમાં આનંદ સમાતો નહતો.

તા. ૧૧-૫-૦૮ રવિવાર ના શુભ દિવસે શ્રી મહાવિષ્ણુયાગની પૂર્ણાહુતિ સાંજે ૬-૦૦ કલાકે થઈ ત્યારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી પણ પધાર્યા અને પૂર્ણાહુતિનું શ્રીફળ

અને આરતી શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપોના વરદ્ હસ્તે સંપન્ન થઈ ત્યારે શ્રી નરનારાયણદેવના હજારો આશ્રિતોએ જીવનમાં ક્યારેય ન કર્યા હોય તેવા અદ્‌ભુત, અલૌકિક દર્શન કરીને જીવનને સુફળ કર્યું. ૩૧ ઉપરાંત પંડિતોને પ.પૂ. મોટા મહારાજશ્રી તરફથી દાન-પુણ્ય કરવામાં આવ્યું. પંડિતો પણ પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા કે અમને અમારા જીવનમાં સાક્ષાત્ શ્રીહરિના અપર સ્વરૂપ સાથે 'યજ્ઞ'નો મહા દિવ્ય લાભ મળ્યો તે તો અમારા અહો ભાગ્ય કહેવાય. અહીંયા દર્શને આવતા હજારો હરિભક્તોએ પોતાના કલ્યાણ વાસ્તે જે કાંઈ દાન પુણ્ય કર્યું તે તમામ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં એક પણ પાઈ નો ઉપયોગ નહીં કરવાની શરતે પ.પૂ. મોટા મહારાજશ્રીની ખાસ ભલામણ અને આજ્ઞા હતી. જેથી તમામ રકમ આપણા મંદિરની ગૌ-શાળાની ગાયોના ઘાસચારા માટે અર્પણ કરવામાં આવી.

આ મહાવિષ્ણુયાગના સતત ત્રણ દિવસ જેણે જેણે દર્શન કર્યા તેમને ૨૦૦ વર્ષ પૂર્વેના ઈતિહાસની ઝાંખી નહીં પણ પ્રત્યક્ષ શ્રીજી મહારાજ યજ્ઞમાં વિરાજેલા દર્શનની પ્રતિતી-સાક્ષાત્કાર થયો. સર્વોપરિ શ્રી નરનારાયણદેવ દેશના હરિભક્તોએ તો આવા અલૌકિક દર્શનનો મહા લાભ લઈ ને કલ્યાણ અને મોક્ષનું ભાથું તૈયાર કરી લીધુ એટલે તેમને કાંઈ કરવાનું રહેતું નથી. તા. ૧૨-૫-૨૦૦૮ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી તરફથી અમદાવાદ મંદિરમાં ઠાકોરજીને થાળ અને સંતવર્ણી પાર્ષદોને રસોઈ આપવામાં આવી હતી. સ્વયં સંતોને પીરસીને શ્રીજી મહારાજની જેમ હસતા હસતા સંતોને જમાડીને તૃપ્ત કરીને દક્ષિણા પણ આપી.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં શ્રી મહાવિષ્ણુયાગ દરમ્યાન સતત ત્રણે દિવસ બન્ને સમય બહેનોને દર્શન-આશીર્વાદના સુખ માટે અને યજ્ઞના દર્શન કરવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અને પ.પૂ. શ્રીરાજા ખાસ પધાર્યા હતા.

પ.પૂ. મોટા બહેનશ્રી, પૂ. શ્રી રતનબાબુ અને બનારસથી પૂ. મામાશ્રી પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર પ્રસંગમાં અમદાવાદ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને ગામોગામથી આવેલા અનેક હરિભક્તોએ આ મહાયજ્ઞમાં યેનકેન પ્રકારે સેવા કરીને શ્રીહરિના અપર સ્વરૂપનો ખૂબજ રાજીપો અને પ્રસન્નતા પામ્યા છે.

(સંદિપભાઈ ચોકસી)

પૂ. આચાર્ય મહારાજશ્રીને ન ઓળખ્યા તો ઓળખ્યું 'શું ?'

આવ્યો ઉત્સવ ગુરુ પૂનમનો,
તો અન્ય ઉત્સવ ઉજવવા શું ?
અધિકાર છે આચાર્ય પૂજનનો,
તો અન્ય દેવોને રીઝવવાં શું ?
આવ્યા દ્વારે નર-નારાયણના તો,
જગમાં આવવું - જવું શું ?
અચ્છા સ્નેહી આચાર્યશ્રી મળ્યા તો,
અન્યને વળી નિભાવવા શું ?
આચાર્યશ્રી એક એક જ છે આપણા,
અન્ય આગળ શીશ ઝુકાવવું શું ?
ગુરુ જ્ઞાન અનેરું ઉડાન કરાવે,
તો બુદ્ધિના ઘોડા દોડાવવા શું ?
અવતારના અવતારીને ઓળખાવે છે,
તો બીજે દોડા કરવા શું ?
સ્વરૂપ જ્ઞાન આપી રહ્યા છે આચાર્યશ્રી,
તો વિષય-વિકારોથી લેવું શું ?
મન-મંદિરમાં સાક્ષાત્ શ્રીહરિ મળ્યા,
તો ચાર - ધામની યાત્રા શું ?
ગુરુનો મંત્ર મળ્યો મહામૂલો,
તો કહેવું શું ને સાંભળવું શું ?
બિંદુ બન્યો સિંધુ સત્સંગમાં,
તો પીવું શું ને પિવડાવવું શું ?
નરનારાયણ નામ નશો ઊતરે નહિ,
હવે તીર્થધામમાં વળી જવું શું ?
નરનારાયણ નામનો પાઠ શીખ્યા,
હવે ભણવું શું ને ભણાવવું શું ?
સત્સંગનું સામ્રાજ્ય મળ્યું,
તો આપત્તિઓમાં અટવાવું શું ?
ભલે પથ્થર, કાંટા મળે માર્ગમાં,
તોયે સત્સંગથી હટવાનું શું ?
હરિના માર્ગે ચાલી નીકળ્યા તો,
હવે પાછીપાની કરવાની શું ?
મળ્યો અણમોલ માનવ-દેહ,
તો તડપી તડપીને મરવાનું શું ?
શ્રીજીએ સ્વહસ્તે સ્થાપ્યા નરનારાયણદેવને,
ન ઓળખ્યા તો ઓળખ્યું શું ?

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)



મોહ ની માયાજાળ

- સાધુ ધર્મકિશોરદાસ ગુરુ સ્વામી નારાયણસ્વરૂપદાસજી

શ્રીજી મહારાજે ગઢડા અંત્યનાં ૧૮ માં વચનામૃતમાં ભરતજી નું આખ્યાન ચમત્કારી છે. એમ કહીને કહ્યું કે "અનંત પ્રકારના પાપ છે. તેમાં ભગવાનના ભક્તને પ્રભુ વિના વિષય પદાર્થમાં હેત કરવું એ મોટામાં મોટું પાપ છે."

"મહાત્મા ભરતજીની વાત સારાએ (સમસ્ત) ત્યાગાશ્રમને લાલબત્તી ધરીને સાવધાન કરે છે."

ભરતજી મૃગલીની માયામાં ધીરે ધીરે લપટાવાં માંડ્યા. મૃગલાનાં લાડે એમને એવા તે લોભાવી દીધા કે ધીરે ધીરે પ્રભુનાં સ્મરણમાં ઓટ આવવા લાગી. રોજ સો માળા ફેરવવાનો નિયમ નાશ થવા લાગ્યો. પછી તો રોજની પચાસ માળાનો ક્રમ પણ ઘટતા ઘટતાં દશને છેલ્લે પાંચને આંકડે આવી અટકી પડ્યો ને થોડા દિવસ બાદ માળા અને ગૌમુખી પણ હાથમાંથી છૂટી ગયા. મૃગલાએ એમનાં હૈયામાં પુત્રનું સ્થાન મેળવી લીધું. પછી તો દિવસ-રાત એમને મન મોહનને બદલે મૃગલાનું ચિંતવન થવા લાગ્યું. જે મુખે તે અનેકવાર પ્રભુને પ્રાણપ્યારા તરીકે પોકારતાં તે મુખે આજે મૃગલાને પ્રાણ પ્યારા તરીકે સંબોધે છે. માયા કેવી મોહમાયી છે. તેનો ખ્યાલ આ પ્રસંગ પરથી આવશે.

આ બધી પળોજણમાં વ્રત નિયમ સાવ વિસરાઈ ગયા છે. જીવની સ્થિતિ સદાય એક સરખી રહેતી નથી. ઉન્નતિ બાજુ જીવ પ્રગતિ કરતો રહે તો એ એમાં જેટલો અગ્રેસર રહે છે. એટલો જ પતન વખત નીચે પડવામાં પણ સૌથી આગળ જ હોય છે.

"ઢીલાશ એ નિયમ-પાલનનાં પાયામાં ચાંપતી સુરંગ છે. મન તો હંમેશા પ્રમાદમાં પરવશ તૈયાર જ હોય છે. કોઈને કોઈ બહાના કાઢી પ્રમાદી બનવામાં જ મઝા માણે છે. આ સંસારના પ્રવાહમાં વહેતા રહેવું એ તો મનનો જન્મોજન્માંતરનો સ્વભાવ છે. પતન પ્રતિ ઢળવું એ તો એને માટે ખૂબ જ સહેલું છે. અધરુ તો પ્રભુ પ્રાપ્તિ પાળવું છે. ઢાળ હોય એ બાજુ ધરતી પર પડેલું પાણી તરત વહેવા લાગે. પણ ઉંચી જમીન પર પાણી ચડાવવું હોય તો ખૂબ પ્રયત્ન કરવાં પડે."

એક વખત લીધેલાં નિયમો તૂટે પછી માનવી પતનના પગથિયાં એક પછી એક ઉતરતો જ જાય છે. સદાચારનાં સોપાનમાંથી જો એક પણ પગથિયું ચૂક્યા તો આ લખચોરાશી અડફેટમાં વારંવાર કુટાવુ પડશે. અધોગતિ એ જ એની ગતિ છે.

આસક્તિ એજ મોહનું માયાવી રૂપ છે. ભલભલા ત્યાગીઓને એ રોગી બનાવી દે છે. બંધનનું મૂળ આસક્તિ છે. ભરતજીએ મૃગલાને પાણીમાં ડુબતું બચાવી લીધું એ સત્કાર્ય છે. પણ મૃગલામાં મારાપણાનો ભાવ રેડવા માંડ્યો. મારું મૃગલું કેવું મજાનું છે. હું ન હોત તો બિચારું મરી જાત. આ અહંકાર ભર્યો વિચાર જ મોહનું બીજું સ્વરૂપ છે. આ વિચારે એમનાં મનની ભોમકામાં એવા ઊંડા મૂળ નાખવા માંડ્યા કે જપ, તપ, સાધના, આત્મચિંતન એ બધાયને મનનાં સામ્રાજ્યમાંથી દેશવટો મળી ગયો. પોતાને અનુકૂળ હોય, પોતાને લાંબા સહવાસ હોય એને માટે આકુળવ્યાકુળ થઈ જાય છે. અને સ્નેહપાશમાં એવું બંધાઈ જવાય છે કે પછી પ્રભુ દર્શનની પ્યાસ બુઝાઈ જાય છે.

અન્યનાં મોહમાં બંધાઈ જીવનને ધોબીના કૂતરા જેવું ન બનાવાય. એનો ખ્યાલ રાખવો.

સમર્થ જ્ઞાની ભરતજી મૃગલાનાં મોહમાં એવા લપટાઈ ગયા કે યોગમાંથી ભ્રષ્ટ થઈ ચોરાશીના ચક્રાવાની ભૂલભૂલામણિમાંથી નીકળવાની તૈયારીમાં હતા. ત્યાં ફરી પાછા ફસાઈ ગયા. ઝંઝાવતોમાંથી સલામત આવેલું વહાણ આરે આવીને ડૂબે તેવી વિષમ પરિસ્થિતિ થઈ ગઈ. જેનાં પ્રત્યે આસક્તિ બંધાઈ છે - તેને જ બધી જગ્યાએ નિહાળે છે.

મામુલી માનુનીના મોહમાં વશ થઈ મોટા મોટા મહાત્માઓએ પણ પોતાની પ્રતિષ્ઠા ધૂળમાં ભેળવી

અનુસંધાન પેજ - ૧૦ પર...



સરળ વર્તે ઘણું સારું

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જીયતપુરા (મહંત સ્વામી, માણસા)

આવો મુક્તાનંદ સ્વામી, આજે કોની રસોઈ છે?

મુક્તાનંદ સ્વામી : કેશોદવાળા દલીચંદ શેઠની રસોઈ છે. મહારાજ!

મહારાજ : શું બનાવવા ઠેરાવ્યું છે?

મુક્તાનંદ સ્વામી : આમતો લાડુ, દાળ, ભાત, શાક અને એકાદ ફરસાણનું કહ્યું છે. છતાં આપની મરજી અનુસાર બધું બદલાઈ જશે. કહો શી ઈચ્છા છે?

મહારાજ : પણ શાક શેના કરશો?

મુક્તાનંદ સ્વામી : બટેટા પડ્યા છે. સાથે બીજું કાંઈ બનાવવું હોય તો કહો.

મહારાજ : નહીં બટેટા ખાઈ ખાઈને કંટાળ્યા હવે તો ? આવી ફુલ ગુલાબી ઠંડી શરૂ થઈ છે ને ચાતુર્માસના નિયમો એ પણ મોઢે દીધેલા તાળા ખોલ્યા છે. તો પછી બનાવો ને ભરેલા રીંગણા.

મુક્તાનંદ સ્વામી : હા, હા, શાકનો રાજા જ રીંગણ કહેવાય. કાળા ને ગુલાબી નાના નાના ભટુડીયા એવા મીઠા લાગે કે જાણે બે-ચાર તો કાચાને કાચા ખાઈ જઈએ. ને ચડતા હોય ત્યારે તો એવી સોડમછોડે કે મોઢું આખું પાણી-પાણીથી ભરાય જાય. સાંજે માણસને રોટલા સાથે ભડથું ભાણામાં પીરસાય ત્યારે તો ભલભલા મિષ્ઠાન પણ ભૂલાઈ જાય. આજે તમે આ શાક સુજાડ્યું ન હોત તો શેઠની રસોઈ જરૂર ઝાંખી પડત હો મહારાજ.

મહારાજ : એ તો ઠીક પણ જો રીંગણા કડછા આવ્યા તો તો ....

મુક્તાનંદ સ્વામી : હજુ તો કડછા જ હોય ને લાગે કડવા ઝેર - લાંબા ને કાળા દીઠ્યા પણ ગમે નહીં. ને બાફેલા બફલો જોતા વેંત ભાણે બેસવાનું પણ મન ભાંગી જાય. ગરમપણ એવાં પડે આંખો પણ થઈ જાય લોચા જેવી, શાક માતર સારા પણ આ રીંગણ વરો અભડાવે મહારાજ ! મફતના ભાવે હાડ-હાડ થતા રીંગણા પોતે જ પાણી પચા નિઃસ્વાદીયા ને વળી પાછા નુગરા એનું નામભૂલીને બીજું કંઈક કહો મહારાજ!

મહારાજ : આમફરતું-ફરતું કેમબોલો છો સ્વામી! તમો તો સ્થિરમતિ સુજાણ સંત છો. સ્થિરપ્રજ્ઞ ને વિદ્વાન પણ ખરા, છતાં મતિ આ રીંગણાની બાબતમાં ફેર-ફુદરડી ફરતા હો તેમઘડીમાં વખાણે ચડ્યા ને પાછા ઘડીકમાં ભારો-ભાર અવગુણ પણ ગાવા લાગ્યા! તે ખરો અભિપ્રાય શું છે તે જણાયો નહિ.

મુક્તાનંદ સ્વામી : શરણાગત આશ્રિત ને વળી સ્વતંત્ર અભિપ્રાય કેવો ! આપનું ગમતું બધું ગમે ને અરૂચતુ થઈ જાય અમારું ! અણગમતુ ને અણમાનીતું આપના રૂમાલે રૂમાલ ને તલવારે તલવાર હા માં હા કહી ભળી જવાય ને ના મા ના કહી તરી જાવ. રૂચિ માં રૂચિ ભેળવી મેળવી આપને તાબે રહેવાય એમાં જ અમારું ગૌરવ છે.

વિચરણ દરમ્યાન ગાડુ ટુંકું પડતા દરબારો એ ખેંચીને ગાડુ લાંબુ કર્યું ને દરબારગઢનાં ફળિયામાં રાત્રીનાં ટાઢા પહોરે નિંદ્રામાં વિક્ષેપ કરતા ચંદ્રમાં સાથે તલવાર બાજી રમીને નિઃસંશયપણે ચંદ્રને મારી હટાવ્યો. એ આદિ પ્રસંગો મન-બુદ્ધિના જીતાઈ ગયેલા ગઢના ડુંગરા ઓળંગીને હરિવરના પ્રત્યેક બોલને આધિન રહી સંપૂર્ણપણે વશ વર્તતા આદર્શ ભક્તોના મૂર્તિમાન તારણો આપતા આપણા બ્રહ્માનંદસ્વામીએ અત્યંત જહેમત ઊઠાવી અતિ અપાર દાખડા થી વડતાલનું મંદિર બંધાવ્યું ને પ્રતિષ્ઠાની આરતી ઉતારતાવેંત શ્રીજીનો નિર્દેશ માત્ર મળતા વડતાલ છોડી ચાલી નીકળવામાં તેઓની અનાશક્તિથી તો વધુ આજ્ઞા પ્રત્યેનું સમર્પણ હતું. સ.ગુ. પ્રેમાનંદ સ્વામીને સંગીતના સાધનો છોડાવી સમજણના શાસ્ત્રો હાથમાં પકડાવ્યા ત્યારે પણ હાજી-હાજી સિવાય અન્ય ઉદ્‌ગારો સાંભળવા પણ ક્યાં

મળ્યા છે?

શેખપાટ ગામના લાલજી ભક્ત (નિષ્કુળાનંદ સ્વામી) પાસેથી સુખડીના ભાતા બ્રાહ્મણોને દાનમાં અપાવી દીધાને પગનાં જોડામાં સંતાડીને રાખેલી કોરીયો (રૂપિયા)માથે રઈને ચોર લોકોને લૂંટાવી દીધી ! ત્યારે પણ પ્રભુની ઈચ્છા સામે ન કોઈ અણગમો કે ન કોઈ તકલીફ કે તાર્કિક દલીલ કરી. તો માત્ર શ્રદ્ધા પૂર્ણ સમર્પણનાં એ કરાર સ્વ આશ્રિતના ઘડતર કે ચણતરમાં વખતો વખત હરિવરે કોઈના ઠરાવો ફેરવ્યા તો કોઈનાં મૂળથી મેલાવ્યા કોઈને પોતાની મરજી પ્રમાણે વાળી જોયા તો કોઈને પોતાના તાલે નચાવ્યા. હઠ, માન, ઈર્ષ્યાની અણીઓ પ્રસંગે પ્રસંગે છોલાતી ગઈ. અને શ્રદ્ધા, ખપને સમાગમના સિંચન વડે અલૌકિક ઘાટ ઘડાતો ગયો. "બ્રહ્મ તેજ ક્યાં સૂકાઈ ગયું" આકાશ વાણી દ્વારા આદેશ સંભળાતા ભાદરાના મુળજી શર્મા ખેતરેથી પાશરા શ્રીજી મહારાજ પાસે ચાલી નીસર્યા. ને ઘર બાળીને આવ્યા છો ? એટલું પૂછતા તો ભર્યા-ભાદર્યા ઘરને બાળવા દોટ દીધી !

દેહ બહુ તગતગે છે તે દૂધ પીધામાં આવ્યું છે કે શું ! સ્વપ્નમાં આદેશની ભ્રાંતિ માત્ર સંભળાતા જીવનભર માટે ગુણાતીતાનંદ સ્વામીએ દૂધનો ત્યાગ કરી દીધો. આ સઘળા પ્રસંગો શું સુચવે છે ? મોટા મોટાએ પોતાની આવડત હોશિંયારી અને ડહાપણ ના માન મૂકીને શ્રીજી મહારાજ ને પરાત્પર પુરૂષોત્તમજાણી તેઓના ચરણને શરણે આધિન રહી દિનતા પૂર્વક હાથ જોડી હજુરમાં હાજી હાજી કરી અનુભવી સમગ્ર સત્સંગને આદર્શ દાસત્વ ભક્તિની પ્રેરણા પૂરી પાડી છે. જેને આજે ગદ્‌ગદ્ કંઠને રોમાંચિત ગાત્રે સો-સો અભિવાદનો પણ ઓછા પડે છે. આવા જ ભક્તિ ભાવને સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તિનિધિ ગ્રંથમાં કવિત દ્વારા કંઈક અંશે આ રીતે રજુ કર્યું છે કે -

સરળ વર્તે ઘણુ સારુ રે મનવા,
સરળ વર્તે ઘણું સારું,
હાથ જોડી કહી, હાજી હાજી રે મનવા,
સરળ વર્તે ઘણું સારું.....

અનુસંધાન પેજ ૮નું ચાલું...

દીધી. તેના દાખલા હજુય ઈતિહાસમાં છે. એના જેવું વહાલું જગતમાં બીજું કોઈ લાગતું નથી. મનમાં એની મૂર્તિ એવી અંકાઈ જાય છે કે પછી ત્યાં પ્રભુના ચરણકમળોની છાપ ઉપસી શકતી નથી. પછી સ્ત્રીની દરેક વાતો મધ કરતાંય મીઠી લાગે છે. જેના પર આસક્તિ થઈ તેની જ મોહમાયાની પટ્ટી બંધાઈ ગઈ હોયછે. એ આજે મોહાંધ બન્યો છે.

ભરતજીનું મૃગ ઝૂંપડીમાંથી ચાલ્યું ગયું. પછી તો જેમ પોતાનું ધન ચોરાઈ જતાં કૃપણ ખૂબ દુઃખી થાય છે. પોતાનાં એકના એક પુત્રના મૃત્યુથી ધનવાન આઘાત અનુભવે છે. જેમ ધાવણું બાળક માતાના મૃત્યુથી વલખાં મારે છે. એવી અસહ્ય વેદના આ મૃગલાનાં વિયોગમાં ભરતજી અનુભવી રહ્યા હતાં. એ ક્યાં જતું રહ્યું હશે ? એ કેમ જતું રહ્યું હશે? એવા વિચારોમાં હવે મન ભમવા લાગ્યું. પ્રભુમાં ચિત્ત ચોટતું જ નહોતું.

આમ કરતાં અંતકાળ આવી ગયો. મરણ વખતે તેમના મનમાં હરણીની યાદ સંઘરાયેલી પડી હતી. તેથી હરણીની યાદમાં જ એના જ વિચારોમાં એની વાસનામાં દેહ છોડ્યો.

"જ્યાં વાસના જેની જરી રહી છે."

"તે ત્યાં જઈ જન્મ ફરી ધરે છે."

માટે તે હરણી રૂપે અવતર્યા. કારણ તેમાં વાસના હતી. દીધે દોકડે ખત ઉભું કરે એવી સ્થિતિ સર્જાઈ.

ભરતજીના પિતા તો ઋષભદેવ ભગવાન હતાં. વળી રાજપાટ ત્યાગી વનમાં ગયા હતા. ત્યાં પણ આસક્તિ આડી આવી. વાસના રહી ગઈ. મોહની માયાજાળમાં ફસાયા. તેથી ફરી ત્રણ ત્રણ જન્મ લેવા પડ્યાં.

આપણે તો આ જગતની વચ્ચે છીએ. અમારે ને તમારે મૃગના બચ્ચા કરતાયે વધુ પ્રલોભનો છે. આસક્તિ જન્માવે, મોહ ઉપજાવે એવા ઘણાં પદાર્થો છે. તેથી આપણે તો વધુ સાવધાની રાખવી જોઈએ.

તો આજના આ શુભ દિવસે શ્રી નરનારાયણદેવનાં ચરણ કમળમાં પ્રાર્થના કરીએ કે આપણામાં હંમેશા પરમાત્માનો વાસ રહે ને જગતની વાસના હંમેશાને માટે આપણા જીવનની બહાર વ્યાપીને રહે.



વચનામૃતમાં ભક્ત અને શ્રેષ્ઠતમ ભક્તિ

- શાસ્ત્રી સૂર્યપ્રકાશદાસ (વાંકાનેર, જી. રાજકોટ)

સ્વામિનારાયણ ભગવાન વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણના ૪૦ માં વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીના પ્રશ્નનો ઉત્તર આપતા કહેછે.

श्रवणं कीर्तनं विष्णोः स्मरणम् पादसेवनम् ।

अर्चनं वंदनं दास्यं सख्यमात्म निवेदनम् ॥

એવી રીતે નવ પ્રકારે કરીને ભગવાનને ભજવા તેને ભક્તિ કહીએ. ભાગવતમાં ત્રીજા સ્કંધમાં કપિલ ભગવાને નવ પ્રકાર ભક્તિનાં બતાવી ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ, સત્વ ગુણી રજોગુણી, તમોગુણી વગેરે અનેક પ્રકારો ભક્તિના બતાવ્યા છે. જેમાં સત્વગુણી ભક્તિ ઉત્તમમાનેલ છે. ભક્તિ શબ્દ ઘણાને લાગુ પડે છે. ભક્તિ ઘણાની થાય છે. માતાની સેવા કરે તો તે "માતૃભક્તિ" કહેવાય, પિતાની સેવા કરનાર પુત્રની ભક્તિને "પિતૃભક્તિ" કહેવાય. દેવોની ભક્તિને દેવ ભક્તિ, ઈશ્વરોની ભક્તિને ઈશ્વર ભક્તિ કહેવાય છે. પરંતુ ભગવાન અને ભગવાનના અવતારોની ભક્તિ કરવામાં આવે તેને સત્શાસ્ત્રોએ અને સત્પુરુષોએ શ્રેષ્ઠ ભક્તિ કહેલ છે. ભક્તિ શબ્દમાં "भज्" ધાતુ છે "वितन्" પ્રત્યય છે. ભજ ધાતુનો અર્થ છે. "સેવા" "भज् सेवायाम्" અને "વિતન" પ્રત્યયનો અર્થ છે. "સ્નેહ" સ્નેહથી એટલે કે પ્રેમથી ભગવાનની સેવા કરવી તેને ભક્તિ કહેવામાં આવે છે. ૯ પ્રકારની ભક્તિનું બહુધા વર્ણન કરવામાં આવે છે. પરંતુ દશમી ભક્તિ પણ સંતોએ કહી છે જેને "પ્રેમલક્ષણા ભક્તિ" કહેવામાં આવે છે. ભક્તિમાર્ગમાં "પ્રેમલક્ષણા ભક્તિ"નું સ્થાન અલૌકિક છે. જે ભક્તિ શુક, સનકાદિક, નારદ, ગોપીઓ, મીરા, સુરદાસ, નરસિંહ, બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી વિગેરે સંતોએ કરેલ છે. પ્રેમલક્ષણા ભક્તિથી ભગવાન ભક્તાધિન બને છે. એટલે તો મુક્તાનંદ સ્વામીએ પોતાના કીર્તનમાં ગાયું છે -

"પ્રેમભક્તિ જેને ઘટ આવે, તેહને રંગ હરિ રાચે રે,
વ્રજ વનિતા કર તાલી બજાવે, નટવર થૈઈ થૈઈ નાચે રે,
મોટા મુનિવર દેહ દમીને, આત્મ દર્શન ઈચ્છે રે,
પ્રીંડ બ્રહ્માંડથી પ્રીત તજે, પણ પ્રેમનો રાહ ન પ્રીછે રે,
પ્રેમનો મારગ શુકજી પીછે, કાં પ્રીછે વ્રજ નારી રે,
મુનિ નારદ રહે મગન પ્રેમવશ, કાં વૃષ ભાનુકુમારી રે,
પ્રેમની આગળ સાધન સર્વે, રવિ આગળ જેમ તારા રે,
મુક્તાનંદ કહે પ્રેમનો મારગ, પ્રીછે તે પ્રભુજીને પ્યારા રે."

"પ્રેમલક્ષણા ભક્તિ" તો પ્રભુજીને પ્રસન્ન કરવાનો અમૂલ્ય ખજાનો છે. તેને ક્યાં વાપરવો, કેમ સાચવી રાખવો, કેવી રીતે ભક્તિ ઉદય થાય, કેમ કરવાથી ભક્તિ માર્ગમાં વિઘ્ન ન આવે, કેવી રીતે અને કોની ભક્તિ કરાય જેથી સર્વોપરિ ભક્તિ થાય, આત્યંતિક ભક્તિની પ્રાપ્તિ થાય. વગેરે બાબત સ્વામિનારાયણ ભગવાન વચનામૃતમાં અનેક જગ્યાએ દર્શાવે છે. ભક્તિ ઉપજ્યાનો હેતુ મહારાજ વ.લો. ૯ માં કહે છે - ભક્તિ એમ ઉપજે જે જો ભગવાનની જે વિભૂતિઓ છે તેને જાણે, તે કેમજાણે તો ખંડ ખંડ પ્રત્યે ભગવાનની જે મૂર્તિઓ રહી છે તેનું શ્રવણ કરે તથા ભગવાનના ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર, શ્વેતદ્વિપ, આદિક ધામછે તેને સાંભળે તથા જગતની ઉત્પત્તિ, સ્થિતિ પ્રલયરૂપ જે ભગવાનની લીલા તેને માહાત્મ્ય સહિત સાંભળે તથા રામકૃષ્ણાદિક જે ભગવાનના અવતાર તેની જે કથાઓ તેને હેતે સહિત સાંભળે તો ભગવાનને વિષે ભક્તિ ઉપજે."

સંત સમાગમથી ભક્તિને વિશેષ બળ મળે છે. તે મહારાજ ગ.પ્ર. ૨૯ માં કહે છે - શ્રીજી - પવિત્ર દેશમાં રહેવું અને ભૂંડોકાળ વર્તતો હોય ત્યાંથી આધું પાછું ખસી નીસરવું અને સંગ પણ પ્રભુના ભક્ત અને પંચ વર્તમાનને યુક્ત એવા જે બ્રહ્મવેત્તા સાધુ તેનો કરવો, તો હરિભક્તને પરમેશ્વરની જે ભક્તિ તેનું બળ અતિશે વૃદ્ધિ પામે છે. ગ.પ્ર. ૫૮ મહારાજ કહે છે - મોટા પુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાયછે.

ભગવાનના કલ્યાણકારી ગુણોને જાણી પરમેશ્વરનો જ દૃઢ આશ્રય કરવો તેનું નામ ભક્તિ છે. તે ભક્તિની રીત દર્શાવતા લક્ષ્મીજીનું દૃષ્ટાંત આપી મહારાજ ગ.મ. ૧૦ માં કહે છે ભક્તિની રીત તો એમ છે જે જ્યારે સમુદ્ર મંથન કર્યું ત્યારે સમુદ્રમાંથી લક્ષ્મીજી નિસર્યા પછી લક્ષ્મીજીએ હાથમાં વરમાળા લઈને વિચાર કર્યો જે વરવા યોગ્ય કોણ છે તેને હું વરું, પછી જ્યાં તપાસીને જોયું ત્યાં જેમાં રૂપ તેમાં ગુણ નહિ ને જેમાં કાંઈક ગુણ તેમાં રૂપ નહિ. એવી રીતે ઘણાંકને વિષે મોટામોટા કલંક દીઠા પછી દેવતા માત્ર તથા દૈત્ય માત્ર તેને કલંકના ભર્યા દેખીને સર્વેગુણે કરીને સંપૂર્ણ અને સર્વે દોષે રહિત ને સર્વના સુખના નિધાન એવા - એક ભગવાનને જ

દીઠા ત્યારે લક્ષ્મીજીને ભગવાનને વિષે દૃઢ ભક્તિ થઈ. પછી અતિ પ્રેમે કરીને ભગવાનને વરમાળા પહેરાવીને ભગવાનને વર્યા, માટે એવા કલ્યાણકારી ગુણને જે જાણવા ને પરમેશ્વરનો દૃઢ આશ્રય કરવો તેનું જ નામ ભક્તિ છે.

ખરા ભક્તને ભગવાનનો અવગુણ ન આવે તે દરેક કાર્યને ને ચરિત્ર તેને દિવ્ય સમજે અને ગોપીઓની ભક્તિની પ્રશંસા કરતા આજ વચનામૃતમાં મહારાજ આગળ કહે છે. શ્રીજી - દિવ્ય ચરિત્ર હોય તેમાં તો પાપી હોય તેને પણ દિવ્યપણું જણાય પણ જ્યારે ભગવાન પ્રાકૃત ચરિત્ર કરે ને તેને વિષે પણ જેને દિવ્યપણું જણાય ત્યારે તે પરમેશ્વરનો ભક્ત સાચો અને ભગવાને ગીતામાં કહ્યું છે જે:-

જન્મ કર્મ ચ મે દિવ્ય મેવં યો વેત્તિ તત્ત્વતઃ ।
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુનઃ ॥૪-૯॥

એ શ્લોકનો એમ અર્થ છે જે, "હે અર્જુન! મારાં જન્મને ને કર્મ તે દિવ્ય છે, તેને જે દિવ્ય જાણે તે દેહને મૂકીને ફરી જન્મને નથી પામતો, મને જ પામે છે." માટે જે ભગવાન દિવ્ય ચરિત્ર કરે તે તો ભક્તને અભક્ત બેયને દિવ્ય જણાય, પણ જ્યારે ભગવાન મનુષ્યના જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તો પણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય પણ કોઈ રીતે ભગવાનના ચરિત્રમાં અભાવ આવે નહિ, એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય. અને એવી ભક્તિ કરે તે જ ભક્ત કહેવાય. અને એ શ્લોકમાં કહ્યું જે ફળ તે આવા ભક્તને જ થાય છે. અને જેમ ગોપીયો ભગવાનની ભક્ત હતી તો કોઈ રીતે ભગવાનનો અવગુણ લીધો જ નહિ અને રાજા પરિક્ષિતે તો ગોપીઓની વાત સાંભળી એટલામાં જ ભગવાનનો અવગુણ લીધો. પછી શુકજીએ ભગવાનનું સમર્થપણું દેખાડીને તે અવગુણને ખોટો કરી નાખ્યો. માટે જે જે ભગવાન ચરિત્ર કરે તે સર્વેને ગોપીઓની પેઠે દિવ્ય જાણે પણ કોઈ રીતે પ્રાકૃત જાણીને અભાવ તો આવે જ નહિ. એવી જે ભક્તિ તે તો મહા દુર્લભ છે. અને એક બે જન્મને સુકૃતે કરીને એવી ભક્તિ ના આવે. એ તો અનેક જન્મના જ્યારે શુભ સંસ્કાર ભેળા થાય છે ત્યારે તેને ગોપીઓના સરખી ભક્તિ ઉદય થાય છે અને એવી ભક્તિ છે તે જ પરમપદ છે. માટે આવી રીતની જે ભક્તિ તે જ્ઞાન-વૈરાગ્ય થકી અધિક છે. અને જેના હૃદયને વિષે આવી રીતની ભક્તિ હોય તેને ભગવાનને વિષે પ્રીતિમાં શું બાકી છે. કાંઈ બાકી નથી. (ગ.મ. ૧૦)

અનુસંધાન પેજ ૧૪નું ચાલું...

પૂરે છે. સત્સંગીઓની સભા શ્રીજી મરજીથી ધાર્યું કામ કરી શકે છે. મોટા પુરુષનો તો સંકલ્પ પણ મૂર્તિમાન હોય છે. પણ આપણે સમજવું ઘટે કે ખેતરના પક્ષીઓ ઊડાડવા માટે અમૂલ્ય હીરા અને પારસમણીનો ઊપયોગ ન કરાય. ક્ષણિક અને ક્ષુલ્લક લાભ માટે આત્યંતિક કલ્યાણ જેવો લાભ જતો ન કરાય. આપણે શિ.શ્લો. ૬૬ નું અનુસંધાન રાખીને આવા મોટા પુરુષને ક્ષુલ્લક માયાના કાર્યોમાં ન જોડવા.

હરિભક્તોમાં જેટલી સમજણની માત્રા વધુ તેટલા જ પ્રમાણમાં સંપ અને આત્મબુદ્ધિનું પ્રમાણ વધશે. અને તેને યોગે કરીને પોતાને અને બીજાને સત્સંગનું સાચું સુખ વર્તાશે.

આપણા વ્રત-ઉત્સવ

જેઠ સુદ-૧૧ શનિવાર તા. ૧૪-૬-૦૮	નિર્જળા એકાદશી ઉપવાસ, સર્વોપરિ છપૈયાધામમંદિરનો પાટોત્સવ.
જેઠ સુદ-૧૨ રવિવાર તા. ૧૫-૬-૦૮	ઈડર મંદિરનો પાટોત્સવ
જેઠ સુદ-૧૫ બુધવાર તા. ૧૮-૬-૦૮	મુકુટોત્સવ પૂનમ, અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવને કેશર સ્નાન
જેઠ વદ-૧૧ રવિવાર તા. ૨૯-૬-૨૦૦૮	યોગીની એકાદશી ઉપવાસ.
જેઠ વદ-૧૨ સોમવાર તા. ૩૦-૬-૦૮	વડનગર મંદિર પાટોત્સવ.
અષાઢ સુદ-૨ શુક્રવાર તા. ૪-૭-૦૮	રથયાત્રા દર્શન
અષાઢ સુદ-૪ રવિવાર તા. ૬-૭-૦૮	અયોધ્યા મંદિર પાટોત્સવ.
અષાઢ સુદ-૧૨ સોમવાર તા. ૧૪-૭-૦૮	દેવશયની એકાદશી ઉપવાસ, ચાતુર્માસના નિયમલેવા.
અષાઢ સુદ-૧૫ શુક્રવાર તા. ૧૮-૭-૦૮	મુકુટોત્સવ પૂનમ, ગુરુ પૂર્ણિમા, કાલુપુરશ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન
અષાઢ વદ-૨ રવિવાર તા. ૨૦-૪-૦૮	શ્રી ઠાકોરજીને હિંડોળે ઝુલાવવા
અષાઢ વદ-૧૦/૧૧ સોમવાર તા. ૨૮-૭-૦૮	પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાગટ્યોત્સવ અમદાવાદ કાલુપુર મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં ધામધૂમથી ઉજવાશે.



સત્સંગમાં સમજણ

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

૭. આપણે કથાની અધવચ્ચે ઉઠી જઈએ છીએ ત્યારે આપણે દેવ-આચાર્યશ્રી-શાસ્ત્ર-સંત આ ભગવત્ સ્વરૂપોને છોડી જઈએ છીએ ! એક મુમુક્ષુ જન આવું કદાપિ કરે જ નહિ. આ માત્ર અવિવેક નહિ પણ દોષ છે. જીવન-મૃત્યુના પ્રશ્ન સિવાય કદાપિ આમ ન કરવું. અનિવાર્ય રીતે ઊઠવાનું નક્કી જ હોય તો, કોઈનું ધ્યાન ન પડે - વિક્ષેપ ન પડે તેવી રીતે તદ્ન અલગથી બેસવું અને કથાપાન કરવું. ખૂબ નાના બાળકોને લઈને સભાની વચ્ચે બેસાય નહિ. બાળકો સ્વભાવ સહજ ચંચળ હોય અને તેનો દોષ આપણને લાગે. ચાલુ સભાએ ક્યારેય શ્રોતાજનોએ વાત-ચિત ન જ કરાય. રસના ઈન્દ્રિયને વિરામ આપી અને માત્ર કર્ણેન્દ્રિયને જ જાગૃત રાખવી. આપણી બે શબ્દોની વાતચીત પણ લાખો-હજારો હરિભક્તોને મોટા પુરુષની વાણી સાંભળવામાં વિક્ષેપ પાડે અને તેથી આપણી બે મિનિટ વાતચીત આપણા કથાશ્રવણના અનેક ઘણા પુણ્યનો વિનાશ કરે છે.

૮. આજના યુગમાં આપણે સભામાં કે આચાર્યશ્રી પાસે, કે દેવ મંદિરમાં બેઠા હોઈએ કે ઉપસ્થિત હોઈએ ત્યારે અચૂકપણે મોબાઈલ ફોન સ્વીચ ઓફ રાખવો જોઈએ. મંદિરમાં પ્રવેશીએ ત્યારથી તેના દરવાજામાંથી જ ફોન-માયા બંધ કરીએ તો જ પરમાત્માનું સાચું સુખ અનુભવાય. અડધો જગતનો અને અડધો ભગતનો પ્રસંગ કરવાથી કશું દળદર ફીટે નહિ. સત્સંગ તો મન-કર્મ અને વચને કરીને સંપૂર્ણ રીતે જ કરીએ તો પરમાત્માની પ્રાપ્તિ જરૂરથી થાય.

૯. ઉત્સવ સમૈયા વખતે એ પણ યાદ રાખવું કે મંદિર એ સામાજીક મેળાવડાનું સ્થાન નથી. ઓળખાણો તાજી કરવાનો ગામ-ચોરો નથી. ત્યાં તો દેવદર્શન, સંત હરિભક્તોના દર્શન સંસ્પર્શ, પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રીના દર્શન-ઉપદેશ શ્રવણ, નવધા ભક્તિ ઈત્યાદિ કરીને જીવનનું ભાથું ભરી લેવું. ત્યાં તો આ સર્વે પુણ્યદાનની પરબ આપણા માટે જ ખોલી છે. તેમાંથી આપણે જેટલો લાભ લેવાય તેટલો લઈ લેવો. મંદિરમાં રહીને આપણે જેટલો સમય પરમાત્મામાં વૃત્તિ રાખી હોય તેટલી ક્ષણો જ આપણું જીવન છે. તે જ સમય આપણે આપણા માટે જીવ્યા છીએ અને બાકીનો સમય તો આપણે વ્યર્થ ગુમાવ્યો છે. દેવાનંદ સ્વામી કહે છે તેમ "તારું જોબન ગયું જખ મારતું રે, માથે કાળા મટી ગયા કેશ.... તોય જાણ્યા નહિ જગદીશને રે." કાળ એ ભગવાનની શક્તિ છે. મંદિરની ચાર દિવાલોની બહાર એ શક્તિ આપણું ભક્ષણ કરી જાય. પણ મંદિરમાં તે જ શક્તિના પ્રદાતા પરમાત્માના સાનિધ્યમાં પસાર કરેલ સમય-કાળ એ આપણા જીવનનું અંગત ભાથું બની જાય છે.

૧૦. સંતો પાસે બેસીને, મંદિરની પ્રદક્ષિણામાં બેસીને, મંદિરના ઓટલા ઊપર બેસીને ક્યારેય ગ્રામ્ય વાર્તા ન જ કરવી. ધંધા-વ્યવસાયની વાતો ન કરવી. દેવની સમક્ષ ઊભા રહીને અન્ય જનો સાથે વાત-ચીત ન કરવી. મંદિરમાં વ્યવહારની વાતો ન કરો પણ વ્યવહારમાં મંદિર-ધર્મની વાતો જરૂર કરો. મંદિરમાં હોઈએ ત્યારે, મોટા સંતો કહેતા તેમ, દિવસમાં એકવાર જરૂરથી મરી જવું. તો વ્યવહાર તમને કનડશે નહિ. નહિતર વ્યવહારની ઉપાધિ આ જીવને જીંદગી પર્યંત વળગેલી જ છે.

૧૧. મંદિરના વહીવટની ટીકાઓ કર્યા વગર આ મંદિર તરફે આત્મભાવ કેળવીને આપણાથી જે સેવા, જેવી રીતે શક્ય હોય તેવી રીતે કાર્ય કરીને મંદિરની પ્રગતિમાં ફાળો આપવો. સુધારાની લાખો વાતો-સજેશન-વિચારો આપ્યા કરતાં, સેવાનું એક નાનકડું કાર્ય ચઢિયાતું છે. સમયનો ભોગ આપીને સેવા કરવાની ઈચ્છા-શક્તિ હોય તો જે તે મંદિરના મહંત-વ્યવસ્થાપકને નમ્ર નિવેદન કરવું અને પછી તેઓશ્રીને જેમ અનુકુળ હોય તેમ કરવું. મંદિરમાં બીજા શું કરે છે તેનું ધ્યાન રાખવાને બદલે, મંદિરમાંથી બહાર નીકળતી વખતે આપણે આપણી જાતને પૂછવું કે મેં મંદિરમાં, મંદિરને અર્થે આજે શું કર્યું ? એક ક્ષણ માત્રનો પણ શુદ્ધ ભાવનો સત્સંગ કે સેવા કાર્ય, અનેક જન્મોના પાપ બાળીને ભસ્મ કરી નાખવા સક્ષમ છે.

૧૨. મંદિરમાં એક વખત દાન-ધર્માદો આપ્યા પછી તેના ઉપયોગ વિશે ક્યારેય વ્યવસ્થાપકોને સવાલ ન પૂછાય. કૃષ્ણાર્પણ કર્યા પછી આપણે તે રૂપિયાના માલિક મટી જઈએ છીએ અને બદલામાં પરમાત્માના રાજીપાના

અધિકારી બનીએ છીએ. તેથી તે રાજીપો-પુણ્ય આપણે ગુમાવી બેસીએ તેવું કૃત્ય ન કરીએ. હરિભક્ત માત્રે એ ખાસ ખ્યાલમાં રાખવું ઘટે કે ધર્માદાનો-મંદિરનો પૈસો, અન્ન કે ચીજ વસ્તુ આપણા ઘેર આપણા અંગત ઉપયોગમાં જાણે અજાણે, સીધી કે આડકતરી રીતે આવી ન જાય. ધર્માદાનો પૈસો કોઈને પચતો નથી. તે પારાવાર મુશ્કેલીઓનું કેન્દ્ર સ્થાન છે. કોઈ ધર્મકાર્યને વિષે દાન આપવાનું આપણે વચન આપ્યું હોય તો, જીવનનો કોઈ ભરોંસો નથી એ વિચાર રાખીને, તાત્કાલિક દેવને તે રકમ ચુકવી દેવી. દેવનું ઋણ માથે રાખીને જીવન જીવાય નહિ. આપણે જે નિમિત્તે મંદિરમાં દાન-ધર્માદો આપીએ છીએ, તે નિમિત્તે તે રકમ વપરાઈ છે કે નહિ તે પણ પૂછવું યોગ્ય નથી. કેમકે આતો પ્રત્યક્ષ દેવના મંદિરો છે. દેવ સ્વયં-પોતે તે ધ્યાન રાખે જ છે. વ્યવસ્થાપકો તો નિમિત્ત માત્ર જ છે. તેમના કર્તવ્ય પાલનની નિષ્ઠા અંગે તેઓ દેવને જવાબ દેશે. આપણે તો માત્ર આપણા જ કર્મનો અધિકાર રાખવો. બીજાના કર્મનું ફળ આપવા માટે તો પરમાત્મા બેઠા છે.

૧૩. ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા પ્રતિષ્ઠિત હોય તેવા દેવ સ્વરૂપો અને બે દેશની ગાદીના તાબાના મંદિરો સિવાય, શ્રીજી આજ્ઞા અનુસાર ધર્માદો ન અપાય. તે મંદિરોમાં પણ દેવ સેવાને નામે કોઠાર સિવાય અન્ય ક્યાંય રૂપિયો ન દેવાય. છૂટા પૈસા માત્ર ગલ્લા પેટીમાં જ નંખાય પણ ઠાકોરજીના ચરણ પાસે તેનો છૂટો ઘા ન કરાય. આચાર્યશ્રીની ભેટ તેઓશ્રીના ચરણમાં જ મૂકાય. આપણું ધન સુયોગ્ય જગ્યાએ અને સુપાત્રને જાય તો જ તેનું યોગ્ય ફળ મળે છે. માત્ર અહં મમત્વને પોષવા આપેલું દાન ફળદાયી થતું નથી. દાન-ધર્માદો માત્ર દેવની પ્રસન્નતા ખાતર કરવો. પોતાની ઈચ્છાપૂર્તિની કામના માટે કે પોતાની નામના માટેની તકિતઓની અપેક્ષાથી અપાયેલો દાન-ધર્માદો માત્ર તેટલું જ સિમિત ફળ ધરાવે છે. જ્યારે કૃષ્ણ પ્રસન્નાર્થે અર્પેલું ધન, અક્ષરધામમાં શ્રીજી મહારાજને ચોપડે નોંધાય છે તે મુમુક્ષુજને સમજવું ઘટે.

૧૪. વડીલ-વૃદ્ધ સંતોની માંદગીને પ્રસંગે કે કથાવાર્તાના પ્રસંગે કે મંદિરના કોઈ વહીવટી કાર્ય પ્રસંગે કોઈ સંતના આસને જવાનું થાય ત્યારે ખાલી હાથે ન જવું અનુકૂળતા અને શ્રદ્ધા પ્રમાણે જે તે સંતના આસને ઠાકોરજીનું સિંહાસન હોય ત્યાં, તે ઠાકોરજીને સેવા નિમિત્તે અન્ન, વસ્ત્ર, ફળફૂલ જરૂરી ચીજ વસ્તુ ઈત્યાદિ કંઈક અર્પણ કરવું તેવો વિવેક જરૂર રાખવો. આપણા અંગત વ્યવહારના કાર્યોમાં સંતોને જોતરવા નહિ. તેઓ તેમનો અંગત વ્યવહાર, સંસાર મૂકીને આપણો વ્યવહાર કરવા નથી આવ્યા ! આ બ્રહ્મની મૂર્તિઓ દેવાજ્ઞા પ્રમાણે મંદિરનો વ્યવહાર કરતી હોય ત્યારે તેમને તેમના ધર્મમાં અંતરાયરૂપ નહિ પણ મદદરૂપ થવું.

૧૫. સંપ્રદાયમાં સૌ પ્રથમ સ્થાન ઈષ્ટદેવ શ્રીહરિનું છે. ત્યાર પછી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રીનું આવે, ત્યારબાદ સંતો, બ્રહ્મચારીઓનું આવે, ત્યાર બાદ પાર્ષદવર્ગ આવે અને ત્યારબાદ હરિભક્તો આવે. આ માળખાને લીધે જ સંપ્રદાય સુગ્રથિત રહે છે. ક્યારેય બરોબરીયાપણું ન કરવું. આપણાથી મોટાપુરુષ બેઠા હોય ત્યારે ક્યારેય ઠઠ્ઠા-મશ્કરી ન જ કરાય. ક્યારેક પ્રસંગોચિત્ત માર્મિક ટકોરથી રમૂજ કરી શકાય. મોટા પુરુષ હંમેશા પરમાત્મામાં લીન રહેતા હોય છે. આપણી કુચેષ્ટાને લીધે તેઓ ધ્યાનભંગ થાય છે અને તેનો દોષ આપણને લાગે છે. માટે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કે મોટા સંતની સમીપમાં બેઠા હોઈએ તો સુધા સાવધાન થઈને બેસવું. મુક્તાનંદ સ્વામી લખે છે કે તેમ, "ભવ બ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી, પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો." આપણને જો આવી તક પ્રાપ્ત થાય તો તે ક્ષણોમાં શુભ ચિંતન જ કરવું. કેમ કે મોટા પુરુષ તો કલ્પવૃક્ષ સમાન છે. તેમની સમીપમાં બેસીને કરેલું ચિંતવન જરૂર ફળીભૂત થાય છે જ.

૧૬. આપણા વ્યવહારના કાર્યો માટે, દીકરો લેવા, ધન લેવા, મુશ્કેલી દૂર કરવા, ઈચ્છિત કાર્ય ફળદાયી બનાવવા વગેરે ક્ષુલ્લક કાર્યો માટે મોટા પુરુષ પાસે આશીર્વાદ લેવા વારંવાર દોડી ન જવું. આશીર્વાદ માગીને લેવાતા નથી પણ હૃદયના ઊંડાણમાંથી હરિ ઈચ્છાથી જ પ્રાપ્ત થતા હોય છે. મોટા પુરુષ જ્યારે આશીર્વાદ આપે છે ત્યારે ઈશ્વરની સાક્ષીએ તેઓ આપણું કઠણ પ્રારબ્ધ પોતાના માથે લઈ લે છે. આપણે સમજવું ઘટે કે આપણા ક્ષુલ્લક સુખને સારુ આપણે આડકતરી રીતે આપણું કઠણ પ્રારબ્ધ કર્મ તે મોટા પુરુષ પાસે ભોગવડાવીએ છીએ. વચન સિદ્ધ પુરુષો ક્યારેય આમ બોલતા નથી. કારણ માત્ર એટલું જ છે કે તેઓનો 'અતિદયાળુ' સ્વભાવ છે. હરિભક્ત પોતાના દુઃખની આપવીતી જણાવે અને સદા બ્રહ્મ સ્થિતિમાં રહેનાર એ મોટા પુરુષ પોતાના દેહના દુઃખની પરવા કર્યા વગર આપણને આશીર્વાદ આપવા તૈયાર થઈ જાય છે ! સંત વચન તો કાળમીંઢ પથ્થરને ઓગાળી દે તેવું બળવાન છે. ધર્મવંશી આચાર્યશ્રીના સ્પર્શ માત્ર પથ્થરની મૂર્તિમાં પ્રાણ

અનુસંધાન પેજ - ૧૨ પર...



શ્રીજી મહારાજની સર્વોપરિ ઉપાસનાના બળે પરમપદને પમાય છે

- જ્યંતિલાલ કે. સોની (મેમનગર-અમદાવાદ)

કેટલાય સિધ્ધ થાયછે ને કેટલાક સર્વજ્ઞ થાય છે, ને કેટલાક દેવતા થાય છે, ઉત્પાદિક અનંત પ્રકારની મોટપને પામેછે. તથા પરમપદને પામેછે. એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે પણ ઉપાસના વિના કોઈ વાત સિધ્ધ થતી નથી. માટે આપણે પણ ભગવાનની ઉપાસનાનું બળ સત્સંગે કરીને દિવસે દિવસે વૃદ્ધિ પમાડવું.

શ્રીજી મહારાજે કારીયાણીની અક્ષર ઓરડીમાં ગોપાળાનંદ સ્વામી સમક્ષ આ લોકમાં અવતાર ધારણ કરવાના છ હેતુ જણાવેલા છે. તેમાં પ્રથમ હેતુ છે "આ લોકમાં પોતાની સર્વોપરિ ઉપાસના પ્રવર્તાવવી" તેછે.

અમદાવાદના સાતમાં વચનામૃતમાં પણ શ્રીજી મહારાજે સ્પષ્ટ કહ્યું છે કે હું એકજ સર્વોપરિ ભગવાન છું. બીજા બધા નાના-મોટા અવતારો છે. આજ વસ્તુની પ્રતીતિ કરાવવા મહારાજે દાદા ખાચરને અલગ અલગ ધામોમાં પોતાનું સર્વોપરિપણું બતાવવા લઈ ગયા. સર્વ પ્રથમ ગણપતિને સ્થાનકે લઈ ગયા ત્યારે ગણપતિએ પોતાના સ્થાનેથી ઉઠી શ્રીજી મહારાજને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી પોતાને આસને બેસાર્યાને પૂજા-સ્તુતિ કરી નૃત્ય કર્યું. ત્યારબાદ કાળ દાદા ખાચરને પોતાના ધામમાં લઈ ગયો ત્યાં મહારાજ અને ગણપતિ પધાર્યા એટલે કાળ થરથર કંપવા લાગ્યો અને અરજ કરી કે મહારાજને પોતાના ધામમાં પધરાવવા માટે જ દાદા ખાચરને અહિં લાવ્યા છે તે મારો ગુનો માફ કરો તેવી વિનંતી કરી પૂજા કરી. તુરતજ મહારાજ દાદા ખાચરને લઈ સૂર્યનાં સ્થાનમાં પધાર્યા. ત્યાં સૂર્યનારાયણ પછી વાલખીલ્યાદિક ઋષિઓએ પ્રણામ કરી પૂજન કર્યું. ત્યારબાદ મહારાજ દાદા ને લઈ વૈકુંઠમાં ગયા. મહારાજને જોઈ લક્ષ્મીનારાયણદેવ પોતાના આસનથી ઉઠી ઘણા પ્રેમથી મહારાજની પૂજા કરી. પછી શ્રીજી મહારાજ દાદા પ્રત્યે બોલ્યા જે તમે લક્ષ્મીનારાયણદેવને પૂછો સર્વે અવતારના અવતારી તમો છો કે આ બિરાજમાન શ્રીજી મહારાજ છે. આ પ્રમાણે દાદા ખાચરે લક્ષ્મીનારાયણદેવ પ્રત્યે પૂછતા લક્ષ્મીનારાયણ દેવે કહ્યું જે આ પોતે શ્રીહરિ સર્વ અવતારના અવતારી છે. તેમની આજ્ઞા અનુસાર અમો સર્વ અવતારો વર્તીએ છીએ. ત્યારબાદ દાદાખાચરને લઈ શ્રીજી મહારાજ ગોલોકમાં પધાર્યા ત્યાં મહારાજને જોઈને પોતાના સિંહાસન ઉપરથી ઉતરી શ્રીકૃષ્ણ ભગવાને શ્રીજી મહારાજને પ્રેમપૂર્વક પોતાના સિંહાસનમાં પધરાવ્યા ને પૂજા કરી. પછી શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે આ પોતે શ્રીહરિ સર્વ અવતારના અવતારી છે ને સર્વના નિયંતા છે. ગોલોકમાંથી મહારાજ દાદા ને અક્ષરધામમાં લઈ ગયા ત્યાં શ્રીજીમહારાજને દિવ્ય સિંહાસનમાં બેસાડી મૂળ અક્ષરે મહારાજની પ્રથમ પૂજા કરી. ત્યારબાદ અક્ષરમુક્તોએ પૂજા-પ્રાર્થના કરી. અક્ષરધામની મૂર્તિ અને આ મૂર્તિમાં કોઈ ભેદ ન દેખાતા શ્રીજી મહારાજની મૂર્તિને અક્ષરધામની મૂર્તિ એકજ છે તે પ્રતીતિ કરાવી દાદાને પોતાના દેહમાં પ્રવેશ કરાવ્યો. આ સઘળી વાર્તા દાદા ખાચરે સભામાં સંભળાવી કે મહારાજ સર્વ અવતારના અવતારી અને સર્વના કારણ છે. મહારાજ અંતર્ધાન થયા પછી પણ સત્સંગમાં પ્રત્યક્ષ બિરાજમાન છે એની દ્રઢતા કરાવવા અને જીવોને છેલ્લો જનમ કરી પોતાના ધામમાં લઈ જવાનો સંકલ્પ કરે છે ત્યારે મહારાજ પોતે દર્શન દઈને પૂર્વનું જ્ઞાન પ્રગટ કરી બતાવે છે. એવા મુક્તોને પોતાનો મહિમા જેમ છે તેમ જણાવવા માટે તથા આપણને મહિમા સમજાય તે માટે આવા મુક્તોને આપણા સમીપ મોકલે છે. એ ન્યાયે આપણને એક સદ્‌ગુરુની વાત વાંચીએ. (શ્રી ધ્યાનમુદ્રિકા દર્પણ.)

વડનગર મુકામે સદ્‌ગુરુ મહાનુભાવાનંદ સ્વામીનાં શિષ્ય શ્રીરંગદાસજી અને તેમના શિષ્ય ઈશ્વરચરણદાસજી કે જેઓ સંવત ૧૯૫૦ની સાલમાં આ દેહનો મંડવાડ થયો તે સમયમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન પૂર્વના પાંચ જન્મનાં સંસ્કારની વાત જણાવતા હતા. અને પોતાના સ્વરૂપનાં દર્શન અને અભયદાન આપીને અંતર્ધાન થતા હતા. ત્યારબાદ સ્વામીનું (ઈશ્વરચરણદાસ) શરીર સારૂ થયું ને ઘણા સંતો તથા હરિભક્તોના આગ્રહથી સ્વામીએ પોતાની પૂર્વની વાત જણાવીને લખાવી છે.

વધુ આવતા અંકે



શ્રીહરિના ૬ઠ્ઠા, ૭મા અને ૮માં વંશજના મુખેથી

સંકલન - ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

કાળુપુર મંદિર શ્રી નરનારાયણદેવના ૧૮૬ માં પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી: શ્રી નરનારાયણદેવનો મહિમા જેટલો સમજીએ તેટલો ઓછો છે. યુનિવર્સિટીના ગ્રાઉન્ડ પર જ્યારે દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવતા હતા, ત્યારે ડોંગરેજી મહારાજ એવું બોલેલા કે, આપણે અહીં આ મહોત્સવ નિમિત્તે લાખો રૂપિયા ખર્ચીને ઉત્સવ કરીએ છીએ. તો શ્રી નરનારાયણદેવની સમક્ષ મંદિરમાં વિશેષ ભજન નહીં કરવાનું ! ત્યારે અમે તે સમયે ભારત ભરમાંથી વિદ્વાન ચુનંદા વેદપાઠી બ્રાહ્મણોને બોલાવીને શ્રી નરનારાયણદેવની સમક્ષ સતત ૮ દિવસ વેદના પાઠ કરાવેલા, બીજું એ સમયે અમારા લાલજી મહારાજશ્રીને જનોઈનો પ્રસંગ હતો, ત્યારે પણ ડોંગરેજી મહારાજ બોલેલા કે જનોઈ વિધિ થઈ રહે એટલે લાલજી મહારાજશ્રીને સૌ પ્રથમ શ્રી નરનારાયણદેવનું દર્શન કરાવજો. અને અમે પણ એમજ કર્યું હતું. તો આ રીતે આવા વિદ્વાન પુરુષો પણ શ્રી નરનારાયણદેવનો મહિમા સમજે છે. તો આપણે તો વિશેષ સમજવો જોઈએ અને આ સમજવામાં સુગમતા પડે એટલે અમે ષષ્ઠી પૂર્તિ મહોત્સવ પ્રસંગે 'વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ' નામની પુસ્તિકા લખી છે. જેના તમામ હરિભક્તોએ દરરોજ ૨ થી ૩ પેઈજ વાંચવા જોઈએ. પુસ્તિકા બહુ નાની છે. પરંતુ શ્રી નરનારાયણદેવનો મહિમા સમજવામાં બહુ ઉપયોગી છે.

મહારાજે પ્રથમના ૪૮ માં વચનામૃતમાં દરેક હરિભક્તને શ્રી નરનારાયણદેવની મૂર્તિ પૂજામાં રાખવા માટે આજ્ઞા કરી છે, એવું નથી કે શ્રીલક્ષ્મીનારાયણદેવ દેશના ભક્તોએ લક્ષ્મીનારાયણદેવની મૂર્તિ પૂજામાં રાખવી અને શ્રીનરનારાયણદેવ દેશના... સત્સંગી માત્રને મહારાજે કહ્યું છે કે એ મૂર્તિ તે શ્રી નરનારાયણદેવ પંડે જ છે. એવું જાણીને કોઈ દહાડો મૂર્તિ અપૂજ રહેવા દેશોમાં તથા મહારાજે પૂજાના અંતે શ્રી નરનારાયણદેવ પાસે માંગવાનું પણ શીખવાડ્યું છે કે હે મહારાજ ! અમને સત્સંગના ભીડામાં રાખજો અને સત્સંગ થકી પાડી નાંખે તેવા પરિબળોથી અમારી રક્ષા કરજો.

ત્રણ પ્રકારના માણસો પૈકી બે પ્રકારના માણસો પર અમને બહુ દયા આવે છે, દુઃખ થાય છે કે તેઓને મહારાજ તો મળ્યા છે. પરંતુ સુખ લઈ શકતા નથી. જેઓ શ્રી નરનારાયણદેવના સુખથી વંચિત રહે છે. પ્રથમ પ્રકારના માણસો રાવણ જેવા છે. રાવણને રામ મળ્યા, રાવણ રામને ભગવાન તરીકે માનતો હતો. પરંતુ કામ, ક્રોધ, અહંકાર, અભિમાન, માન આદિક અંતઃશત્રુઓને વશ થઈને રામનું સુખ લઈ શક્યો નહિ. ઉલ્ટુ રામ સાથે વૈર કર્યું. રાવણ અભાન અવસ્થાનમાં હતો. બીજા પ્રકારના માણસો કુંભકર્ણ જેવા હોય છે. કુંભકર્ણને પણ રામમળ્યા પરંતુ નિંદ્રા, આળસ, પ્રમાદ ને કારણે રામનું સુખ લઈ શક્યો નહિ. જે બેભાન અવસ્થામાં હતો. ત્રીજા પ્રકારના માણસો વિભિષણ જેવા હોય છે. વિભિષણનો રાક્ષસકુળમાં જન્મ હોવા છતાં રામને શરણે જઈને રામનું સુખ લીધું, તે સભાન અવસ્થામાં હતો. માટે આપણે સૌએ શ્રી નરનારાયણદેવનું સુખ લેવા માટે હંમેશને માટે સભાન અવસ્થામાં રહેવું.

પ.પૂ. લાલજી મહારાજશ્રી : અમે અમારા પુસ્તકમાં મહારાજનો ફોટો રાખીએ છીએ. એક દિવસ અમારા ટીચરે પૂછ્યું કે આ તમે કોનો ફોટો રાખો છો ? અમે કહ્યું કે શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આ ફોટો છે. તો શિક્ષક કહે કે સ્વામિનારાયણ ભગવાનના કોઈ પુસ્તકો છે ? અમે કહ્યું હા, ઘણા બધા પુસ્તકો છે. અમે તેમને શિક્ષાપત્રી અને વચનામૃત એમ બે પુસ્તકો આપ્યા. તેઓએ તે પુસ્તકો વાંચ્યા એટલે બીજા દિવસથી તેઓ "જયશ્રી સ્વામિનારાયણ" બોલતા થઈ ગયા. આ પહેલા તેઓ કોઈ દિવસ "જયશ્રી સ્વામિનારાયણ" બોલતા નહોતા. આવી રીતે આપણા પુસ્તકોમાં પણ માણસને, સત્સંગી બનાવી દે તેટલી તાકાત છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી : આપણને સૌને મહારાજ મળ્યા છે. આ નરનારાયણદેવ મળ્યા છે, તેનાથી મોટી કોઈ પ્રાપ્તિ નથી. તેનાથી કોઈ મોટું સુખ નથી. આપણે એક શ્વાસ લઈએ છીએ તેની પાછળ પણ મહારાજની કૃપા છે. પુરુષાર્થ કરવાથી બંગલા, ગાડી બધું મળે, પરંતુ ખૂબ પુરુષાર્થ કરવા છતાં પણ આવી કોઈને પ્રાપ્તિ થતી નથી. આપણને અનાયાસે કેવળ મહારાજની કૃપાથી આવડી મોટી પ્રાપ્તિ થઈ છે. આરતીમાં આપણે ગાઈએ છીએ. 'અડસઠ તીરથ ચરણે, કોટી ગયા કાશી.' તો તેનો નિરંતર કેફ રહેવો જોઈએ. *(ક્રમશઃ)*



યજ્ઞની અકળામણ

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

વૈશાખના પાંચેક દિવસ રહ્યા ત્યારે બધા જેતલપુરથી ખોખરા મહેમદાવાદ આવ્યા. શ્રીહરિ મેવાડા બ્રાહ્મણ નથુભટને ઘેર ઊતર્યા. સંતો બધા કાંકરિયા તટે ઊતર્યા. તળાવમાં સ્નાન કરી સંતો ભગવાં વસ્ત્ર ભૂમિ ઉપર, પથ્થર ઉપર કે નાના મોટા વૃક્ષ ઉપર સૂકવે ત્યારે કાંકરિયાની શોભા અપૂર્વ લાગતી. ભગવાન શ્રીહરિ સંતો-હરિભક્તો પાસે વારે વારે નિર્માનીપણાની વાતો કરતા. પણ વાત કરવાનો મર્મ કોઈ સમજી શકતા નહિ. એકાદશીના પ્રભાતે મહાપ્રભુએ નાના ભાઈને બોલાવીને કહ્યું, એકાદશી છે માટે પાંચ મણ પેંડા લાવજો. નાનાભાઈ કહે છે હે મહારાજ ! એટલા બધા પેંડા નહિ જોઈએ. બે મણ પેંડા તો ઘણા થઈ પડશે. શ્રીહરિ કહે, માણસ ઘણું છે. અમને તો લાગે છે કે પાંચ મણ પેંડા પણ ઓછા પડશે. તમે દસ મણ પેંડા મંગાવો. તે સિવાય બરફી, પતાસાં, કેળાં, કેરી વગેરે જે મળે તે લાવજો. આસપાસના ગામે પણ જાજો. આવો અવસર ફરી નહિ આવે. નાનાભાઈ આજ્ઞા અનુસાર બધી વસ્તુઓ લાવ્યા. પછી જમાડવામાં અધિક રુચિવાળા શ્રીહરિએ સંતોને, હરિભક્તોને, આજુબાજુમાં રહેતા જનોને, તેમજ અભ્યાગતોને - એમ બધાને તૃપ્ત થાય તે રીતે ફરાળ કરાવ્યું. પછી બોલ્યા, અમે આ શ્રેષ્ઠ યજ્ઞ આજે કરી લીધો. હવે કોણ જાણે કેવોય યજ્ઞ થશે કંઈ ઠેકાણું નથી. એમ નામ નિર્દેશ વગરની મોઘમ વાત કરી.

બારસના દિવસે હજારો અસુરો ત્યાં આવ્યા. વેરાગીના વેશ ધારણ કર્યા. અમદાવાદ અને કાંકરિયા વચ્ચેની ભૂમિ પર ડેરા તંબુ તાણ્યા. તંબુઓ પણ લાલ અને કાળા રંગના સાંકેતિક હતા. તેમાં ગુપ્ત રીતે કડિયાળી ડાંગો, ધોકા, છરા, કટાર, ખડગ, ત્રિશૂળ, બંદૂક, પરશુ, ચીપિયા, બરછી, પથરા વગેરે શસ્ત્રો ભર્યા હતા. જાહેરમાં ફરતા આ વેરાગીઓના દીદાર ભયભીત કરી મૂકે તેવા હતા. માથે જટાળા મોટા ડાઢાળા, લંગોટાવાળા, શરીરે રાખ ચોળેલા, દાંત કરડતા, મૂછ મરડતા, ચીપિયો ખખડાવતા, ઘડી ઘડીમાં તલવાર ખેંચતા, બંદૂક તાકતા, બરછી બતાવતા અને મદિરા પાન કરેલા ચારે બાજુ ધૂમતા ફરતા કહેતા હતા કે સ્વામિનારાયણમાં શક્તિ હોય તો હવે યજ્ઞ કરી બતાવે !

કેટલાક વેરાગીઓ બળતણ માટે લાકડાં કાપતા હતા. સામેથી યોગાનંદ, ચિદ્‌રૂપાનંદ, કલ્યાણાનંદ અને અરિહંત્રાનંદ એ ચાર સંતો ઝોળી માગીને આવતા હતા. તે નજરમાં આવ્યા. વાઘ જેવા વેરાગીઓએ દોડીને આ સંતોને બોચીમાંથી પકડ્યા. તેમની ઝોળીઓ ફગાવી દીધી. મારતા મારતા લાકડાં કાપતા હતા ત્યાં લઈ ગયા. ચારેય સાધુ માથે લાકડાના વજનદાર ભારા મૂક્યા. પાછળથી બળદને મારે તેમ પરોણો ધોંચતા અને દબડાવતા, ગાળો ભાંડતા પોતાના મુકામ પર લઈ ગયા. ઉઘાડા શરીરવાળા સાધુઓને બરડામાંથી લોહી નીકળવા લાગ્યું. નિઃસહાય અને નિરાધાર એવા આ સાધુઓ હરિ સ્મરણ કરતા કરતા ત્યાં મજુરી કામ કરવા લાગ્યા. એવામાં ત્યાંથી જમાતમાં અગ્રેસર હોય તેવો એક વેરાગી નીકળ્યો. સાધુઓને જોઈને એને હૈયે કંઈક દયા આવી. ગુસ્સે થઈ તેણે કહ્યું, વગર વાંકે આવા નિર્દોષ સાધુઓને બાંધી સિતમ કેમ ગુજારો છો ? છોડી મૂકો. એમને. મૃગલાંને મારવાથી શું ? શુરવીરપણું હોય તો મૃગરાજને પકડી મરદાનગી દાખવો. બાવાઓએ તેનું કહ્યું કાને ધર્યું નહિ. સંતોને નછોડ્યા.

વેરાગીઓ ચાર સંતોને પકડી ગોમતીપુર બાજુ લઈ ગયા છે એવા સમાચાર લાલદાસ ગોરાને મળ્યા. તે વેરાગીઓની છાવણીમાં ગયા. મંડળના વડાને મળ્યા. કહ્યું કે મારે આપના સઘળા શિષ્યોને જમાડવા છે તો કેટલું સીધુ જોઈશે તેની વિગત લખાવો જેથી તે પ્રમાણે માલસામાન મોકલી આપું. મહંતે રાજી થઈને જોઈતી સાધન સામગ્રી લખાવી. પછી લાલદાસ ગોરા રજા માગી જવા તૈયાર થયા ત્યારે મહંત થોડે સુધી વળાવવા બહાર આવ્યા. રસ્તામાં પેલા સંતો દેખાયા. લાલદાસે કહ્યું આમને કેમ પકડ્યા છે ? છોડી મૂકો. છોડી મૂકો. આમાંથી ટંટો ફિસાદ થશે તે સારું નહિ ગણાય. મહંતજી લાલદાસની છાયા હેઠળ આવી

અનુસંધાન પેજ - ૨૨ પર...



સત્સંગ ભાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

આરતીના પદની અદ્‌ભુત કથા

- શાસ્ત્રી હરિપ્રિયદાસ
(ગાંધીનગર)

મિત્રો ! વેકેશનમાં કેવી મજા પડે છે ? કોઈ ચિંતા જ નહીં. બસ રમવાનું અને ફરવાનું. માંડ માંડ બે મહિના છુટ્ટી મળે છે. જેવું વેકેશન પુરૂ થાય એટલે પાછી બકરી ડબામાં! એજ ભણવાનું, સ્કૂલે જવાનું, ટ્યુશન જવાનું ચાલું.

મિત્રો ! આ તો જગતના બાળકોની વાત થઈ, પરંતુ જે ભક્ત બાળકો છે તેની તો વાત જ જુદી છે. એ તો વેકેશનમાં સારૂ સારૂ શીખે, ઘરમાં મદદરૂપ થાય. દરરોજ મંદિરમાં જાય, સેવા કરે, કીર્તન શીખે, પ્રાર્થના શીખે, આરતી શીખે. આવી રીતે વેકેશનના સમયનો સારો સદુપયોગ કરે. તો તમે પણ આવી રીતે મંદિરમાં જઈને આરતી-પ્રાર્થના બોલતા હશો ને ? અને આપણી આરતી તો બધાને મોઢે જ હોય. નાના ટાબરીયાથી લઈને છેક મોટા વડીલ સુધ્ધા બધાને આવડતી જ હોય. તો તમને પણ આરતી આવડતી જ હશેને, દરરોજ સવાર-સાંજ ઘરે અને મંદિરે આરતી બોલતા જ હશો ! અને આરતીના રચયિતા મુક્તાનંદ સ્વામી છે. એ પણ તમે જાણતા જ હશો. પણ તમને ખબર છે, આપણી આરતીમાં ઘણા બધા અર્થોને ભાવ સમાયેલા છે. તો ચાલો, આપણે આરતીના શબ્દો સમજીએ ! મજા આવશે ને ? તો સહુ સાથે મળીને આરતીની પહેલી કડી બોલીએ.

જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય સદ્‌ગુરુ સ્વામી,
સહજાનંદ દયાળુ, બળવંત બહુનામી જય સદ્‌ગુરુ.

બહુ સરસ તમે બધા સાથે મળીને સરસ રીતે આરતીનું પહેલું ચરણ બોલ્યા. હવે તેનો અર્થ સમજીએ. મુક્તાનંદ સ્વામી પહેલ વહેલા પોતાના પ્રેમભાવમાં ઘુંટાઈને આવતા આ શબ્દો પરમાત્માને સમર્પે છે. સ્વામી સ્વયં સૌ પ્રથમપહેલ વહેલી જ્યોત પ્રગટાવીને સ્વામિનારાયણ ભગવાનની આરતી ઉતારે છે. હે દયાળુ ! હે બળવંતા ! હે બહુનામી ! તમારો જય જયકાર થાઓ. બળવંત એટલે તમામ શક્તિઓનાં સ્વામી. બહુનામી એટલે ભક્તને જે નામમાં ભાવ હોય તે નામથી પુકારે તો પણ તે ભગવાન તેની ભક્તિ સ્વીકારે છે. પ્રભુનાં એક-બે નહીં બહુ નામ છે. તેથી બહુનામી હજારો નામો છે. દયાળુ શબ્દ પહેલો એટલા માટે વાપર્યો વિચારજો. તમે ગમે તેવા ડાહ્યા હો, શાંત હો, ગમે એવા ધૈર્યશાળી હો પરંતુ તમારા કાર્યમાં કોઈ શંકા કરે તો તમને રીસ ચઢે. થોડો સમજાવવા પ્રયત્ન કરો પછી તરત જ રીસ ચડે. મુક્તાનંદ સ્વામી દયાળુ શબ્દ પહેલા જ પ્રયોજે છે. કારણ કે સ્વામીને સમાધિ પ્રકરણમાં શંકા થઈ હતી. છતાં પ્રભુ તમે મારા ઉપર ગુસ્સે ન થયા. હે પ્રભુ ! આ વખતે તો તમે શું કામ કર્યું છે ? મને હવે ખાત્રી થઈ કે તમારા ચરણમાં એકવાર પણ કોઈ આવીને પગે લાગે ને તો એનું કામ થઈ જાય છે. તો હું આપને પગે લાગું છું.

મિત્રો ! પહેલાં ચરણનો અર્થ સમજ્યા ને ! બહુ સરસ તો ચાલો હવે સાથે મળી બીજી કડી બોલીએ.

ચરણ સરોજ તમાર વંદુ કર જોડી,
ચરણે શીશ ધર્યા થી દુઃખ નાખ્યા તોડી.... પ્રભુ.

હે પ્રભુ ! ચરણ સરોજ સરોજ, એટલે આપના કમળ ચરણ-કમળમાં હું વંદન કરૂં છું. જેણે આ ચરણમાં વંદન કર્યું, મસ્તક અર્પણ કર્યું એના દુઃખ ઉભા નથી રહેતા. તમારી કૃપાથી એના દુઃખ દૂર થઈ જાય છે. ભાગવતમાં કથા આવે છે. યમરાજા એમના દુતો, યમદુતોને કહે છે કે બરાબર ધ્યાનથી સાંભળો, કોઈ જીવના ગમે તેવા પાપ હોય, પરંતુ એણે એકવાર પણ જો ભગવાનના ચરણમાં મસ્તક નમાયું હોય તો તેવા જીવને ક્યારે પણ જમપુરીમાં લાવવો નહીં. તો જે શ્રધ્ધા અને ભક્તિ ભાવથી ભગવાનના ચરણમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતા હોય તો તેના દુઃખ, કષ્ટ ભગવાન દૂર કરેજ, નિષ્કુળાનંદ સ્વામીએ પણ કહ્યું છે કે -

તમારા પ્રતાપ થકી મુકો મુખે વેદ ભણે
તમારા પ્રતાપ થકી રંક તે રાજા બણે.
તમારા પ્રતાપ થકી પાંગળો પર્વત ચડે,
તમારા પ્રતાપ થકી અંધને આંખ્યો જડે.

આવો પ્રબળ પ્રતાપ ભગવાનના ચરણોમાં વંદન કરવાનો છે.

હવે ચાલો આપણે આરતીની ત્રીજી કડી બોલીએ.

નારાયણ નર ભ્રાતા, દ્વિજકુળ તનુ ધારી,
પામર પતિત ઉધાર્યા, અગણિત નરનારી.. પ્રભુ.

મિત્રો ! બદ્રીકાશ્રમમાં દુર્વાસા ઋષિના શાપના બહાના નીચે નરનારાયણદેવ, દ્વિજકુળ એટલે ધર્મદેવને ત્યાં પ્રગટ થયા છે. સાક્ષાત્ પરમાત્મા દ્વિજકુળ એટલે કે ધર્મભક્તિને ત્યાં પ્રગટ થયા છે. પ્રગટ થઈને પરમાત્માનું મુખ્ય કાર્ય "પામર પતિત ઉધાર્યા" કેટલા ? બે, ત્રણ, પાંચ, પચ્ચીસ ના "અગણિત નરનારી" આપણા દેશમાં જ્યારે વિદેશીઓનું અંગ્રેજોનું શાસન આવ્યું ત્યારે અંગ્રેજોએ એક પુસ્તક લખ્યું છે. એમાં જાત જાતની નોંધ લખી છે. એમાં લખ્યું છે. સ્વામિનારાયણ ભગવાનને તેમની હયાતીમાં જ પરમાત્મા માનીને એમની પૂજા આરતીને ભક્તિ કરનાર એ વખતે લગભગ પાંચ લાખ કુટુંબો હતાં. "અગણિત નરનારી" અંગ્રેજોને પણ અંદાજ આવ્યો કે પાંચ લાખ કુટુંબો, વ્યક્તિ નહી. જે સ્વામિનારાયણ ભગવાનને માને છે. ભજે છે. પૂજે છે. વળી જે પામર પતિત હોય તે બધા જીવો પણ તમારે શરણે આવે છે.

જેમ કોઈ ડોકટર હોય, નવું દવાખાનું શરૂ કરે તો બે-ચાર જણને કહી રાખે કોઈ માંદા-સાંજા ગમે તેવા હોય, લાવજો આપણે દવા કરીશું. હું ફર્સ્ટ કલાસ પાસ છું. પેલા ભાઈ માંદાને વીણી વીણીને લાવવા માંડ્યા. કોઈ ઉધરસ ખાય, કોઈ ખોંખારા ખાય, કોઈ છીંકો ખાય, કોઈને માથું દુઃખે, કોઈને કાંઈ ને કાંઈ થાય, ડોકટર કંટાળ્યો. સાવ માંદલા-માંદલા શું લાવો છો. જરા સાજા તો લાવો, સાહેબ, તમારે ત્યાં સાજા લાવવાના હોય ? માંદા હોય એના માટે તો તમે દવાખાનું ખોલ્યું છે. માંદાને સાજા કરવા માટે તો તમે આ વિદ્યા ભણ્યા છો. તમારું કાર્ય, તમારું ધ્યેય જ માંદાને સાજા કરવાનું છે. એજ રીતે પરમાત્માએ, જેની સામે કોઈ ન જુએ એવા એવા માણસોને પોતાના શરણમાં લીધા.

સુરેન્દ્રનગર પાસે લીમલી ગામમાં સગરામ, જ્ઞાતિથી વાઘરી, બધા જ એને છેટો રહેજે છેટો રહેજે કરે. એક જ વાત. એને ક્યાંય આવકાર હોય જ શાનો. ક્યાંય આદર હોય જ શાનો. પણ સ્વામિનારાયણ ભગવાને એને ઘેર પધરામણી કરી. પરમાત્મા એક જ જુએ છે કે ભાવ ક્યાં છે? શ્રદ્ધા ક્યાં છે ? પ્રેમ ક્યાં છે ? એ પછી જ્ઞાતિ જોતા નથી. ભગવાન શ્રીરામજીએ શબરીને પૂછ્યું નહીં કે આ બોર તેં ધોયાં છે ? ચોખ્ખાં કર્યા છે કે એમને એમ લાવી છે? કશું પૂછ્યું નહીં પણ એનો ભાવ ભાળ્યોને તો એમાં બધું આવી ગયું. એ સગરામભક્ત જે જ્ઞાતિથી વાઘરી હતા એ સમયમાં એને એટલો બધો દૂર રખાતો. અસ્પૃશ્ય ગણાતો. પણ પ્રભુ એના કુબામાં પહોંચી ગયા. પધરામણી કરી. એને ઘેર રાત રોકાયા. બ્રહ્માનંદ સ્વામીએ એ પ્રસંગને કીર્તનમાં ગૂંથ્યો છે.

જેને ઘેર રજની તમે જાગ્યા,
કોણ હતી એની જાતડલી,
વહાલા પૂછું એક વાતડલી.
બ્રહ્માનંદ કહે સંશય થયો નહિ.
ધન્ય છે તમારી છાતલડી વહાલા પૂછું એક વાતલડી.

સગરામ ભક્તને ત્યાં રહી પ્રભુએ કથા-વાર્તા કરી. આવા તો પામર અને પતિત, પતિત એટલે જેને સમાજમાં હલકા ગણતા હોય તેવા, પણ જો સ્વામિનારાયણ ભગવાનને શરણે આવ્યા તો ભગવાને તેના દોષ દૂર કરાવી તેનો હાથ પકડીને તેનો ઉધ્ધાર કર્યો. પ્રેમાનંદ સ્વામીના શબ્દો અહિંયા યાદ આવે છે.

બાંહ્ય જાલીને કાઢી લીધો બારણે રે લોલ,
નહિ તો વહી જાત ક્યાંય ને ક્યાંય....

મિત્રો ! મજા આવીને, આરતીની બાકીની કથા આપણે હવે પછીનાં અંકમાં વાંચીશું, બોલો સ્વામિનારાયણ ભગવાનની જય.

●

વરદાન સાચું ક્યારે થાય ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એકવાર નારદજી એક ગામમાં ગયા. ગામમાં એક મુમુક્ષુએ નારદજીને પોતાના ઘરે આવવા આમંત્રણ આપ્યું. આ સદ્‌ગૃહસ્થે ભાવના સભર નારદજીનો આદર-સત્કાર કર્યો, પૂજા કરી. પછી પોતાની મૂંઝવણ વ્યક્ત કરી.

હે નારદજી ! મારા ઘરમાં ધનના ઢગલા છે. અનાજ, ફળ આદિક ધન-ધાન્ય પણ ઘણું છે. પણ મારા ઘરમાં હજુ સુધી ધોડીયું બંધાયું નથી. આપને હું વિનંતી કરું છું કે આપ મને આશીર્વાદ આપો. મારા ઘરે પુત્રનો જન્મ થાય. નારદજીએ કહ્યું, તમે સજ્જન છો. છતાં પણ તમારા ઘરમાં પુત્ર નથી. જાવો તમને સંતાન થશે. પણ હું પહેલા ભગવાનને જાણ કરીશ. પછી કહીશ.

નારદજી ભગવાન પાસે પહોંચ્યાં, "ભગવાન ! હે દયાળું! હે વૈકુંઠપતિનારાયણ આપને એક વિનંતી છે. "મેં

આજે એક સદ્‌ગૃહસ્થને પુત્ર પ્રાપ્તિના આશીર્વાદ આપ્યા છે. માટે તેને દીકરો થાય તેમ કરજો. વૈકુંઠ પતિ નારાયણે કહ્યું, "અરે રે નારદજી, આ તમે શું કર્યું. તમે જેને આશીર્વાદ આપ્યા તેના નસીબમાં તો સાત જન્મસુધી સંતાનની પ્રાપ્તિ નથી લખી. માટે જાઓ અને તેમને કહી દો સંતાન નહિ થાય."

નારદજી તો પાછા ગયા અને સદ્‌ગૃહસ્થને કહ્યું, "ભગવાને કહ્યું છે તમારા નસીબમાં તો સાત જન્મ સુધી સંતાન સુખ નથી." માટે હવે ભગવાન ભજો અને સંતાનની આશા છોડી દો. ત્યારે આ સદ્‌ગૃહસ્થ ઉદાસ થઈ ગયા. હશે... હરિ ઈચ્છા.

થોડા દિવસ પછી એક મહાત્માજી જંગલમાંથી તપ કરી ગામ તરફ આવતા હતા. રાગ-દ્વેષ રહિત, તપ-વ્રત યુક્ત, ભક્તિ નિષ્ઠાવાળા આ મહાત્માજીને ભૂખ ખૂબ લાગી હતી. માટે ગામમાં બૂમો પાડવા લાગ્યા. જે મને જેટલી રોટલી આપે તેટલા સંતાન તેને થશે. આ શબ્દો પેલા સદ્‌ગૃહસ્થના કાને પડ્યા. ત્યારે તેણે પોતાના ઘરમાંથી ત્રણ રોટલી લઈ આ મહાત્માને આપી. મહાત્માજી આશીર્વાદ આપી ચાલ્યા ગયા.

સમયાંતરે સદ્‌ગૃહસ્થને ઘેર ઘોડીયા બંધાયા. મહાત્માજીના આશીર્વાદથી ત્રણ બાળકો થયા. ધીમે ધીમે બાળકો પણ મોટાં થયા. એકવાર ઘરના આંગણામાં રમતાં હતા. તેવા સમયમાં તે ગામમાં ફરીથી નારદજી વિચરણ કરતા પહોંચી ગયા. નારદજીએ જોયું અરે આ શું ? આ ગૃહસ્થના ઘર આંગણે ત્રણ બાળકો રમે છે !!! બાળકોને જઈને પૂછ્યું, તમારા પિતાજી કોણ ? ત્યાં તો એક બાળક પોતાના પિતાજીનો ઘરમાંથી હાથ પકડીને બહાર લાવે છે. નારદજી ચમક્યા. આ બાજું આ સદ્‌ગૃહસ્થ તો કહેવા લાગ્યા. તમે તો જુઠ્ઠા બોલા છો. તમારા કહેવા પ્રમાણે જો મેં વિશ્વાસ રાખ્યો હોત તો ભગવાને મને આજે પણ દીકરા ન દીધા હોત. પણ એક મહાત્માના આશીર્વાદ ફળ્યા કે ત્રણ ત્રણ દીકરા મારે ઘેર રમે છે.

નારદજીને રીસ ચડી. તે તો સીધા પહોંચ્યા વૈકુંઠમાં. જઈને બૂમ પાડી. ક્યાં છે લક્ષ્મીપતિ નારાયણ. લક્ષ્મીજી દોડીને નારદજી સન્મુખ ગયા. હાથ જોડી કહ્યું આવો મુનિવર કેમ આટલા બધા ઉતાવળા દેખાવ છો. અરે પ્રભુ ક્યાં છે ? લક્ષ્મીજીએ કહ્યું એ તો માંદા થયા છે. માટે સૂતા છે. હે ! શું? ભગવાન માંદા થયા છે. સારું મારે એમને મળવું છે.

લક્ષ્મીજી ! નારદજીને વૈકુંઠપતિ નારાયણ પાસે લઈ ગયાં. વૈકુંઠપતિએ નારદજીને આવતા જાણી જાણે ભયંકર માંદવાડ હોય તેવો દેખાવ કર્યો. નારદજીએ પ્રભુને પૂછ્યું, "પ્રભુ ! આપનું આ દર્દ કઈ રીતે મટે ?" હું આપના માટે શું મદદ કરી શકું ? ત્યારે પ્રભુએ કહ્યું, "સાચા ભક્તનું માથું મળે તો આ દર્દ મટે. અને નારદજી તો ધરતી પર પહોંચ્યા. ચારે બાજુ ભક્તોને મળવા લાગ્યા અને પૂછવા લાગ્યા પણ માથું કોણ આપે ?

ફરતા ફરતા નારદજીને જે મહાત્માજીએ સદ્‌ગૃહસ્થને સંતાન પ્રાપ્તિના આશીર્વાદ આપ્યા હતા તેજ મહાત્મા મળી ગયા. નારદજીએ તેમને વાત કરી. વાત સાંભળતાં જ આ મહાત્માજી માથું કાપી આપવા તૈયાર થયા. તો ત્યાં તરત જ વૈકુંઠપતિ નારાયણ આવીને ઉભા રહ્યા.

નારદજી, વિચારમાં પડી ગયા કે આ બધું શું થઈ રહ્યું છે. ભગવાન તો સાજા થઈને અહીં આવી ગયા. વળી અકળાઈને પ્રભુને કહેવા લાગ્યા કે તમે તો અચરજ લીલા કરો છો. પ્રભુ કહે છે, નારદજી ! તમારે મુંઝાવવાની જરૂર નથી.

જે મહાત્માજી અત્યારે મને માથું દેવા ઉભા છે. તેમના જ આશીર્વાદથી સદ્‌ગૃહસ્થને ત્રણ સંતાન થયા. તમારું માથું હતું છતાં તમે ધરતી પર બીજા માથા શોધવા ગયા ! નારદજી ખરેખર માથું હલાવવા લાગ્યા કે વાત તો સાચી છે. પ્રભુ કહે છે. આવા મારા સંતો ભાગ્યની રેખ પર મેખ મારી શકે છે. મારૂં એમાં કંઈ ચાલતું નથી. માટે મેં તમને ના કહી હતી. નારદજી થોડામાં બધું જ સમજી ગયા.

ભક્તો ! શ્રીહરિએ વચનામૃતમાં કહ્યું છે કે ભગવાનના અનન્ય ભક્ત હોય તેનાથી ભગવાનને અર્થે શું ન થાય. માથું દેવું હોય તો પણ દે અને બ્રહ્માનંદ સ્વામીએ એ જ સમર્પણને કીર્તનમાં ગૂંથ્યું છે કે,

"સ્થિર મન મતવાલી થઈને
ચાલી હું તો શિર કરમાં લઈને, લાગ્યો મારે."

આવા ભક્ત હોય તેનામાં આપણે વાર્તા વાંચી તેવી શક્તિઓ રહેલી હોય છે.

ભક્તિ સુધા



અત્ર તત્ર સર્વત્ર - ઘનશ્યામ હી ઘનશ્યામ !

- તરલાબેન અતુલભાઈ પોથીવાલા (અમદાવાદ)

અયોધ્યા પુરીનાં બધા મંદિરો બાળ ઘનશ્યામનાં જાણીતાં ને માનીતાં પણ તેમાંય રામજન્મભૂમિનું મંદિર અને હનુમાનગઢીનું મંદિર તેમને બહુ ગમે. તેઓ ત્યાં રોજ દર્શન કરવા જાય, કથા સાંભળવા બેસે અને ભજન કીર્તનમાં પણ ઉત્સાહ ભેર ભાગ લે.

એકવાર આવી રીતે તેઓ હનુમાન ગઢીમાં દર્શન કરવા ગયા હતા, તે વખતે ત્યાં રામાયણની કથા ચાલતી હતી, ઘનશ્યામપ્રભુ તો એક ખૂણે કથા સાંભળવા બેસી ગયા. રાત પડવા આવી, પણ હજી ઘનશ્યામ ઘેર આવ્યા નહિ તેથી હવે માતા ભક્તિદેવીએ ઘનશ્યામજીને શોધવા માટે રામપ્રતાપભાઈને મોકલ્યા.

રામપ્રતાપભાઈએ હનુમાનગઢીમાં ઘનશ્યામને જોયા ને ધીરેથી કહ્યું, "ઘનશ્યામ! ચાલો ઘેર, મા બોલાવે છે !"

ઘનશ્યામ બોલ્યા, "આ કથા પુરી થાય કે આવું છું, તમે એટલીવાર બીજે દર્શન કરી આવોને !"

રામપ્રતાપજી બીજા મંદિરમાં દર્શન કરવા ગયા. ત્યાં ભાગવત કથા ચાલતી હતી. જોયું તો ત્યાં પણ એક ખૂણે ઘનશ્યામ બેઠા હતા અને એક ચિત્તે કથા સાંભળતા હતા. મોટા ભાઈને નવાઈ લાગી કે ઘનશ્યામ મારા પહેલાં અહીં કેવી રીતે આવી ગયા ? એમને તો હનુમાનગઢીની કથામાં બેઠેલાં જોઈને તો હું અહીં આવું છું!"

પરંતુ એ ઘનશ્યામજ છે એની ખાતરી થતાં એમણે ઘનશ્યામ પાસે જઈ કાનમાં કહ્યું, "ચાલો ઘેર ! મા બોલાવે છે !" ઘનશ્યામકહે, "આ કથા પૂરી થાય કે આવું છું!" રામપ્રતાપભાઈ કહે, "ઠીક, તો એટલીવારમાં હું શિવજીનાં દર્શન કરી આવું!"

આમ કહી એ શિવમંદિર ગયા. ત્યાં જોયું તો શિવપુરાણની કથા ચાલતી હતી અને ત્યાં પણ ઘનશ્યામએક ખૂણે બેઠા બેઠા એક ચિત્તે શિવકથા સાંભળતા હતા!

રામપ્રતાપજીની નવાઈનો પાર ન રહ્યો ! ઘનશ્યામ એટલીવારમાં અહીં મારી પહેલાં કેવી રીતે આવી ગયા ? એમણે ઘનશ્યામ પાસે જઈ કાનમાં કહ્યું, "ઘનશ્યામ! ઘરે ચાલો, મોડું થઈ ગયું છે, માં બોલાવે છે !"

"ઘનશ્યામ કહે મોટાભાઈ, એમ કરો તમે હનુમાન ગઢીએ જાઓ હું ત્યાં આવું છું."

મોટાભાઈ દોડતા હનુમાનગઢી ગયા. તેમને જોવું હતું કે ઘનશ્યામ માંરાં પહેલા અહીં કેવી રીતે આવી પહોંચે છે !

રામપ્રતાપભાઈએ હનુમાનગઢી જઈ જોયું તો ત્યાં કથા ચાલું હતી અને હવે પૂરી થવા પર હતી. જોયું તો ઘનશ્યામપહેલા જ્યાં બેઠેલા હતા ત્યાં જ અત્યારે પણ બેઠેલા છે અને એકચિત્તે કથા સાંભળી રહ્યાં છે ! રામપ્રતાપભાઈ તો અવાક બની ગયા. શું આ જ ઘનશ્યામ બધે છવાઈ ગયા છે ?

એટલામાં રામકથા સમાપ્ત થઈ. બાળઘનશ્યામ હનુમાનજીને પગે લાગીને મોટાભાઈ પાસે આવ્યા. "ચાલો મોટાભાઈ ઘેર જઈએ!"

મોટાભાઈ ઉંમરમાં નાના પણ ચમત્કારોમાં મહાન એવા ઘનશ્યામ પ્રભુની આંગળી પકડી ઘેર આવ્યા. રસ્તામાં એમને હનુમાનગઢી, કૃષ્ણમંદિર અને શિવ મંદિર એ ત્રણેય જગ્યાએ કથા સાંભળતા ઘનશ્યામજ જાણે દેખાતા હતા ! "તો પછી આ મારી સાથે આવી રહ્યાં છે તે કોણ ?"

આવી હતી બાળ ઘનશ્યામની બાળ લીલા ! અહીં પણ ઘનશ્યામ, તહીં પણ ઘનશ્યામ! સર્વત્ર ઘનશ્યામ!

●

સ્વરૂપ નિષ્ઠા

- ભગવતીબેન કાંતિલાલ સોની (પાટણ - ઉ.ગુ.)

ભાઈ આત્માનંદ સ્વામી મહા મોટા સંત હતા ને મહારાજની આજ્ઞા અખંડ પાળનારા હતા. પોતે એકસોને સત્તર વરસની આવરદા ભોગવી હતી. તેમને વાગડ ગામનું પાણી માફક આવતું તેથી ઘણું કરીને તેઓ ત્યાંજ રહેતા. એકવાર તેઓ જુનાગઢ મંદિરમાં દર્શન કરવા આવ્યા. ત્યારે ત્યાં સદ્‌ગુરૂ ગુણાતીતાનંદ સ્વામી હતા. તેઓ મહા સમર્થ સંત હતા. મહારાજની મૂર્તિને અખંડ દેખતા હતા. ને મહારાજના સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય સૌને કરાવતા હતા. બંને સદ્‌ગુરુ પરસ્પર મળીને દર્શન કરીને કુશળતા પૂછીને એકાંતમાં બેસીને વાત કરતા હતા. તે વખતે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા. "સ્વામી ! આ તમારો દેહ આ લોકમાં ઘણાં વરસ સુધી રહ્યો તેનું કારણ કાંઈ તમે જાણો છો ?"

ત્યારે ભાઈ આત્માનંદ સ્વામી કહે 'ના હું કાંઈ જાણતો નથી તે તમે મને વાત કરો.' ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા 'શ્રીજી મહારાજને તમે બહુજ વહાલા છો ને મહારાજની આજ્ઞા અખંડ પાળનારા છો. ને મહારાજ પણ તમને બહુ જ વ્હાલા છે. તમે મહા સમર્થ છો પણ મહારાજનું સ્વરૂપ જેવું છે તેમ યથાર્થ જાણવામાં તમારે કાંઈ ફેર છે. માટે મહારાજ એમ જાણે છે જે આ આત્માનંદ સ્વામી મને બહુજ વહાલા છે ને મારી મૂર્તિ વિના રહી શકે તેવા નથી તો ઝાઝા દિવસ જીવીને પણ મારા સ્વરૂપને જેમ છે તેમ જાણી પછી દેહ મેલે તો મારા સમીપમાં રહેવાનું એમને સુખ આવે એમ વિચારીને તમારો દેહ મહારાજ રાખે છે.

માટે શ્રીજી મહારાજના સ્વરૂપની હું તમને વાત કરું તે પ્રમાણે તમે તમારા અંતરમાં ઉતારી ધેડ બેસારી દો તો ઠીક. પછી તમારો દેહ મહારાજ મૂકાવી દેશે.

તે સાંભળી આત્માનંદ સ્વામીની આંટી હતી તે છૂટી ગઈ ને તેમણે મહારાજના સ્વરૂપનું જ્ઞાન યથાર્થ જાણ્યું. પછી ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, "ગુરૂ ! આવી વાત તમે મને ક્યારેય કરી નહોતી." ત્યારે સ્વામી કહે, "મેં તમને આજ મહારાજની આજ્ઞાથી વાર્તા કરીછે."

તે સાંભળી પોતે રાજી થયા. પછી બે દિવસ રોકાઈ ને ચાલ્યા તે વાગડ આવ્યા. ને ત્યાં થોડાં દિવસ રહી દેહ મેલ્યો ત્યારે શ્રીજી મહારાજ વિમાન લઈને તેડવા આવ્યા તે ભેગા વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા.

માટે દરેક હરિભક્તોએ સ્વરૂપ નિષ્ઠા સંપૂર્ણ કરી રાખવી. તેનો વાંધો બીજાથી ભાંગે તેમનથી.

●

ભજન કરે તે જીતે

- સંતોકી નિમિષા કે. (મેથાણ)

વજન કરે તે હારે ! મનવા ભજન કરે તે જીતે
તુલસીદલથી તોલ કરો તો બને પવન પરપોટો
મૂકો હિમાલય હેમનો તો મેરૂથી બને મોટો
આ ભારે હળવા હરિવરને મૂલવવો શી રીતે
ભજન કરે તે જીતે

કોઈ કવિએ કહ્યું છે કે જે વજન કરે છે તે હારે છે ભજન કરે તે જ જીતે. ભોજન નહીં પણ ભજન વધારે કરવું જોઈએ. પ્રભુ તો ભક્તના પ્રમને વશ થઈ જાય છે. પ્રભુ આગળ તો નિર્માની નિષ્કપટ, નિઃસ્વાર્થ ભાવે જો ભક્તિ કરો તો વ્હાલો અવશ્ય વશ થઈ જાય છે અને ભક્ત જેમ ઈચ્છે તેમ ભગવાન પોતે કરે છે. આ માત્ર અને માત્ર ભજનનો જ પ્રતાપ છે.

ઈતિહાસમાં બોડાળા ભક્ત થઈ ગયા. આ ભક્ત અને ભગવાન વચ્ચે એટલો બધો ગાઢ પ્રેમ હતો કે તેઓ આ હરિવરને તુલસીપત્રથી તોલ કરી શકતા. ત્યારે આ હરિવર પણ હવાથી હલકા બની જતા. જો કોઈ અભિમાન કરે તો ભારેમાં ભારે મેરૂ પર્વતથી પણ ભગવાન ભારે બની જાય છે. જ્યારે ચૌદભુવનનો સ્વામી આવે ત્યારે આપણે આપણા ગજ, વજનિયા અને ત્રાજવા વરવા મૂકી પ્રભુના ચરણ પકડી તેમના ચરણોમાં સ્થાન લેવું જોઈએ. જેથી આપણો મોક્ષ થઈ જાય અને આપણે જે ધ્યેયથી આ માનવ અવતાર મળ્યો છે એ સિદ્ધ થઈ જાય. આ ચૌદભુવનના સ્વામીના ભેદ પામવા માટે મોહ, માયાજાળમાંથી મુક્ત થવું જોઈએ. તો જ આ પરમેશ્વરને પામી શકાય છે. અને પ્રભુને પામવા માટેનો ઉત્તમ રસ્તો એ પ્રભુ ભક્તિ છે. પ્રભુમાં તલ્લીન થઈ પ્રભુનું ભજન જ કર્યા કરો. ભજનના જોરે જ ભગવાન ને વશ કરી શકાય છે. ભગવાન ભક્તવત્સલ છે. આથી જ વ્હાલા ભક્તો ભગવાનનું ભજન કરાય. વજન ન કરાય. વજન કરે એ તો હારે ભજન કરે એ જીતે.

અનુસંધાન પેજ ૧૭નું ચાલું...

ચૂક્યા હતા. ચારેય સંતોને છોડાવી મૂક્યા.

યોગાનંદ, કલ્યાણાનંદ વગેરે ચારેય સંતો શ્રીહરિ પાસે આવ્યા. તેમના મુખ પર વ્યથા હતી. વેદનાથી પીડાતા હતા. શોણિત ભીના તેમના શરીર જોઈ શ્રીહરિ દ્રવી ઉઠ્યા. રોમરોમ ઊભા થઈ ગયા. હેતથી બોલાવ્યા. ચારેય સંતો રડવા જેવા થઈ ગયા. આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. મહાપ્રભુએ તેમના માથે હાથ મૂકતાં કહ્યું, મન વચન કર્મથી કોઈનું પણ બૂરું ન ઈચ્છે એવા મારા સાધુની આ દશા કોને કરી ? ભ્રકુટિ ખેંચાણી, આંખો લાલ થઈ ગઈ. શરીર તપી ગયું. ક્રોધાવેશથી થોડીવાર બોલી ન શક્યા. આસપાસનું ભક્ત મંડળ હવે શું થશે તે જોવા અવાક્ બની રહ્યું પરંતુ સંતોને નિર્માનીપણું શિખવનાર શ્રીહરિએ પોતે પણ નિર્માણનીપણું પકડી લીધું. પછી બોલ્યા, તમે તો મારા સુખના અધિકારી છો. ધીરજ રાખજો. જ્યાં નીતિભ્રષ્ટ રાજા હોય ત્યાં તમારે રહેવું યોગ્ય નથી. હવે તમે સૌ સુરત જાઓ. ત્યાં નીતિવાળો રાજા આવ્યો છે. તમારું રક્ષણ કરશે. તમે નિર્માનીપણું છોડશો નહિ. એ તમારું જગતને જીતવાનું હથિયાર છે. એમ શિખ આપી ચારસો સંતોને સુરત મોકલ્યા.

રાત્રે પોતાના સેવકગણ સાથે બેઠેલા શ્રીહરિ થોડી ઉદાસીનતા જણાવી બોલ્યા. આપણું કંઈ ચાલ્યું નહિ. મજબુરીથી સંતોને સુરત મોકલવા પડ્યા. પાર્ષદો કહે, હે મહારાજ ! આપ સમર્થ છો. આપની ગતિ અકળ છે. તમારી મરજી મુજબ જ બધું બને છે. છતાં તમે આટલી દિલગીરી જણાવો છો તેથી દુઃખ થાય છે. અમને આજ્ઞા આપો. તમારે અર્થે અને તમારા સંતોના અર્થે અમારો દેહ કુરબાન છે. અમે અત્યારે જ દુશ્મનોના માથાં કાપી તમારી આગળ હાજર કરીએ. આજ્ઞા આપો. પ્રભુ ! આજ્ઞા આપો. તમારાથી અધિક અમારે કાંઈ નથી. શ્રીહરિ કહે છે હે પાર્ષદો, આપણે ધીરજ રાખો. જેઓ શુરવીર છે, ધીરજ અને ધર્મવાળા છે તેને જગતમાં સૌ યાદ કરે છે. ધીરજ અને શૂરવીરતા ખરે સમયે પરખાય છે. લાંખો શિયાળોના ટોળાં સામે સિંહ ગભરાતો નથી. ક્ષત્રિય, સિંહ અને સર્પ એ ત્રણેયમાં એક ગુણ સરખો છે કે તેઓ પ્રથમ કોઈનું નામ લેતા નથી. પણ જો કોઈ તેને છંછેડે તો પછી તેનો છોડતા પણ નથી. આમ પ્રાસંગિક વાતો કરી પછી કહ્યું, રાત ઘણી ગઈ છે માટે સૌ સૂઈ જાઓ. **(વધુ આવતા અંકે)**



??? પ્રશ્નપેટી ???

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (સ્વામિનારાયણ મંદિર જેતલપુર)

પ્રશ્ન : ૧ પર્વતભાઈ એક દિવસ માનસી પૂજા કરતા હતા. માનસી પૂજા કરતા તેમને સંકલ્પ થયો તે સંકલ્પમાં શું થયું હતું ?

પ્રશ્ન : ૨ "મનડું મૂરતિમાં વળગી રહ્યું રે, છાતી ઉપડતી અતિ ચોપતી રે.
ક્યારે હવે ભૂજ ભરી બાથ ભરાય, મનડું મૂરતિમાં વળગી રહ્યું રે."
આ કીર્તનના રચયિતા કોણ છે ?

પ્રશ્ન : ૩ સ્વામિનારાયણ ભગવાન કશી વાત કર્યા વગર એકવાર ગઢપુરથી વડતાલ જવા રવાના થયા. માણકી મહારાજે મંગાવી. માણકી ચાલી નહીં. દરબારો, અસ્વારી બધા મહારાજને કહેવા લાગ્યા, મહારાજ આજે માણકી આવું કેમકરે છે ? ત્યારે ક્યા નંદ સંતે પોતાના શબ્દોમાં તેનું નિરૂપણ કર્યુંછે ?

પ્રશ્ન : ૪ નિષ્કુળાનંદ સ્વામી રચિત "ભક્તિનિધિ" શાસ્ત્રમાં નિષ્કુળાનંદ સ્વામીએ ક્યારે ગ્રંથને પૂર્ણ કર્યો અને તેના કેટલા સોરઠા, દોહા, કડવા, પદ, ધોળ છે ?

પ્રશ્ન : ૫ શરીરનો રોગ ઔષધ હરે છે, તો મનનો રોગ ..... હરે છે ?

પ્રશ્ન : ૬ શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે સ્વ હસ્તે લખ્યું છે અને કહ્યું છે, કોનું ધ્યાન કરવા યોગ્ય નથી ?

પ્રશ્ન : ૭ અક્ષરધામનું આવરનું પડ તોડી ધામોના ધામી અક્ષરધામી અવની ઉપર સ્વામિનારાયણ ભગવાન પધાર્યા ત્યારે પોતાના સ્વહસ્તે નવ મંદિરની સ્થાપના કરી તે મંદિરો ક્યા છે ?

મે-૨૦૦૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) સર્વે સાધન કરતાં વાસના ટાળવી એ મોટું સાધન છે. (૨) મોહને ઉદય થવાનું કારણ તે વિષયમાં આસક્તિ તે જ છે. (૩) અનંત પ્રકારનાં પાપ છે પણ તે સર્વે પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત કરવું તે અતિ મોટું પાપ છે. (૪) વૈરાગ્ય, સ્વધર્મ, તપ અને નિયમએ ચાર સાધને કરીને ઈન્દ્રિયો જીતાય છે. અને ભગવાનની માહાત્મ્ય સહિત નવધા ભક્તિએ કરીને મન જીતાય છે. (૫) પોતાના ઈષ્ટદેવના જન્મથી આરંભીને દેહ મુકવા પર્યંતનાં ચરિત્રનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે તે શાસ્ત્ર સંસ્કૃત હોય અથવા પ્રાકૃત હોય પણ તેજ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે છે. (૬) પ્રભુ સિવાય બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની મરજી હોય તે પ્રમાણે વર્તે તે પ્રભુનો શરણાગત જીવ કહેવાય અને તેજ ભગવાનનો અનન્ય ભક્ત કહેવાય. (૭) ભગવાનની આજ્ઞા પાળે ત્યારે ભગવાન ભક્ત ઉપર રાજી થાય છે.

૧. સાંખ્યયોગી મંજુબા અને ભારતીબા (અમદાવાદ ગાદીવાળાશ્રીની હવેલી)
૨. વિષ્ણુભાઈ જીવાભાઈ પટેલ (સીતાપુર)
૩. ચંદ્રિકાબેન ઈન્દ્રવદનભાઈ પટેલ
૪. હરગોવનભાઈ ચતુરદાસ પટેલ (મોટપ)
૫. ચંદ્રિકા-પ્રગતિ ટાંક (જીરાગઢ)
૬. ભગવાનજીભાઈ વેલજીભાઈ સોની (મોરબી)
૭. દેવીબેન-આર. દબાસીયા (મીરજાપર-કચ્છ)
૮. વર્ષાબેન અરવિંદભાઈ સોની (મેમનગર)
૯. મેઘાબેન કમલેશકુમાર પટેલ (કુહા)
૧૦. કૈલાશબેન વિષ્ણુભાઈ પટેલ (નાંદોલ)
૧૧. છાયાબેન જે. પટેલ હંસાબેન એચ. પટેલ (દહેગામ)
૧૨. શારદાબેન કાંતિભાઈ પટેલ (નાંદોલ)
૧૩. ટીકું, રિન્કુ અને પૂજા (મારૂસણા)
૧૪. કાંતાબેન સોમાભાઈ પટેલ અને દિવ્યાંગભાઈ પટેલ (મારૂસણા)
૧૫. દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની (અમદાવાદ)
૧૬. સંદિપ રાજેશભાઈ ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
૧૭. ગંગાબેન ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
૧૮. ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ
૧૯. જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ (આનંદપુરા)
૨૦. ઘનશ્યામરાજુભાઈ પટેલ (આનંદપુરા)
૨૧. મેનાબેન ડાહ્યાલાલ (જાસલપુર)
૨૨. મેનાબેન મહેન્દ્રભાઈ સોની (નરોડા)
૨૩. ગોરધનભાઈ શંકરદાસ પટેલ (સોજા)
૨૪. રેખાબેન કીર્તિકુમાર પટેલ (ઊંઝા)
૨૫. હેમાંગી કીર્તિ ચોટલીયા (બીલીમોરા)
૨૬. માધવજીભાઈ હરખજીભાઈ આદ્રોજા (મોરબી)
૨૭. વિનોદભાઈ પૂંજાભાઈ પટેલ (વહેલાલ)
૨૮. રક્ષા, પૂજા, વનિતા (મારૂસણા)
૨૯. દિવ્યાંગ, પ્રયાગ, કૌશલ (મારૂસણા)
૩૦. નટવરભાઈ જે. પટેલ, રમેશભાઈ આઈ. પટેલ (મારૂસણા)
૩૧. સુમિત્રાબેન નરેશકુમાર ભાવસાર (વિસનગર)
૩૨. અરવિંદાબેન નરેશભાઈ ભાવસાર (ચાંદલોડીયા)
૩૩. વીણાબેન આર. ભાવસાર (નવરંગપુરા)
૩૪. માણેકબેન મણીલાલ પટેલ (દહેગામ)
૩૫. શિલ્પાબેન મણીલાલ પટેલ (દહેગામ)
૩૬. બાબુલાલ પી. ભાવસાર (અમદાવાદ)
૩૭. સાકરબેન નટવરલાલ પટેલ (નાંદોલ)
૩૮. સમસ્ત બાઈઓ (સ્વામિનારાયણ મંદિર બહેનોનું મોખાસણ)
૩૯. પ્રફુલાબેન એસ. પટેલ (ઉવારસદ)
૪૦. ભાવના કમલેશકુમાર ખંધડિયા (મોરબી)
૪૧. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર)
૪૨. એક હરિભક્ત
૪૩. રંજનબેન ડી. પાટડીયા (નવરંગપુરા)
૪૪. કરશનભાઈ જોઈતારામપટેલ (કોઠાવાળા)
૪૫. અમૃતલાલ કે. મોદી (સોજા)



સત્સંગ સમાચાર

શ્રી નરનારાયદેવના શુભ સાનિધ્યમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

સર્વોપરિ ઈષ્ટદેવ ભરતખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ્વામીની શુભ પ્રેરણાથી પ.ભ. ધનજીભાઈ કાનજીભાઈ મીસ્ત્રી પરિવાર તરફથી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નાર્થે પ્રસાદીના દિવ્ય સભા મંડપમાં વૈશાખ સુદ-૧ તા. ૬-૫-૦૮ થી વૈશાખ સુદ-૮ તા. ૧૨-૫-૦૮ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ યુવાન શાસ્ત્રી સ્વામી ધર્મકિશોરદાસજી (પ્રયાગરાજ મંદિરના કોઠારી)ના વક્તાપદે સુમધુર લાક્ષણિક શૈલીમાં ધામધૂમથી સંપન્ન થઈ. સવાર અને સાંજ બન્ને સમય વક્તા મહોદયના કંઠથી કથા સાંભળવા શ્રોતાગણ ધ્યાન મગ્ન બનીને એકચિત્તે કથાનું શ્રવણ કરતા હતા. તા. ૧૨-૫-૦૮ ના શુભ મંગળ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વ્યાસજીની આરતી ઉતારીને કથાની પૂર્ણાહુતિ કરવામાં આવી. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની યજમાન પરિવારે આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા.

પ.પૂ. મોટા મહારાજશ્રીએ વક્તા સંતની કથાની શૈલીની પ્રસંશા કરીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. શ્રીહરિનામ સ્મરણ સાથે કથાની પૂર્ણાહુતિ થઈ હતી. આ પારાયણમાં સભા સંચાલન શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીએ સંભાળ્યું હતું. *-(કલ્પેશ પટેલ)*

પ.પૂ. લાલજી મહારાજશ્રીની ક્રિકેટ મેચ

બોપલ મંદિરના તૃતિય પાટોત્સવ પ્રસંગે પધારેલ પૂ. લાલજી મહારાજશ્રીનું બોપલની બાળ સભાના બાળકોની સત્સંગ-પ્રવૃતિ તરફ ધ્યાન જતાં તેમની પ્રવૃતિને વેગ મળે તે માટે પૂ. લાલજી મહારાજે પોતાની સાથે બાળક્રિડારૂપ ક્રિકેટ મેચનું આયોજન તા. ૧૮-૫-૦૮ને રવિવારે આપણી ટર્ફ સ્કુલના પ્રાંગણમાં સવારે ૭-૩૦ થી ૧૨-૦૦ દરમ્યાન કરવામાં આવ્યું હતું. આમ તો આ ક્રિકેટ મેચ પૂ. લાલજી મહારાજશ્રીનો શુભ રાજીપો મેળવવાના આશયથી યોજી હતી. પૂ. લાલજી મહારાજશ્રીની કૃપાથી બોપલની બાળસભાની ટીમનો વિજય થયો હતો.

પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી પણ પોતાના દાદા બાળ ઘનશ્યામપ્રભુની બાળ-લીલાના તાદૃશ દર્શન કરાવતા હોય ને તે રીતે જ બોપલના બાળકોની સાથે ક્રિકેટ રમતા બાળ સહજ સ્વભાવથી રમતમાં ઓતપ્રોત થઈને બાળકોને પોતાના નિજાનંદનો અનુભવ કરાવી રૂડા દર્શન કરાવતા હતા.

શ્રીજી મહારાજના આઠમાં વંશજ એવા પૂ. લાલજી મહારાજમાં શ્રીજી મહારાજ જેવા જ રૂડા ગુણ છે. તેનો અનુભવ કરાવતાં બોપલની ટીમના કેપ્ટન શ્રી રાહુલને પોતાનું પ્રસાદીનું બેટ ભેટ કરી આશીર્વાદ આપી હર્ષ વ્યક્ત કર્યો હતો.

આ ક્રિકેટ મેચ દરમ્યાન પૂ. લાલજી મહારાજશ્રી તરફથી તમામ ક્રિકેટરોને નાસ્તો કરાવેલ હતો. મેચ દરમ્યાન પૂ. શ્રીરાજા પણ પોતાના ભૈયા (પૂ. લાલજી મહારાજ)ની રમત જોઈ આનંદ વિભોર થતા હતા.

બોપલના કોઠારી શ્રી અમૃતભાઈ પટેલ, શ્રી નટવરભાઈ વરિયા, શ્રી પ્રવિણભાઈ ઉપાધ્યાય (સંચાલક, બાળ સભા બોપલ) શ્રી સંજયભાઈ સોની, વિ. ઉપસ્થિત રહી પૂ. લાલજી મહારાજની આ ક્રિકેટ-ક્રિડાના દર્શનનો અનેરો લ્હાવો લીધો હતો. *-(પ્રવિણભાઈ ઉપાધ્યાય)*

બોપલ મંદિરમાં તૃતિય પાટોત્સવની ઉજવણી

પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી શ્રીનરનારાયણદેવ સ્કીમકમિટીના સભ્યશ્રી રતિભાઈ ખીમજીભાઈ પટેલે બોપલમાં ભવ્ય હરિમંદિરનું નિર્માણ કરાવીને શ્રી નરનારાયણદેવને સમર્પિત કરેલ. તે મંદિરનો તૃતિય પાટોત્સવ વૈશાખ સુદ-૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી બોપલ તથા આજુબાજુના વિસ્તારના વિશાળ સત્સંગી સમુદાયની હાજરીમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક, સમૂહ મહાપૂજા તથા અન્નકૂટ આરતી પૂ. લાલજી મહારાજશ્રીએ ઉતારી હતી. પ્રાસંગિક સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

બોપલ મંદિરના શા. ધર્મવલ્લભદાસજી તથા મહંત શા. હરિવલ્લભદાસજીની શુભ પ્રેરણાથી ગામ મેડાવાળા શ્રી દલસુખભાઈ ઠાકરશીભાઈ પટેલ તથા તેમના સુપુત્રો કનુભાઈ અને હર્ષદભાઈએ પાટોત્સવના યજમાનપદનો લાભ લીધો હતો.

અગ્રણ્ય હરિભક્તો શ્રી ખીમજીભાઈ પટેલ તથા શ્રી રતિભાઈ પટેલ (મેડાવાળા) તથા શ્રી જગદીશભાઈ દરજી, શ્રી રતિભાઈ ભાવસાર, કોઠારી શ્રી અમૃતભાઈ પટેલ આદિ અનેક હરિભક્ત ભાઈઓ-બહેનો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

-(પ્રવિણભાઈ ઉપાધ્યાય)

એપ્રોચ-બાપુનગર મંદિરમાં દિવ્ય બાળ સત્સંગ શિબિર

બાળકોને નાનપણથી જ સદાચાર તથા સત્સંગના દ્રઢ સંસ્કારો મળે તે હેતુથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ દરેક શહેર તથા ગામોમાં શ્રી ઘનશ્યામ બાળમંડળ ચલાવવાની શ્રી નરનારાયણદેવ યુવક મંડળના હરિભક્તોને આજ્ઞા કરેલ છે. પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદથી તથા એપ્રોચ મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી બાપુનગરમાં વિવિધ આઠ સ્થળોએ બાળ મંડળની અઠવાડિક સભાઓ થાયછે.

તા. ૨૭-૪-૦૮ ને રવિવારના રોજ સવારના ૭-૪૫ થી બપોરના ૧૧-૪૫ કલાક દરમિયાન પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રીના અધ્યક્ષ પદે તેઓશ્રીની શુભ નિશ્રામાં આ આઠેય સભાના બાળકોની સંયુક્ત બાળ સત્સંગ શિબિર રાખવામાં આવી હતી. કર્મશક્તિ મંદિરના પાટોત્સવ નિમિત્તની અન્નકૂટ આરતી ઉતારીને પ.પૂ. લાલજી મહારાજશ્રી સીધા એપ્રોચ મંદિરે પધાર્યા હતા. એપ્રોચ મંદિરના શ્રી વ્રજેન્દ્ર મ્યુઝિક બેન્ડના તાલે ધૂન્ય-કીર્તન સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત સામૈયુ કર્યું હતું.

બાળકો દ્વારા મંગળા ચરણ, ધૂન્ય-કીર્તન તથા ધાર્મિક પ્રશ્નોત્તરી સ્પર્ધા સંપન્ન થયા બાદ ખૂબ આકર્ષક ટ્રેડિશનલ ડ્રેસ વેશભૂષામાં સુંદર અભિનય સાથે સ્વાગત ગીત, પ્રાર્થના, કવ્વાલી, સદ્‌બોધક નાટક તથા રાસ રજૂ થયા હતા. આ ઉપરાંત બાળકોએ ઘનશ્યામ બાળ ચરિત્ર-વાર્તા, વ્યસનમુક્તિ - પ્રવચન, શિક્ષાપત્રી શ્લોક, વચનામૃત વક્તવ્ય વગેરે સંપૂર્ણ મુખપાઠ રજુ કર્યું હતું.

અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે મંદિરના મહંત સ્વામીએ શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષામાં ઉતિર્ણ થનાર બાપુનગરના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કર્યું હતું. ખૂબ મોટી સંખ્યામાં બાળકોએ આ સત્સંગ શિબિરમાં સહભાગી બની પ.પૂ. લાલજી મહારાજશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. શિબિર સાફલ્યમાં શ્રી ન.ના.દેવ યુવક મંડળની સેવા પ્રશંસનીય હતી. *- (ગોરધનભાઈ સીતાપરા)*

શ્રી સ્વામિનારાયણ મંદિર માણસામાં ૧૩૮ મો પાટોત્સવ ઉજવાયો

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી અને સ.ગુ. મહંત શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રીહરિના પ્રસાદીના માણસા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન દેવોનો ૧૩૮ મો પાટોત્સવ અભિષેક વૈશાખ સુદ-૬ ને તા. ૧૦-૫-૨૦૦૮ ના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે ષોડશોપચારપૂર્વક ધામધૂમથી સંપન્ન થયો.

આ પ્રસંગે પ્રાસંગિક સભામાં યજમાન પ.ભ.અનિ. કેશવલાલ રણછોડદાસ પટેલ તથા ગં.સ્વ. ધૂળીબેન કેશવલાલ પટેલ પરિવારના શ્રી રામાભાઈ, શ્રી ભગાભાઈ, શ્રી વિષ્ણુભાઈ, ચિ. સંજયભાઈ, ચિ. રાજેન્દ્રભાઈ આદિ સૌએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા.

ત્યારબાદ સંપ્રદાયના મૂર્ધન્ય લેખક અને સુપ્રસિદ્ધ વક્તા પૂજય શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી, શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, અત્રેના મહંત ઘનશ્યામસ્વામી, નાના પી.પી. સ્વામી (માણસા) અને પૂજારી સ્વામીએ પ્રસંગોચિત્ત પ્રવચન કર્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. *- (ઈશ્વરભાઈ)*

નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં માગૃતિયજ્ઞ

પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને મહંત સ્વામી દેવપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવની પ્રાગટ્ય ભૂમિશ્રી સ્વામિનારાયણ મંદિર નારણઘાટ ખાતે આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પધરાવેલ ચમત્કારિક, સંકલ્પ સિદ્ધ ભક્ત મનોરથ પૂર્ણ કરતા શ્રી કષ્ટભંજનદેવના રાજીપા અર્થે ચૈત્ર સુદ-૧૫ ને તા. ૨૦-૪-૨૦૦૮ (શ્રી હનુમાન જયંતી)ના શુભ દિવસે માગૃતિયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું. સાંજે ૪-૩૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્‌ હસ્તે પૂર્ણાહુતિનું શ્રીફળ હોમવામાં આવ્યું હતુ આવા અલૌકિક પ્રસંગના દર્શન હજારો હરિભક્તોએ કરીને ધન્ય બન્યા હતા. શ્રી હનુમાનજી મંદિરને કલરની સેવા અ.નિ. હિરાબેન ગણપતલાલ મોહનલાલ ભાવસારે (શ્રીજી ઘી પરિવાર) કરી હતી. *- (પૂજારી સ્વામી)*

વડનગર

વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ચૈત્ર વદ-૧૧ ના રોજ મહંત સ્વા. હરિસેવાદાસજીની પ્રેરણાથી હરિભક્તોએ ૧૨ કલાકની અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય કરી હતી. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીએ શ્રી ઘનશ્યામમહારાજની આરતી ઉતારીને ધૂન્યની પૂર્ણાહુતિ કરી હતી. આ પ્રસંગે પ.ભ. હરિભાઈ શામળદાસ મોદીએ ભાવિકોને મહાપ્રસાદ જમાડી તૃપ્ત કર્યા હતા.

- (મોદી હર્ષદભાઈ એસ.)

ઉમેદગઢ (તા. ઈડર) શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ઈડર મંદિરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરમાં રજત જયંતી મહોત્સવનું સુંદર આયોજન

તા. ૨૫-૪-૦૮ થી ૨૯-૪-૦૮ પર્યન્ત થયું. જેના ઉપલક્ષમાં શ્રીહરિયાગ, મહાપૂજા, શ્રીમદ્ સત્સંગિ ભૂષણ પારાયણ શા.સ્વા. હરિજીવનદાસજીના વક્તાપદે અને સહિંતાપાઠમાં સ્વામી મુક્તજીવનદાસ બિરાજ્યા હતા. આ પ્રસંગે સમસ્ત ધર્મકુળે ખૂબજ કૃપા કરીને પધારતા હરિભક્તોને મહા અલૌકિક સુખ પ્રાપ્ત થયું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રી આ પ્રસંગે પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ સ્વાગત પૂજન કરી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં યથા શક્તિ સેવા કરીને રાજીપો મેળવ્યો હતો. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. શ્રી ગાદીવાળાશ્રી પધાર્યા ત્યારે બહેનોએ દર્શન આશીર્વાદનો દિવ્ય લાભ લીધો હતો.

તા. ૨૯-૪-૨૦૦૮ના પૂર્ણાહુતિના દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. પ્રાસંગિક સભામાં હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પહાર કરી આશીર્વાદ મેળવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારીને દર્શનનો મહા લાભ આપ્યો હતો.

યજમાન પરિવારોને મંદિર તરફથી ચિત્ર પ્રતિમા ભેટ આપવામાં આવી હતી. સભા સંચાલન શા.સ્વામી આનંદજીવનદાસે કર્યું હતું.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવતા કહ્યું કે શ્રી નરનારાયણદેવનો દ્રઢ આશરો રાખજો. તેમાંજ સૌનું કલ્યાણ છે. આ પ્રસંગે અમદાવાદ, સોકલી, ટોરડા, પ્રાંતીજ અને મૂળી થી સંતો પધાર્યા હતા. સાપાવાડા મહંત સત્યસંકલ્પદાસે સુંદર આયોજન કર્યું હતું.

- (શા. આનંદજીવનદાસ)

અરોડા (ઘનશ્યામપુરા - ઈડર દેશ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી તથા ઈડર મંદિરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસની પ્રેરણાથી તથા સાપાવાડા મહંત સ્વા. સત્યસંકલ્પદાસના માર્ગદર્શનથી અત્રે મંદિરનો રજત જયંતી મહોત્સવ તા. ૨૭-૪-૦૮ થી તા. ૧-૫-૦૮ દરમ્યાન ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે સ.ગુશા. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત)ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું સુંદર આયોજન થયું હતું. સહિંતાપાઠમાં શા.સ્વા. ભક્તિવલ્લભદાસજી બિરાજ્યા હતા.

પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ખૂબજ ઉમળકા ભર્યું સ્વાગત કરી ભવ્ય શોભાયાત્રાના રૂપમાં જુના અરોડા ગામ સુધી પહોંચીને નિજ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી દર્શન કરીને પુનઃ નવા ગામમાં પધારી ત્યાંના મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારી, યજ્ઞની પૂર્ણાહુતિ કરીને સભામાં પધાર્યા હતા. સભામાં યજમાનશ્રી, પ.ભ. મોહન ભગત તથા શ્રી જેશંગભાઈ પરિવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરી આરતી ઉતારી અંતરના આશીર્વાદ મેળવ્યા હતા.

સભા સંચાલન શા.સ્વા. છપૈયાપ્રસાદદાસજીના માર્ગદર્શન મુજબ હરિભક્તોએ શિસ્તબધ્ધ પ.પૂ. મહારાજશ્રીનું ફુલહારથી સ્વાગત કરી દર્શન આશીર્વાદ લઈ, ધન્ય બન્યા હતા. મંદિર તરફથી યજમાનોને શાલ તથા ભગવાનનું સ્વરૂપ ભેટ રૂપે અપાયેલ.

છેલ્લે સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે શ્રી નરનારાયણદેવને મુકી બીજે જ્યાં ત્યાં ભટકવાથી કલ્યાણ ન થાય, કલ્યાણ તો શ્રી નરનારાયણદેવના આશ્રયમાં જ છે. તો તેમનો દ્રઢ આશરો રાખશો તો ક્યારેય વાંધો નહીં આવે.
આ પ્રસંગમાં ધામોધામથી સંતો મહંતોએ પધારી પ્રસંગને શોભાવ્યો હતો.

- (શા. છપૈયાપ્રસાદદાસ)

બાલવા ગામે અમૃત મહોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વરસો પહેલા અત્રેના મંદિરનો જિર્ણોદ્ધાર અનિ.સ.ગુ. શા. સ્વામી કેશવચરણદાસજીએ કરાવેલ. જે મંદિરને ૭૫ વર્ષ પૂર્ણ થતા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર) અને સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૨૭-૪-૦૮ થી તા. ૩-૫-૦૮ પર્યન્ત અમૃત મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેનો શુભારંભ પૂ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી અને અગ્રગણ્ય હરિભક્તોએ દિપ પ્રાગટ્ય કરીને કર્યો હતો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત) ના વક્તાપદે સુંદર રીતે સંપન્ન થઈ હતી. ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગ અને બહેનોના મંદિરમાં શ્રી ગણપતિજીની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૩-૫-૦૮ ના સવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું શુભ આગમન થતા ભવ્યાતિભવ્ય શોભાયાત્રામાં પ.પૂ. મહારાજશ્રીને બિરાજમાન કરીને ગામના ભક્તજનોને અલૌકિક દર્શનનો મહા લાભ આપ્યો હતો.

સૌ પ્રથમ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ બન્ને મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારીને સભામાં પધારીને કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી.

યજમાન પરિવારોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

ત્યારબાદ સંતોનું પૂજન કરવામાં આવ્યું હતું. સંતોની પ્રેરક વાણી બાદ સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. છેલ્લે બાઈઓના મંદિરમાં શ્રી ગણપતિજીની મૂર્તિ પ્રતિષ્ઠાની આરતી ઉતારીને યજ્ઞની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. આ પ્રસંગમાં જેતલપુર અક્ષર મહોલ વાડીના સંતો અને અમદાવાદ, છપૈયા અને જમીયતપુરાથી સંતો પધાર્યા હતા.

આ મહોત્સવમાં સભા સંચાલન શા.સ્વા. ભક્તિનંદનદાસજી (ગુરુ પી.પી. સ્વામી)એ સંભાળ્યું હતું.

- (મહંત કે.પી. સ્વામી, જેતલપુર)

શ્રી સ્વામિનારાયણ મંદિર ઊંઝામાં (સર્વોદય ટ્રસ્ટ) સપ્તાહ પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા જેતલપુરના મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીની પ્રેરણાથી અત્રે ઊંઝા શ્રી સ્વામિનારાયણ મંદિર (સર્વોદય ટ્રસ્ટ)માં અ.નિ.પ.ભ. પટેલ હરગોવનદાસ શિવરામદાસ પાલડીયાના સ્મરણાર્થે ગં.સ્વ. રઈબેનના સંકલ્પથી તા. ૧૨-૫-૦૮ થી તા. ૧૮-૫-૦૮ પ્રર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર પૂ. પી.પી. સ્વામીએ સંગીત સાથે સુમધુર વાણીમાં કથામૃત પાન કરાવ્યું હતું.

આ પ્રસંગે પૂર્ણાહૂતિના દિવસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ સભામાં પધાર્યા હતા. અને સપ્તાહ પારાયણની પૂર્ણાહુતિ કરી હતી. આ પ્રસંગે ધામોધામથી સંતો અને ગામોગામના હરિભક્તોએ પધારીને લાભ લીધો હતો. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

યજમાન પરિવાર તથા શ્રી અમૃતભાઈ માધવદાસ પાંચોટીયા આદિ સૌએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવી દિવ્ય લાભ લીધો હતો.

- (રામજીભાઈ પટેલ)

મેઘાણીનગરમાં રાત્રી કથા પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી અત્રેના સત્સંગી બહેનોના શુભ સંકલ્પથી તથા નાના પી.પી. સ્વામી (કોટેશ્વર ગુરુકુળ)ની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે તા. ૨૮-૪-૦૮થી તા. ૪-૫-૦૮ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ.શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે સંગીતના તાલ સાથે ધામધૂમથી સંપન્ન થઈ. આ પ્રસંગે હરિભક્તોએ મોટી સંખ્યામાં કથાનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

- (બળદેવભાઈ પટેલ)

અમદાવાદ મંદિર (કોઠાર) દ્વારા સત્સંગ સભાઓ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વામીની પ્રેરણાથી નીચેના સ્થળોએ આપણા કોઠારના સંતો એ સત્સંગ સભા યોજી હતી. જેમાં કાંકરાવાડી ગામ(તા. વિરમગામ) આદિશ્વર નગર નરોડા, ઘાટલોડીયા અને શાહીબાગમાં કોઠારી શા. રામાનુજ સ્વામી, શા. ધર્મકિશોરદાસ અને હરિજીવન સ્વામી આદિ સંત મંડળે સર્વોપરિ શ્રીહરિની લીલા ચરિત્ર, ધર્મકુળ માહાત્મય અને નિયમ, નિશ્ચય અને પક્ષની દ્રષ્ટાંત સાથે વાતો કરીને હરિભક્તોને હરિરસમાં તરબોળ કર્યા હતા.

(કલ્પેશ પટેલ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીજીનગર (હળવદ)

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૧ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે મૂળી મંદિરના મહંત સ્વામી, શા. ધર્મવલ્લભદાસજી, આદિ સંત પાર્ષદ મંડળે ઠાકોરજીના પાટોત્સવ પ્રસંગે આરતી, અન્નકૂટ આદિ કરીને મંદિર પર ધજા ચડાવવામાં આવી હતી. સંતોએ શ્રી રાધાકૃષ્ણદેવ અને શ્રી નરનારાયણદેવનો દ્રઢ આશરો રાખી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં વર્તીને સત્સંગની પ્રવૃતિ કરવા ઉપર ખાસ સૂચન કર્યું હતું. આ પ્રસંગે હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

- (મોરી મગનભાઈ)

માલવણ ગામે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા, આશીર્વાદથી તથા સુરેન્દ્રનગર મંદિરના મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી તથા સ્થાનિક ભક્તોના અથાગ સહયોગથી તા. ૧૩-૫-૦૮ થી તા. ૧૭-૫-૦૮ સુધી ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. આ પ્રસંગે પંચ દિનાત્મક પારાયણ શા.સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે થયેલી. ત્રિદિવસીય શ્રીહરિયાગનું આયોજન પણ થયેલું. તા. ૧૭-૫-૦૮ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન થઈ હતી. આ પ્રસંગે ધામોધામથી સંતો પધારેલા. સમગ્ર પ્રસંગનું સંચાલન શા.સ્વામી પ્રેમવલ્લભદાસજી (સુરેન્દ્રનગર) એ સંભાળ્યું હતું.

- (શૈલેન્દ્રસિંહ ઝાલા)

વિદેશ સત્સંગ સમાચાર

ક્લિવલેન્ડ (અમેરિકા)માં આપણી સેવા સંસ્થા દ્વારા ફ્રી મેડીકલ કેમ્પ યોજાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદ અને પ્રેરણાથી અમેરિકામાં આપણી I.S.S.O. સંસ્થાપિત 'સેવા' સંસ્થાની સામાજિક પ્રવૃત્તિ ઉત્તરોત્તર વધતી જાય છે.

૧૯ મી એપ્રિલ શનિવાર અને ૨૦ એપ્રિલ રવિવારના વિકેન્ડમાં આપણી સેવા સંસ્થા દ્વારા ક્લિવલેન્ડ ઓહાયોમાં સ્ટ્રોંગસવીલે ટાઉનમાં ફ્રી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. I.S.S.O. સંસ્થા દ્વારા સમગ્ર અમેરિકામાં આપણા ૧૦ માં મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા દરમ્યાન સેવા સંસ્થાના પ્રોફેશનલ ડોકટરો અને મેડીકલ સંસ્થા દ્વારા આ કોમ્યુનિટી હેલ્થફેરમાં ખાસ કરીને પોતાના હેલ્થની જવાબદારી અને તેનું ધ્યાન કેવી રીતે રાખવું તે માટેનો આ કેમ્પ ગોઠવવામાં આવ્યો હતો. કુલ ૧૫૦ દર્દીઓને સ્ક્રીનીંગ કરીને તેમનું વેઈટ, હાઈટ બ્લેડ પ્રેસર, સુગર, બ્લડ સુગર, કોલોસ્ટ્રોઅલ અને હિમોગ્લોબીન વગેરે ચેકઅપ કરીને સ્પેશ્યલ ડોકટરો દ્વારા યોગ્ય સૂચનાઓ આપવામાં આવી હતી.

જરૂરિયાત મંદ દર્દીઓને દવાઓ વિનામૂલ્યે આપવામાં આવી હતી. ૩૦ બ્લડ પ્રેસર મોનિટર્સ, ૪૦ ગ્લુકો મીટર અને ૪૦૦ ગ્લુકોમીટર ટેસ્ટીંગ સ્ટ્રીપ્સ વિના મૂલ્યે અપાઈ હતી.

'સેવા' સંસ્થા આપણા દરેક મંદિરોના પાટોત્સવમાં અને ન્યુજર્સી, કોલોનિયા, હ્યુસ્ટન અને બોસ્ટન મંદિરમાં કાયમી સેવા માટે ડોકટરો દર પંદર દિવસે પોતાની સેવા આપે છે. અત્યાર સુધીમાં 'સેવા' સંસ્થાના નાના મોટા અનેક કેમ્પ યોજાયા છે. અને તેમાં હજારોની સંખ્યામાં દર્દીઓને સેવા પુરી પાડીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી આવા આપણા કેમ્પ સફળ થઈ રહ્યાં છે. જેમાં આપણા હરિભક્ત ડોકટરોની સેવા ખરેખર ધન્યવાદને પાત્ર છે.

- (પ્રવિણભાઈ શાહ)

વોશિંગ્ટન ડી.સી. (I.S.S.O. ચેપ્ટર)

અત્રે ૨૭ એપ્રિલના રવિવાર સાંજના ૩-૩૦ થી ૭-૩૦ સુધી સવર્ણાપાર્ક કમ્યુનીટી સેન્ટરના હોલમાં ભજન કીર્તનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં શ્રીહરિ પ્રાકટ્યોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. સાથે સાથે તા. ૨૩-૪-૦૮ના રોજ શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવ પ્રસંગે તેઓશ્રીની તસવીરની આરતી ઉતારવામાં આવી હતી.

પૂજ્ય શ્રી પ્રફુલકુમારના અક્ષરવાસ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. સતત ૪ કલાક ભજન-કીર્તન (૨૭૩) વચનામૃત થાળ - આરતી કરીને સમૂહમાં પ્રસાદ વહેંચવામાં આવેલ.

૧૯૯૧ માં લોસએંજલસ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે શ્રી ઘનશ્યામમહારાજે શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ખેસ પકડ્યો હતો. તેજ રીતે કલિવલેન્ડ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે શ્રી ઘનશ્યામમહારાજે શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ખેસ પકડ્યો હતો તે પ્રસંગ સભામાં વર્ણવ્યો ત્યારે સમસ્ત સભા આશ્ચર્યચકિત થઈ ગઈ હતી.

ખરેખર આવા દિવ્ય ચમત્કારિક પ્રસંગો શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન પરથી થાય એ તો સહજ અને અલૌકિક છે.

અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે.

- (કનુભાઈ પટેલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર એલાઈડ બિલ્ડર્સ સિસલ્સ ટાપુ

અહીંયા સિસલ્સ ટાપુમાં શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા વર્તમાન પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી તેમજ ભુજ મંદિરના આપણા સંતોના માર્ગદર્શનથી અત્રે કચ્છના શ્રી નરનારાયણદેવ ગાદીના આપણા નિષ્ઠાવાન હરિભક્ત એલાઈડ બિલ્ડર્સ ગૃપના (શ્રી કુરજી રામજી ગૃપ) કે આર.જી. ગૃપે કેનિયા, મોરેશ્યસ, રોડ્રીગ્ઝ અને સિસલ્સમાં કન્ટ્રકશન અને હોટેલ ટુરિઝમના વ્યવસાયમાં ખૂબજ નામના મેળવી છે. છતાં પણ મૂળ સંપ્રદાય-ધર્મને ભૂલ્યા નથી. અવાર નવાર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને આગ્રહ કરીને આમંત્રણ પાઠવી તેડાવે છે. અને ધર્મકુળના દર્શન આશીર્વાદનું અપાર સુખ મેળવી અન્યને પણ લાભ આપે છે. અહીં આપણા નાના મોટા કુલ ત્રણ મંદિરો છે. જ્યાં સવાર-સાંજ નિત્યક્રમ પ્રમાણે પૂજા પાઠ અને શ્રીજી મહારાજની આજ્ઞા અને સંપ્રદાયની મર્યાદા મુજબ સત્સંગની પ્રવૃતિ થાય છે. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-મંડળ સાથે પધારીને હરિભક્તોને સુંદર દિવ્ય અલૌકિક લાભ આપ્યો હતો. અહીં આપણા નાના મોટા દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે.

આપણું 'શ્રી સ્વામિનારાયણ માસિક' દર માસે ત્યાં પહોંચે ત્યારે હરિભક્તોને સંપ્રદાયની આપણી પ્રવૃતિ અને શ્રીહરિના લીલા ચરિત્રો અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના પધરામણીના કાર્યક્રમો વાંચીને રૂબરૂ દર્શન કર્યાનો અનુભવ થાય છે. ત્રણે મંદિરોમાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દ્વારા માન્ય શાસ્ત્રોનું જ વાચન કરવામાં આવે છે.

અહીં એલાઈડ બિલ્ડર્સે પોતાનો પાયો ૨૮ વર્ષ પહેલા નાખેલો જે આજે એક મોટું વટવૃક્ષ બન્યું છે. ક્રિશ્ચિયન ટાપુમાં આપણા ૩૫૦ જેટલા ભારતીય મૂળના કામદારોની સંખ્યા ધરાવતી દેશની અગ્રગણ્ય કંપનીએ મૂળ સંપ્રદાય શ્રી નરનારાયણદેવ ગાદીનું ભવ્ય શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કરીને અહીં સત્સંગનો પાયો મજબુત કર્યો છે. શ્રી કુરજીભાઈ રામજી ગૃપ સાથે અહીંના એમ.ડી. શ્રી પ્રવિણભાઈ દરાડે પણ ખૂબજ નામના મેળવી છે. એલાઈડ બિલ્ડર્સ દ્વારા માહે, પ્રાલે અને લાડીક ટાપુમાં પણ આપણા સુંદર હરિમંદિરોનું નિર્માણ કરાવીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સંતોનો રાજીપો મેળવ્યો છે. આવા સુંદર ટાપુમાં આપણા મૂળ સંપ્રદાયના મંદિરથી આપણા હરિભક્તોને ભગવાનનું ભજન-કીર્તન સ્મરણ કરવાનું સુંદર સુખ મળે છે. ધન્ય છે. આવા વિરલ હરિભક્તોને.

- (કુરજી રામજી ગૃપ મંદિરના મુખ્ય પૂજારી નિતીનભાઈ જોશી)

નડોલા (ઝાંબીયા) સત્સંગ મંડળ

નડોલા ઝાંબીયામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંડળના આપણા હરિભક્તો ઘર સભાનું સુંદર આયોજન કરીને મૂળ સંપ્રદાયના સિદ્ધાંતો અને પ્રણાલિકા મુજબ ભગવાન શ્રીહરિનું ભજન સ્મરણ કીર્તન સમૂહમાં કરે છે.

અહીં દરેક એકાદશી અને બીજા આપણા મુખ્ય ઉત્સવના દિવસોએ સત્સંગ સભા યોજવામાં આવે છે. શ્રીહરિ પ્રાગટ્યોત્સવ રામનવમીના ભજન કીર્તન કથા વાર્તા કરી નાના બાળકો પાસે કેક કાપીને આપણા ઈષ્ટદેવનો જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. હવેની સભામાં શિક્ષ કવિ સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીના ૧૦૦ પદ ગાવાનું આયોજન છે.

સત્સંગ સભામાં શ્રી પ્રફુલભાઈ સોની, શ્રી રમણભાઈ પટેલ, શ્રી કિરીટભાઈ પારેખ, શ્રી જયેશ પટેલ, શ્રી જ્યોતિન્દ્રભાઈ સોની અને પન્નાબેન આદિ સૌ હરિભક્તો પરિવાર સાથે સત્સંગમાં આવે છે. સભામાં ૨૭૩ વચનામૃત, કીર્તન, ભક્તિ, નિત્ય-નિયમ, થાળ, આરતી ઠાકોરજી સમક્ષ કરીને સૌ ખૂબજ આનંદ અનુભવે છે.

- (જયેશ પટેલ)

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦ શ્રી લક્ષ્મણભાઈ જીવાભાઈ ચાવડા ધર્મકુળ પરિવારની અવિરત સેવાના ૪૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે	સ્વા.બાગ મેમનગર
૧૦૧-૦૦ શ્રી મુકતાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી જગદીશ બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી ભરત બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી કીર્તિકુમાર બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે	યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી મહેન્દ્રકુમાર બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી દિલીપ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામજગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ નાઈરોબી
૧૦૧-૦૦ શ્રી જય કીર્તિકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ યુ.એસ.એ.
૧૦૧-૦૦ શ્રી હાર્દિક દિલીપકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ધૂળકોટ વિલેપાર્લા
૧૦૦-૦૦ શ્રી જેઠીબેન સોમાભાઈ ગોદડ નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે	ઊંઝા
૧૦૧-૦૦ શ્રી કૌશિક, દિપીકા, જીજ્ઞેશ મિસ્ત્રી શ્રીજી પ્રસન્નાર્થે	માણેકપુર (મીરારોડ)
૧૦૧-૦૦ શ્રી ભરતકુમાર અમૃતલાલ મોદી નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	સાબરમતી
૧૦૧-૦૦ શ્રી ભાવેશભાઈ બાબુભાઈ ગજેરા વેગનઆર ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી લાલજીભાઈ નાગજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	ડુમાણા
૨૦૧-૦૦ શ્રી છનાલાલ ભક્તિદાસ પટેલ સરકારી નોકરીમાંથી નિવૃત થયા તે નિમિત્તે	ડાંગરવા
૧૦૧-૦૦ શ્રી ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ પટેલ ભૂમિબેન અને જમાઈ ઓસ્ટ્રેલીયા ગયા તે નિમિત્તે	કડી
૧૦૧-૦૦ શ્રી ભરતભાઈ પ્રહલાદભાઈ પટેલ તથા ભાવનાબેન ભરતભાઈ દક્ષિણ ભારત યાત્રા નિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦ શ્રી ભાવેશ ભરતભાઈ પટેલ ચિ. પ્રાંચીના જન્મનિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦ શ્રી અનિ. ડાહ્યાભાઈ સાંકાભાઈ પટેલ (હ. ચંદુભાઈ) શ્રીજી પ્રસન્નાર્થે	લાલોડા
૧૦૧-૦૦ શ્રી ડાહ્યાભાઈ મણીલાલ પટેલ નવી ગાડી નિમિત્તે	કડી
૧૦૧-૦૦ શ્રી શંકરભાઈ કોદરભાઈ પટેલ નોકરી મળી તે નિમિત્તે	મારૂવાડા
૧૦૦-૦૦ શ્રી ચંદુલાલ પરસોત્તમદાસ ભાવસાર ૭૩ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે	નવાવાડજ
૧૦૧-૦૦ શ્રી અમિતભાઈ બાબુલાલ પટેલ જીજ્ઞાસાબેનને નર્સની નોકરી મળી તે નિમિત્તે	મરતોલી
૧૦૧-૦૦ શ્રી ઉત્પલકુમાર નટવરલાલ ચિ. પુત્રી વાચાના જન્મનિમિત્તે	વક્તાપુર
૨૦૦-૦૦ શ્રી વિનોદ જે. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	હૈદ્રાબાદ
૧૦૧-૦૦ શ્રી લક્ષ્મણભાઈ મંગળદાસ કડીયા ચિ. હેતના જન્મપ્રસંગે	કલોલ
૧૦૫-૦૦ શ્રી રામાભાઈ ફતાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મોટા ભાટેરા
૧૦૧-૦૦ શ્રી નિકુંજકુમાર પ્રવિણભાઈ શુભ લગ્ન પ્રસંગે	ડેમાઈ
૧૦૦-૦૦ શ્રી નીતાબેન ચેતનકુમાર બાબાના જન્મનિમિત્તે	ડેરોલ સ્ટેશન
૧૦૧-૦૦ શ્રી હંસાબેન જીતેન્દ્રકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મણીનગર
૨૦૧-૦૦ શ્રી સુધાબેન અનંતકુમાર પટેલ ચિ. રાહુલ તથા ચિ. કુંજલના લગ્ન પ્રસંગે	નાંદોલ
૧૦૧-૦૦ શ્રી કુંજલબેન અનંતભાઈ પટેલ ઓસ્ટ્રેલીયા ગયા તે નિમિત્તે	નાંદોલ
૩૦૦-૦૦ શ્રી જગદીશભાઈ અંબાલાલ પટેલ નવું મકાન બનાવ્યું તે નિમિત્તે	મોટેરા
૧૦૧-૦૦ શ્રી હર્ષિલ રાકેશભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	ગાંધીનગર
૧૦૧-૦૦ શ્રી કેવલભાઈ અજીતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ઉવારસદ
૧૦૧-૦૦ શ્રી કુમુદચંદ્ર જગન્નાથ ઉપાધ્યાય શ્રીહરિ જયંતી પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી વિજય અરવિંદભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી નીતા રાજેશકુમાર જન્મદિન નિમિત્તે	દહીંસરા-મુંબઈ
૧૦૧-૦૦ શ્રી પ્રીતિબેન પ્રવિણભાઈ પંચાલ એમ.બી.બી.એસ.માં પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી શ્રીહરિ જયંતી નિમિત્તે	સેટેલાઈટ
૧૦૧-૦૦ શ્રી મનન નલિનકુમાર ભાવસાર નવું બાઈક લીધું તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦ શ્રી અમૃતભાઈ સોમનાથ જાની પ્રથમપુણ્ય તિથિ નિમિત્તે	ચાંદલોડીયા

૧૦૧-૦૦ અનિ. લાભુબહેન ઓધવજીભાઈ સોનીના સ્મરણાર્થે	લસુન્દ્રા
૧૦૧-૦૦ શ્રી નિરવકુમાર સૂર્યકાંતભાઈ પટેલ શુભ લગ્ન પ્રસંગે	કુહા
૨૦૧-૦૦ શ્રી ભદ્રેશકુમાર ચંદુલાલ પટેલ નવું એકટીવા લીધું તે નિમિત્તે	સરલી (કચ્છ)
૧૦૧-૦૦ શ્રી દિનેશ રાબડીયા પુત્ર જન્મપ્રસંગે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦ શ્રી શિવનારાયણ પુરુષોત્તમદાસ પટેલ જન્મદિન નિમિત્તે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦ શ્રીમતી ભાનુમતી શિવનારાયણ પટેલ ૨૨૭ મી શ્રીહરિ જયંતી પ્રસંગે	અંધેરી-મુંબઈ
૧૦૧-૦૦ શ્રી વાલજીભાઈ મુરજીભાઈ રાઠોડ ચિ. પરેશના લગ્ન પ્રસંગે	નાંદોલ
૧૨૧-૦૦ શ્રી ભીખાભાઈ છોટાભાઈ પટેલ ચિ. ડિમ્પલ તથા ચિ. પ્રિતેશના લગ્ન પ્રસંગે	વિરમગામ
૨૫૧-૦૦ અનિ. રામજીભાઈ ડાહ્યાભાઈ પટેલ પુણ્યતિથિ નિમિત્તે	બામરોલી
૨૦૧-૦૦ શ્રી મંજુલાબેન ગણેશભાઈ પટેલ બીજી પુણ્ય તિથિ નિમિત્તે	રતનપર
૧૫૧-૦૦ શ્રી રામાભાઈ વાલાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	આનંદપુરા
૧૦૧-૦૦ શ્રી હર્ષિલભાઈ નરેન્દ્રકુમાર પટેલ સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે	દોરારાણા વાસણા
૧૦૦-૦૦ શ્રી બળદેવભાઈ ભીખાભાઈ ચૌધરી શ્રીજી પ્રસન્નાર્થે	મોટી કુંકાવાવ
૧૦૦-૦૦ શ્રી જયંતીભાઈ જે. દેસાઈ ચિ. જિજ્ઞા, અતુલ અને વિપુલના લગ્ન પ્રસંગે	કાલીયાણા
૧૦૦-૦૦ શ્રી મહેશભાઈ હજાભાઈ મોરી ચિ. હર્ષિલભાઈના જન્મદિન નિમિત્તે	ઊંઝાવાળા
૧૦૧-૦૦ શ્રી વસંતભાઈ સીતારામપટેલ જન્મદિન નિમિત્તે	કઠલાલ
૧૦૧-૦૦ કા.પટેલ મહેશભાઈ ચંદુલાલ તેમના પિતાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે	બાપુનગર
૧૦૧-૦૦ શ્રી ગોકુળભાઈ સવજીભાઈ પટેલ ચિ. પરાગની સગાઈ નિમિત્તે	કલોલ
૧૦૧-૦૦ શ્રી દેવાંગ ભક્તિદાસ પટેલ જન્મદિન પ્રસંગે	રાણીપ
૧૦૦-૦૦ શ્રી ચંદ્રપ્રકાશ ચુનીલાલ પટેલ ચિ. પ્રાર્થનાના લગ્ન પ્રસંગે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦ શ્રી ચિમનલાલ મણીલાલ કા. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	સુરત
૧૦૦-૦૦ શ્રી મનીષા સંજીવ કપીલ શ્રીજી પ્રસન્નાર્થે	સોજાવાળા
૧૦૦-૦૦ શ્રી કેશવલાલ મગનલાલ પટેલ પુણ્યતિથિ નિમિત્તે	ખેરોલ-નરોડા
૧૦૧-૦૦ શ્રી બાબુભાઈ શામળભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	અજરાપુરા
૧૦૧-૦૦ શ્રી અનીલકુમાર જયંતીભાઈ પટેલ અભ્યાસ પુરો થયો તે નિમિત્તે	મેમનગર
૧૦૧-૦૦ શ્રી ખુશ અલ્પેશકુમાર પટેલ જન્મદિન પ્રસંગે	બાયડ
૧૦૦-૦૦ શ્રી હિરેનકુમાર સુરેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	બાયડ
૧૦૦-૦૦ શ્રી દિપેનકુમાર સુરેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	કોઠંબા
૧૦૧-૦૦ શ્રી સુભાષભાઈ પ્રભુદાસના ચિ. ભાવિકભાઈના જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૫૫૧-૦૦ એક હરિભક્ત શ્રી નરનારાયણદેવની કૃપાથી સોનાની ખોવાયેલ વીંટી મળી તે નિમિત્તે	અમદાવાદ (જીરાગઢ)
૧૦૧-૦૦ હર્ષ રાજેશભાઈ વરૂ ધો.-૨ માં ૯૩%એ પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ (જીરાગઢ)
૧૦૧-૦૦ દર્શન રાજેશભાઈ વરૂ સીનીયર કે.જી.માં ૮૫%એ પાસ થયા તે નિમિત્તે	રાજકોટ
૧૦૧-૦૦ શ્રી કેતન વિઠ્ઠલભાઈ પરમાર જન્મદિન નિમિત્તે	અસલાલી
૧૦૦-૦૦ શ્રી પરાગ યશોધર પટેલ જન્મદિન નિમિત્તે	સેટેલાઈટ
૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ મોદી શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	ગાંધીનગર
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ એન. ત્રિવેદી શ્રીજી પ્રસન્નાર્થે	શ્રી સ્વા. સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુર વાડી
૧૦૧-૦૦ પાઠક મહર્ષિ જન્મદિન નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પાઠક મૃદુલાબેન શ્રી હર્ષદરાય હરિલાલ રાવલની પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે	બોપલ
૧૦૧-૦૦ શ્રી વિનયકાંત નટવરલાલ ઠક્કર ચિ. દિવ્યેશ આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં મેનેજર થયા તે નિમિત્તે	જીરાગઢ
૨૦૦-૦૦ અનિ. મગનભાઈ લાલજીભાઈ રાઠોડ પુણ્ય તિથિ નિમિત્તે	રાણીપ
૧૦૧-૦૦ જીની વિજયભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	રાજપુર
૧૦૧-૦૦ પટેલ સની, સ્વાતિ, ભરતભાઈ પટેલ જન્મદિન નિમિત્તે	કનીપુરવાળા (અમદાવાદ)
૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ ભુલાભાઈ પટેલ નવું એકટીવા લીધું તે નિમિત્તે	વડનગરવાળા
૧૦૧-૦૦ શ્રી હસમુખભાઈ શંકરલાલ ભાવસાર નવો ફલેટ લીધો તે નિમિત્તે	કુંડાલ
૧૫૧-૦૦ શ્રી હર્ષદકુમાર કનુભાઈ પટેલ શુભ લગ્ન પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ શ્રી વલ્લભભાઈ ખેમાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	

સર્વોપરિ શ્રી નરનારાયણદેવ અને પ.પૂ.આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની પ્રસન્નાર્થે દુબઈથી આપણા હરિભક્તો દ્વારા આવેલ ભેટ

૫૩૫-૫૦	શ્રી ગીતા હરજી નાનજી હાલાઈ	કોડકી (કચ્છ)
૫૩૫-૫૦	શ્રી શાંતિલાલ કેસરા ભંડેરી	રામપર (કચ્છ)
૨૬૨-૫૦	શ્રી નારણ ધનજી મેપાણી	સુરજપર (કચ્છ)
૧૦૫-૦૦	શ્રી શામજી પ્રેમજી રાધવાણી	બળદીયા (કચ્છ)
૫૨૫-૦૦	શ્રી મનજી ખીમજી જાગાણી	સુરજપર (કચ્છ)
૧૫૭-૫૦	શ્રી લાલજી કરશન વેકરીયા	સુખપર (કચ્છ)
૧૫૭-૫૦	શ્રી કાનજી રાવજી ગોરસીયા	સુખપર (કચ્છ)
૫૨૫-૦૦	શ્રી માવજી પ્રેમજી રાધવાણી	બળદીયા (કચ્છ)
૨૬૩૫-૫૦	શ્રી રમણીકભાઈ હીરાભાઈ મીસ્ત્રી	
૪૨૦-૦૦	શ્રી નારણભાઈ નાનજીભાઈ ટાંક	
૧૦૫૦-૦૦	શ્રી વાડીલાલ નાનાલાલ સોની	માંડવી (કચ્છ)
૨૬૨-૫૦	શ્રી હિતેષકુમાર મોહનભાઈ સરધારા	રાજકોટ
૨૧૦-૦૦	શ્રી કાનજી રૂડા મેપાણી	સુરજપર (કચ્છ)
૧૦૫-૦૦	શ્રી ખીમજી લાલજી કેરાઈ	
૧૦૫-૦૦	શ્રી રાણાભાઈ અરજણભાઈ ખોખરીયા	ગુદાડા
૨૬૨-૫૦	શ્રી પરબત કાનજી રાધવાણી	બળદીયા (કચ્છ)
૧૦૬૦-૫૦	શ્રી શામજીભાઈ નાનજીભાઈ મેપાણી ઉમરાણીયા	માધાપર (કચ્છ)
૧૦૫૦-૦૦	શ્રી દિનેશ જગજીવનદાસ ઉમરાણીયા	લીંબડી
૨૬૨-૫૦	શ્રી સવિતા વાલજી હાલાઈ	કોડકી (કચ્છ)
૨૭૩-૦૦	શ્રી કેયુર	ભુજ
૧૧૧૧-૦૦	શ્રી રાજેશકુમાર ઈશ્વરલાલ પિત્રોડા સી-૩ નીલકંઠ રેસીડન્સી ફલેટમાં રહેવા ગયા તે નિમિત્તે, શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે	નારણપુરા-અમદાવાદ
૧૦૧-૦૦	શ્રી રીટાબેન જયંતીભાઈ મોદી નવી ઓફિસ કરી તે નિમિત્તે	મલાડ-મુંબઈ
૧૦૦-૦૦	શ્રી વૈશાલીબેન વિજયભાઈ ટાંક પરીક્ષામાં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે	(જીરાગઢ) મુંબઈ
૨૫૧-૦૦	શ્રી જયંતીભાઈ રામભાઈ પટેલ ચિ. શ્રી કલ્પેશભાઈના ચિ. ધ્રુવ અને ચિ. તેજેશભાઈના ચિ. શ્લોકની તા. ૧૧-૫-૦૮ના બાબરી ઉતરાવી તે નિમિત્તે	નારોલ
૧૦૧-૦૦	શ્રી કૈલાશબેન અજયકુમાર ડિડોંર ઓપરેશન સફળ થયું તે નિમિત્તે	વડોદરા
૧૦૧-૦૦	શ્રી પંકજકુમાર કાંતિલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	ખેરોલ
૧૦૧-૦૦	શ્રી ઘનશ્યામભાઈ નરસીભાઈ બગડીયા શ્રીજી પ્રસન્નાર્થે	વાડીનાર
૨૦૧-૦૦	શ્રી કેવિન પ્રકાશ ભાનુભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦	દેવ કેતનકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	(ખેરોલ) નરોડા
૨૦૦-૦૦	શ્રી વિપુલ લાલજીભાઈ પટેલ ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે	અડાલજ
૧૦૧-૦૦	શ્રી કાંતિલાલ ગાંડાભાઈ પટેલ નવું મકાન બનાવ્યું તે નિમિત્તે	અંબાળા
૩૦૩-૦૦	શ્રી જીતેન્દ્ર દશરથલાલ કાછીયા ચિ. સ્મિત ધો.૫ માં પાસ થયા તથા ચિ. ધ્રુવ સીનીયર કે.જી.માં આવ્યા અને જાગૃતિબેન અને જીતેન્દ્રભાઈની લગ્ન તિથિ નિમિત્તે	મલાડ-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી શ્રેયાબેન કેતનકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	(ખેરોલ) નરોડા
૨૦૧-૦૦	શ્રી લાભુભાઈ વી. પરમાર ચિ. દિવ્યરાજ ધો.-૧૧ અને ચિ. કુલદિપ ધો.-૭ માં પાસ થયા તે નિમિત્તે	(બળોલ) મોરબી
૧૦૧-૦૦	અનિ. સતિષચંદ્ર રમણલાલ પટેલ પુણ્યતિથિ નિમિત્તે	હાંસોલ
૧૦૧-૦૦	શ્રી પરેશકુમાર હસમુખલાલ મોદી સગાઈ થઈ અને નોકરી મળી તે નિમિત્તે	મહેસાણા
૧૦૧-૦૦	શ્રી દિશાંત જગદીશભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	નરોડા (ખેરોલ)
૧૦૧-૦૦	શ્રી રતનશી લક્ષ્મીદાસ વધણ શ્રીજી પ્રસન્નાર્થે	કલ્યાણ-મુંબઈ
૧૦૧-૦૦	શ્રી તુલસીભાઈ છગનલાલ ચિ. વિક્રમની બાધા નિમિત્તે	ડીસા
૧૦૧-૦૦	શ્રી અનીલભાઈ અમથાલાલ મહેતા શ્રીજી પ્રસન્નાર્થે	સેટેલાઈટ
૧૦૧-૦૦	શ્રી પટેલ રણછોડભાઈ દેવજીભાઈ પતિ-પત્નિ બન્નેને અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે	આણંદપુરા (ભાલવાળા)
૧૦૧-૦૦	શ્રી કલ્પેશકુમાર ભલાભાઈ પટેલ નરોડામાં નવુ મકાન રાખ્યું તે નિમિત્તે	કનીપુરવાળા

અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી		
તિથિ	રસોઈ આપનારનું નામ	ગામ
ચૈત્ર સુદ-૪	પ.ભ. જીતુભાઈ વી. ગાંધી	મુંબઈ
ચૈત્ર સુદ-૮	અનિ.પ.ભ. મણીલાલ કુબેરદાસ પટેલ	
	પ.ભ. પંકજભાઈ મણીભાઈ પટેલ	
	શ્રી નરનારાયણદેવ ઉત્સવ મંડળ (પટેલ મનુભાઈ) (હ. રાજુ સ્વામી- અમદાવાદ)	ગામ ઝુંડાલ
ચૈત્ર સુદ-૯	પ.ભ. ઘનશ્યામભાઈ ભૂલાભાઈ પટેલ (રામનવમીએ ફરાળની સેવા)	કનીપુરવાળા
ચૈત્ર સુદ-૧૦	અનિ. પૂજ્યશ્રી પ્રફુલકુમાર આર. દ્વિવેદી (હ. હજુરી પાર્ષદ વનરાજ ભગત)	
	પ.ભ. હંસાબેન ટી. પટેલ	
	પ.ભ. પટેલ દિપકભાઈ કાનજીભાઈ	
ચૈત્ર સુદ-૧૨	પ.ભ. વાલબાઈ હિરજી વેકરીયા (હ. મનજી કાનજી)	
ચૈત્ર સુદ-૧૩	પ.ભ. ગં.સ્વ. ચંદનબેન ચુનીલાલ શાહ	
	પ.ભ. અંકિતકુમાર ગીરીશભાઈ પટેલ	ઉવારસદ-નરોડા
	પ.ભ. વિરબાઈ લાલજી (હ. લાલજી રામજી)	
ચૈત્ર વદ-૧	પ.ભ. રમણભાઈ કાળીદાસ ઠક્કરના સ્મરણાર્થે	
ચૈત્ર વદ-૩	પ.ભ. ધનજીભાઈ રામજીભાઈ	
ચૈત્ર વદ-૪	અનિ.પ.ભ. અમૃતલાલ સોમનાથ જાની	
ચૈત્ર વદ-૫	અનિ.પ.ભ. નિર્મળાબેન શાંતિલાલ ઠક્કર	
ચૈત્ર વદ-૭	પ.ભ. દિનેશભાઈ માણેકલાલ મોદી	
	પ.ભ. સરોજબેન વિરેન્દ્રભાઈ દવે	
ચૈત્ર વદ-૧૦	અનિ. પૂજ્યશ્રી પ્રફુલકુમારની શ્રદ્ધાંજલિ નિમિત્તે (હ. પ્રહલાદભાઈ વી. પટેલ)	કરજીસણ-અમેરિકા
ચૈત્ર વદ-૧૩	પ.ભ. ધીરૂભાઈ નારણભાઈ પટેલ	
	પ.ભ. ડાહ્યાભાઈ અંબાલાલ	વડુ
ચૈત્ર વદ-૧૪	અનિ.પ.ભ. ધનલક્ષ્મીબેન મનહરભાઈ પટેલ	અમદાવાદ
	પ.ભ. રમણલાલ મણીલાલ ભાવસાર	
	પ.ભ. જુગલદાસ નરસિંહભાઈ દેવડા	વિજાપુર
	પ.ભ. ચંદ્રકાંત કાંતિલાલ મોદી	

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ : શ્રી નરનારાયણદેવના ઓચ્છવીયા પ.ભ. શ્રી નારણદાસ વ્રજલાલ સોની તા. ૨૧-૪-૨૦૦૮ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. વરસો પર્યન્ત જેમણે શ્રી નરનારાયણદેવ સમક્ષ ઓચ્છવ કરીને શ્રી નરનારાયણદેવ સમક્ષ જીવન અર્પી દીધું હતું. તેમના અક્ષરવાસથી ઓચ્છવ મંડળને ન પુરાય તેવી ખોટ પડી છે.

માણસા : પ.ભ. ગજરાબેન અમૃતલાલ મોદી તા. ૨૮-૪-૨૦૦૮ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મેઘાણીનગર : ગં.સ્વ. અંબાબેન ભવાનભાઈ ગોંડલીયા તા. ૯-૩-૨૦૦૮ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

નારણપુરા (તા. કડી) : પ.ભ. ગોવિંદભાઈ ભુદરદાસ પટેલ તા. ૧૨-૫-૦૮ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

ઉવારસદ : પ.ભ. વિનોદભાઈ પરસોત્તમદાસ પટેલ તા. ૧૬-૫-૦૮ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.


સંપાદક, મુદ્રક અને પ્રકાશક : મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.


















૧. મૂળી મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના ચંદનના વાઘાના અલૌકિક દર્શન.

૨. શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણમહારાજના પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ દર્શન.

૩. નાથદ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પારાયણ પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી.

૪. કોલોનીયા (અમેરિકા) આપણા મંદિરમાં શ્રી નરનારાયણદેવના ફુલના વાઘાના અલૌકિક દર્શન

૫. મહેસાણામાં નિર્માણાધિન શિખરબધ્ધ ભવ્ય મહા મંદિરની તસવીર.

૬. શ્રી સ્વામિનારાયણ મંદિર મેઘાણીનગરમાં રાત્રી પારાયણ પ્રસંગે કથા-શ્રવણ કરતા ભક્તજનો.


Registered under RNI-No-GUJGUJ/2007\20221 "Permitted to post at
Ahd PSO on 11th every month under postal Regd. No.GAMC 003 issued SSP Ahd Valid
up to 31-12-08 Licenced to Post without pre payment No.CPMG/01/08-09 valid up to 30/5/2009



1



2




3



4



5





6

(૧.) પ.પૂ. મોટા મહારાજશ્રીના દિવ્ય સંકલ્પ શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમના દિવ્ય પરિસરમાં શ્રીમહાવિષ્ણુયાગની આરતી ઉતારતા પ.પૂ. મોટા મહારાજશ્રી અને ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી. (૨.) સર્વોપરિ શ્રીહરિ ને યજ્ઞ કરવા બહુજ ગમતા અને મોટા મહાવિષ્ણુયાગ કરીને હજારો બ્રાહ્મણોને જમાડી તૃપ્ત કરીને મોટી દક્ષિણા આપી રાજી કરતા. તેજ રીતે પ.પૂ. મોટા મહારાજશ્રીએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ભવ્ય પરિસરમાં શ્રી મહાવિષ્ણુયાગનું આયોજન કરીને તેમાં સ્વયં બિરાજ્યા અને વિપ્રોને દાનદક્ષિણા આપી ખૂબ રાજી કર્યા. આ પ્રસંગે દર્શન આપતા પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી. (૩.) શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં શ્રી મહાવિષ્ણુયાગ પ્રસંગે રાત્રીનાં ‘કીર્તનભક્તિ’ કાર્યક્રમમાં અલૌકિક દર્શનનું સુખ આપતા શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો. (૪.) સત્સંગની ભાવિ પેઢીને સત્સંગનું વિશેષ પોષણ મળે તે માટે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આપણી ટર્ફ સ્કુલમાં બોપલ બાળમંડળના બાળકો સાથે ક્રિકેટમેચનું આયોજન કર્યુ હતું. જે પ્રસંગે બાળકો સાથે બિરાજીને દર્શન આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (૫.) જોડીયા (મૂળીદેશ) ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરના પુનઃ નિર્માણનું ભૂમિપૂજન કરતા પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી. (૬.) જીરાગઢ (મૂળી દેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ‘સર્વજીવ હિતાવહ મહોત્સવ’ પ્રસંગે શ્રી રોકડીયા હનુમાનજી દાદાની આરતી ઉતારતા પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી, જીરાગઢ મંદિરમાં સભામાં દર્શન આપતા પ.પૂ.ધ.ધુ આચાર્ય મહારાજશ્રી.

Shreeji Art (079) 26580916, 9879606686